શ્રી સદ્ગોર ઈમામશાહ, તથા નાયાકાકાનો સંવાદ

અર્થાત

પ્રેમ પાઠ.

લેખક :
સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી).
મુ. પીરાણા.

પ્રકાશક :
સૈયદ શમ્સદીન બાવાસાહેબ તથા
મુખી કાનજીભાઈ રત્નાભાઈ મુ. પીરાણા.

ઈ.સ. : ૧૯૫૮ સંવત : ૨૦૧૪
આવૃતિ : ચોથી પ્રત : ૧૦૦૦

શ્રી સદ્ગોર ઈમામશાહ, તથા
નાયાકાકાનો સંવાદ

અર્થાત

પ્રેમ પાઠ.

લેખક :
સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી).
મુ. પીરાણા.

પ્રકાશક :
સૈયદ શમ્સદીન બાવાસાહેબ તથા
મુખી કાનજીભાઈ રત્નાભાઈ મુ. પીરાણા.

ઈ.સ. : ૧૯૫૮ સંવત : ૨૦૧૪
આવૃતિ : ચોથી પ્રત : ૧૦૦૦

realpatidar.com

શ્રી સદ્‌ગોર ઈમામશાહ, તથા
નાયાકાકાનો સંવાદ.

અર્થાત

પ્રેમ પાઠ.

લેખક :

સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી).

મુ. પીરાણા.

પ્રકાશક :

સૈયદ શમ્સદીન બાવાસાહેબ તથા
મુખી કાનજીભાઈ રતનાભાઈ મુ. પીરાણા.

ઇ. સ. : ૧૯૫૮ — સંવત : ૨૦૧૪

આવૃત્તિ : ચોથી — પ્રત : ૧૦૦૦

પ્રસ્તાવના

મારા પ્રિય સ્નેહી વાચક વિરાઓ ! આ પુસ્તક છપાવવાનું જે સાહસ કર્યું છે, તે ધર્મની ઉન્નતિ ઈચ્છવા, અને પ્રિય ધર્મિભાઈઓથી પુરાતન વિષય ગુપ્ત હતો, તે પ્રગટ કરવા.

આ ગ્રંથમાં જેટલા પદો છે, તેટલા તમામ ગરબી, ગરબા, રાસ વિગેરે રાગોમાં છે. કેટલાક પદ તો બૈયરા લોકો ગરબામાં ખાસ ગાઈ શકે તેવા છે, જેથી લોકોને પ્રિય થાએ તેમ છે. આત્મજ્ઞાનનાં બોધનો ભંડાર છે, તેમ બન્ને પક્ષ બરાબર ધરાવે છે, એથી વાચકોને પ્રિય લાગશે.

શુદ્ધ લખાણ નહિ હોય ! કારણ મુને લખવાનો મહાવરો નથી, છતાં લેખનું મુળરૂપ ને રહસ્ય સાચવવા મેં પ્રયત્ન કર્યો છે.

શ્રી ઈમામશાહ બાવાનાં ખાસ સેવકો જે સેવામાં હાજર રહેતા હતા તેમનાં દરેકનાં વર્ણનનો અવકાશ મળે, શ્રી ઈમામગોરની પ્રેરણા હશે તો અવાર નવાર છપાવીશું.

ભૂલચુક સુધારી વાંચવી, પુન્ય ભાગમા મળવા વિજ્ઞતિ છે.

હમારા વડિલ શ્રી નરનાથ હજરત પીર ઈમામ સૈયદ અશરફશાહ સાહેબ જેમનો રોજો હાલ ધોળકામાં છે, તેઓશ્રીનું વર્ણન દિલ્હીનાં ઔરંગજેબ બાદશાહથી ધાર્મિક વિનોદે થએલું અને કરામતની કશોટીની દૃશ્યે પ્રગટેલું તે છપાવી પ્રગટ કરવાની આશા છે. તે શાહ પીર પુર્ણ કરો.

લેખક :—શુભેચ્છક 'ખાકી'

વિશેષ સૂચના.

હું અજ્ઞાન પણ શુદ્ધ ભાવાર્થી, અલ્પ અભ્યાસી પણ સત્સંગનો લોભી, લખવાની ટેવ નહિ હોવા છતાં ઉમ્મંગી, તેથી આ પુસ્તક લખવા સાહસ કર્યું છે, તો તે વિષે તેમાં રહેલી ભૂલો માટે સુજ્ઞ વાચકો પાસે માફી માગું છું, કારણ લેખમાં ભૂલો વિશેષ હશે, તો તે વાંચતા શુદ્ધ વાંચવું.

શુદ્ધ ને સરળ લખવાનું કામ લેખક, અને પણ્ડિત વર્ગનું છે. આજદિન સુધી પુસ્તક કોઈ આ વિષયનું છપાઈ બાહેર પડેલું ન હોવાથી, તેમજ લખેલા પુસ્તકો મોંઘા વેચાયે, જેથી તેનો બહોળો પ્રચાર ન થાએ, એ હિતાએ છપાવ્યું છે. સર્વ ભાઇઓની સુગમતાને કારણે, કે સસ્તું મળવાથી દરેક જણ એનો લાભ લઈ શકે. અવકાશ મળેથી બીજા છુટા પદો છપાવીશું. ગ્રંથ તૈયાર છે. ગજલ, ગરબા, ધોળ, ગરબીયો, સંદેસા, પ્રભાત. આદિ રાગોમાં છે. તેમાં વિવેક વૃત્તિનો સંવાદ મુખ્ય ભાગ ભજવે છે.

લેખક.

શુભેચ્છક "ખાકી"

હઝરત પીર ઈમામશાહ બાવાની ઓલાદનો

સારાંશ.

પંજાબ પ્રદેશમાં મુલતાન (ઉચ્ચ) નાં રહેવાશી હઝરતતપીર સૈયદ કબીરોદ્દીન વા. સદરોદ્દીન સાહેબના અઢાર (૧૮) દીકરા તેમના નામ આ પ્રમાણે છે.

૧ ઓલિયા અલિ, ૨ નુર સાબિતઅલી, ૩ કશીરોદ્દિન, ૪ આલમશાહ, ૫ આદીલશાહ, ૬ નુરમહમ્મદ, ૭ સેહબારઅલી, સમસાઇલિં, ૯ જાફરઅલી, ૧૦ રેહમતુલ્લાહ, ૧૧ ઇસ્લામ શાહ, ૧૨ દુર્વેશઅલી. ૧૩ ફેર્માં નોદ્દીન, ૧૪ ઇસરાઇલ, ૧૫ શેરઅલી, ૧૬ કલંદરશાહ, ૧૭ બાલા બલંદ, ૧૮ હઝરત પીર ઇમામશાહ સાહેબ. એ અઢાર દીકરાને ૧૯ માં એક દીકરી બાઇ બુઢાઈ સાહેબ અર્થાત બીબી બડી બીબી સાહેબ નામના હતા.

શ્રીમાન હઝરત પીર કબીરોદ્દીન સાહેબનાં અન્ય દીકરાઓ તેઓશ્રીનાં મરણુસમે એટલે સંવત ૧૫૦૫નાં કારતક વદિ ૪ માહે રબિયુલ્લ આખરની તા. ૧૭ મીને દહાડે હાજર હના, પણ શ્રી ઈમામશાહ સાહેબ ફક્ત પિતાશ્રીની આજ્ઞાથી ગુજરાત જવા નીકળેલા હોવાથી ન હોતા, પણ આશરે ૨૦૦–૨૨૫ ગાઉ દુર કશમોરા શહેર પાસે " કોટલી " ગામમાં રાત હતા, ત્યાં પોતાના પિતાશ્રીનાં અવશાન કાળની જાણુ અંતરજામી પણે થઈ. પોતે ત્રિકાળ જ્ઞાની જન્મ કાળથીજ હતાં. ગામ લોકોને પિતાશ્રીની અમ્મર લોકની લિલા શ્વિકારવાની ખબર આપી, શિષ્ય મંડલમાંથી કેટલાક (૪૦) સજ્જનો સાથે લેઈ રવાના થઇ, તુર્તા તુર્ત ઉચ્ચ શહેરમાં આવી પહોંચ્યા. તેમાં વાર ફક્ત એટલીજ થઈ, કે શિષ્યો તૈયાર થઇ ઘેરથી આવ્યા, એટલીજ. તેટલામાં પોતે સંઘ સાથે આવી પોહોંચ્યા શ્રી પીર કબીરદિન સાહેબનાં સબની ક્રિયા વીધી કરી, જનાજામાં સુવાડી શહેરના નાકા સુધી લેઇ આવેલાં, કબરસ્તાને પહોંચાડવા.

શ્રી ઈમામશાહ સાહેબે શેહરનાં નાકા આગળ જ સામા આવી મળી પિતાશ્રીનાં જનાજાને રોકાવ્યો. શ્રી પીર કબીરદ્દીનના જનાજા સાથે ઉંચ્ચનાંને મુલ્તાનનાં મોટા મોટા ગૃહસ્થો, પવિત્ર પુરૂષો આદી ઘણાજ

માણસો, ૧૭ ભાઇઓ, આદિ કુટુંબ સહ હતા. તેઓ કાંઇ સમજી શકયા નહિ; શ્રી પીર ઇમામશાહ સાહેબને જનાજો અધવચમાં રોકવાનું કારણ પુંછવા લાગ્યા. સાથે સાથે શિખામણ પણ દઇ લીધી, કે આમ રસ્તામાં જનાજો ન રોકાએ ! તેના જવાબમાં શ્રી પીર ઇમામશાહ સાહેબે ફરમાવ્યું, કે પિતાશ્રીની મીલ્કત વહેંચાઇ ગઇ, પણ મારી પાંતી (હીસ્સો=ભાગ) મુને મળેલ નથી, તે લેવી છે. જનસમુહ વિસ્મય પામી શ્રી ઇમામશાહ બાવાને ઘણી રીતે સમજાવી જનાજો ઉપાડી કબરસ્તાને લઇ જવા પ્રયત્નો કર્યા, પણ સર્વે વ્યર્થ ગયા, તેવામાં એક હેરત પમાડે તેવું (આશ્ચર્ય પમાડે તેવું,) મહાન અદ્ભુત ચમત્કાર જોવામાં આવ્યો. તે એકે, શ્રી પીર કબીરદ્દીનનાં સએ જનાજામાંથી હાથ કાઢી, તે હાથે માળા શ્રી પીર ઇમામશાહ સાહેબને અર્પી. તેથી શ્રીજીને સંતોઝ વળ્યો નહિ, વિશેષ બીજું કાંઇ માંગવાની આકાંકશા ચાલુ રાખી, ત્યારે શ્રી પીર કબીરદ્દીન સાહેબે પ્રત્યક્ષપણે જનાજો ફાડી, મુખ બહાર કાઢી, ને માંહેથી સર્વનાં જોતાં શાકર કાઢી, શ્રી પીર ઇમામશાહ સાહેબનાં હાથમાં અર્પિ, શ્રીજી તુરત આરોગી, જનાજો ઉપાડી કબરસ્તાને જવા રવાના થયા. પિતાશ્રીની દફન ક્રિયા સ્વહસ્તે કરીને

સાથે જે સેવકો આવેલા તેઓને પણ સાક્ષાત દર્શન કરાવ્યા, ને પોતે કેટલોક સમય કબરસ્તાનમાંજ ગાળ્યો.

શ્રી સદ્ગોર પીર સુદરદિન સાહેબ જ્યારે બાર ક્રોડીનો ભરણુ લેઇ, શાહદર્ગે પધારેલાને સાથે શ્રી પીર કબીરદિન સાહેબ પણ બાળ રૂપે હાજર હતા, તે સમયે અનંત ક્રોડીના તારણનો વર પામેલા, તેનો ખુલાસો શ્રી શાહોજીએ કરેલો; તેના પ્રતિપાદનાર્થે શ્રીપીર ઇમામશાહ સાહેબ શાહદર્ગે પધારવાના હતા, પણ શ્રીજીનાં વડીલ બેન શ્રી બાઇ બુઢાઇ સાહેબ, પિતાશ્રીની આજ્ઞાધિન રહી શ્રીજીનાં શિષ્યા થવા અરદાશ કરેલી, શ્રી બેન સાહેબને સત્પંથ-નો ભેદ સમજાવવા પોતે ચાલીશ દીવસ રહી, સંવત ૧૫૦૫ ના પોષ માસે રવાના થઇ ગયા. સંવત ૧૫૦૬ માં શાહની કળા મેળવી, સ્વર્ગ રમણ કરી આવ્યા બાદ, 'ઉચ્ચે' પધાર્યા. એ અરસામાં જોગીઓ સાથે સંવાદ થયો, જેથી જોગી શિષ્ય થયાને; સવામણ મુદ્રિકાઓ ઉતારી. તે વચનામૃતોનું "યોગ વાણી" નામ અપાએલું છે. યોગીઓ ને ગોર અને નરની એ બન્ને કળા પોતે સ્વશરીરમાં બતાવી સિદ્ધ કરી આપ્યું. એવી રીતે આનન્દ વર્તાવતા વર્તાવતા ગુજરાત ભણી પધારવા રવાના થયા.

ઇ સ. ૧૪૫૪માં શ્રીજી દિલ્હી પધારેલા, મુકામ મુગલવાડામાં શાહદુલ્લાખાનની મસીતમાં રાખેલો ત્યાં પણ લોદી ઇબ્રાહિમ બાદશાહને જ્ઞાનામૃત પાઇ કરામત બતાવી હતી, ને ત્યાંના કાજીનાં મનનો ભેદ સમજી પ્રત્યક્ષ કહેલું. સાથે મસીતમાં નિમાજ પઢાવતાં મસીતના બન્ને મુનારા (ટોડા) નમાવી દીધા, જે માંહેલો એક મુનારો હાલ એક સિદ્ધો છે, ને એક વાંકો છે. "મન મેરા મુસલ્લાહને શાહ મારો કાજી," એ જ્ઞાન એ સમયે કહ્યું છે.

ત્યાંથી આગળ ચાલતાં બુહાનપુર તરફ લાછોરા ગામે કેટલાક પરછા બતાવ્યા, કાશી બતાવી, જનોઇયો ઉતરાવી, દાંગના વનમાં પધાર્યા. ત્યાં નાયાકાકા, કોળી, મળ્યા, તેમને સાથે લીધા, અમદાવાદ પધારી, મહમ્મદ બેગડા સુલ્તાનને મળ્યા, મહમ્મદબેગડે પણ શ્રીજીની કરામત જોવા ચેષ્ટા કરી ચાડા કાઢયા હતા, ત્યાં પોતે ઇમામતની સાન સાફ (પ્રત્યક્ષ) દેખાડી દિધી, જેથી બાદશાહે પોતાના પવિત્ર પુત્રી, શ્રી આદ્ય શક્તિનો અવતાર બીબી બુઝરૂક બેગમ સાહેબનાં લગ્ને કરી શ્રીજીનાપવિત્ર કુળ દિપક શ્રી નર નાથ ખુદાવિંદ ઇમામ શ્રીનરઅલી મહમ્મદશાહ સાહેબને અર્પ્યા, (પરણાવ્યા) તેજ હરિવોંશની જન્મદાત્રી પ્રગટ થયા.

એ સમયમાં શ્રીજી કોચરબ પધારવાના હતા ને નદીમાં પાણીનું અતી વેગવંત પૂર હતું. નદીમાં નાવ ફરતી હોવાથી નાવે માણુસ પાર થતા. શ્રીજીસાહેબે નિજામાને પોતાની વ્હેલ નાવમાં પ્રથમ લેવા ફર્માવ્યું. નિજામે આનાકાની કરી. જેથી ગાડી પાણીમાં હાંકી નદિ પાર કરી, નિજામાની ભરમનાઓ ભાંગી, કોચરબ આવી બાર વર્ષ રહ્યા છે.

ત્યાંથી ગીરમથે શ્રીજી પધાર્યા, તે સમયે ત્યાં ભયંકર સાત દુકાળી દુષ્કાળ હતો. પણ શ્રીજીએ દયા કરી વર્ષાદ વર્ષાવી, લીલા લહેર કરી, દીધી, અને પીરાણું ગામ પોતાનું સ્થાન પોતે વસાવ્યું, જે આ ચોથા યુગનું છેલ્લું ધામ નિર્માયું.

શ્રી પીર ઈમામશાહ સાહેબના માતુશ્રીનું નામ, આરેફા ખાતુન હતું, ને તેઓ શ્રી હરિવંશિ સૈયદની પુત્રી હતા.

શ્રીજીના ઘરમાં સ્વસ્ત્રીબીબી માતા ફાતમાં સાહેબ (અજાયબ ખાતુંન) હતા, ને તેઓ શ્રી સૈયદ મહમ્મદ બુખારી (પીર ભડીયાદ) ની પવિત્ર પુત્રી હતા. તેઓ શ્રીના પવીત્ર ઓદરેથી ૪, પુત્રને એક પુત્રીએ જન્મ લીધો છે. ૧ શ્રી સાહેબ, તેમનો રોજો પાટણમાં, સરસ્વતિ નદિ તીરે ઘેલા ભગવાનને આરે હતા.

પણ કોઇ કાળમાં પાણી પૂરમાં આવવાથી તણાઇ ગયો છે. પણ સંવત ૧૭૫૫ માં નવો, છિલ્લો સત્પંથિયો એ કર્યો છે. ૨ શ્રી બાલે શાહ સાહેબ, (ઉર્ફે નિઝાર શાહ) તેમનો રોજો ખંભાતે નારંગસર તલાવ કાંઠે છે. તેમની જોડમાં રોજામાંજ એક બીજી કબર તેઓશ્રીની બેન બીબી શમ્મશ ખાતુનની છે. ને તે બાલા બાલીનો રોજો પણ કહેવાય છે. ૩ શ્રી બાકરશાહ સાહેબ, એમનો રોજો અમદાવાદમાં સારંગપુર દરવાજા બહાર છે. ૪ શ્રી નર નાથ ખુદાવિંદ ઇમામ શ્રી નરઅલી મહમ્મદશાહ સાહેબની કબર પીરાણે રોજામાં પોતાના પિતાશ્રીની જોડમાં શ્રીજીની કબરની પશ્ચિમ બાજુએ છે.

શ્રી ઇમામશાહ સાહેબનો વૌંશ શ્રી નર અલીમહમ્મદ શાહ સાહેબથીજ રહ્યો છે. શ્રી ખાલક શાહ, શ્રી બાલે શાહ, શ્રી બાકરશાહને શ્રી શમ્મશ ખાતુન બાઇ સાહેબ. એ ચારે સાહેબો બાળ વયમાંજ અમર લોકની લીલા સ્વિકારી ગયા છે.

શ્રી ખુદાવિંદ નરઅલી મહમ્મદશાહ સાહેબના ઘરમાં આદ્યશક્તિ પરણેત બીબી બુઝરૂક બેગમ સાહેબજ હતા. બાકી બીજી બે દાસિયો હતા, ૧ શ્રી પરમા બાઇ સાહેબ, ૨ શ્રી જમાલબાઇ સાહેબ. ૧ શ્રી બુઝરૂક બેગમ સાહેબને બે દીકરાથી વંશ રહેલો છે. ૨ પરમા

માઇ સાહેબને એક દીકરાથી વૌંશ રહેલો છે, ૐ: શ્રી જમાલબાઈ સાહેબને દીકરો યા દીકરી કાંઇ: રહ્યાજ નહોતા.

શ્રી બુઝરૂક બેગમ સાહેબ મહમ્મદ બેગડો અમદાવાદના સુલ્તાનની દિકરી. (૨) શ્રી પરમાંબાઈ સાહેબ ને શ્રી જમાલબાઇ સાહેબ પોચાકાકાની દિકરીઓ થાએ.

શ્રી બુઝરૂક બેગમ સાહેબને દિકરાઓમાં રહેલો: વૌંશવાલા સૈયદો, શ્રી શાહોજી ઇમામ શહાબોદીન સાહેબ, તથા સૈયદ પીરમુસ્તુફા સાહેબ, જેમનાં વૌંશજો જલાલશાહી, અને નુરશાહીના નામે કુટુંમ્બો થયા છે. પણ તે પ્રગટપણે ઇમામશાહીજ ગણાએ છે.

શ્રી પરમાંબાઇ સાહેબને એકજ દિકરાથી વૌંશ રહ્યો છે, જેમનું નામ સૈયદ ખાન છે. અને તેમનાં વૌંશજનો સૈયદ ખાની, નામથી ઓળખાય છે. સૈયદખાની સૈયદનું શ્રી પીરઇમામશાહ સાહેબના રોજામાં, દરબાર અને કોઇબી પ્રકારના હકોમાં, કોઇબી પ્રકારનો હકક. હિસ્સો, કે ઇલાકો, કે કબજો નથી.

શ્રો પીર ઇમામશાહ સાહેબ, તેમના શ્રી નરઅલી મહમ્મદશાહ, તેમનાં શ્રી ઇમામ શાહ શહાબોદીન સાહેબ, તેમના શ્રી ઇમામ શાહ જલાલોદીન સાહેબ, ના વૌંશજનો જલાલશાહી સૈયદ થયાં.

શ્રી શાહબોદ્દીન સાહેબના નાનાભાઇ શ્રી મુસ્તુફા સાહેબ,ના દિકરા નુરશાહ સાહેબ થયા, તેમના વંશજો નુરશાહી કેહવાયા

સૈયદ શ્રી ઇમામ શહાબોદ્દીનના. સૈયદ શ્રી ઇમામ જલાલોદ્દીનના, સૈયદ શ્રી ઇમામ મુર્તુઝાશાહ,ના ઇમામ સૈયદ શ્રી અશરફશાહ સાહેબ થયા. એમણે શાહનુનુર દિલ્લીના બાદશાહ ઔરંગઝેબના દરબારમાં પ્રત્યક્ષ દેખાડયું હતું. હિ. સ. ૧૦૭૬ માં. પોતાને ત્યાં ઘણા સંકટો વેઠી કાર્ય કરવા પડયા હતા,ત્યાં સુધી, કે અગ્નિના મોટા ઢગલા ઉપર લોઢાનો તવો રાખી, તે અતીશે ઉનો થયા પછી, પોતાને તે ઉપર ઉભા રહેવું પડયું. સાથે ધાર્મિક વાદ વિવાદ પણ ઘણો થયો હતો. બાદશાહે તેઓશ્રીને સજ્જાદગી (ગાદી નશીનીના) દસ્તાવેજો,ના ફર્માનો આપ્યા, અને પિસ્તાલીશ વિઘા જમીન પીરાણા ગામ તળની બક્ષીસ આપી. તેઓશ્રીનો રોજો ધોલકામાં છે. તેમનાં દિકરા પીરસૈયદ અબ્બાસઅલી (અબાસી-મીયાં), તેમના દિકરા પીર સૈયદ બડામીયાં. તેમના દિકરા સૈયદઅલી મીયા,તેમના દિકરા સૈયદ બાવાસાહેબ, તેમના દિકરા સૈયદ અલીમીયા, તેમના દિકરા સૈયદ અહમદઅલી, તેમના દિકરા સૈયદ બાવાસાહેબ, " હાલ કાયમ. "

લેખક પોતે.

શ્રી પરમાત્માની દયાનો આશાવંન્ત.

આ ટુંક વર્ણન શ્રી ઈમામગોરની વૌંશનો છે. વશેષ ખુલાશો જેને જરૂર, હોય ? તેણે રૂબરૂ મળી કરી લેવો. આ ટુંક હાલ તો ફક્ત સત્પંથિયોને જાણવા માટેજ લખ્યો છે.

જલાલશાહી તથા નુરશાહી, પ્રગટ રીતે જેને ઇમામશાહીજ કહેવાએ છે, તે સૈયદોનો શ્રી સદ્ગોર હજરત પીર ઈમામશાહ સાહેબના દરબારમાં હક્ક, હિસ્સો, કબજો, વિગેરે છે. ને વૌંશના સૈયદો પીરાણા, કાનમ, પિટલાદ, સુરતમાંજ વશેલા છે. થોડાક અમદાવાદમાં રહે છે.

લી૦ સયદ બાવા સાહેબ અહમદઅલી
ના આશિર્વાદ.

સંવત ૧૯૬૨ ના આસો સુદી ૨ જે લખાણ પૂર્ણ કરી લક્ષ દેવરાવું છું કે, સર્વ વાચક વિરો ! લેખકને દુઆ આશિષથી સંભારી એના હક્કમાં એટલું કેહજો કે, જે આશાએ લેખ લખ્યો છે, તે આશા શ્રી ગોરનર પૂર્ણ કરે.

આમીન.

ૐ

સત્પંથનું સ્વરૂપ.

(૧) ટેક, (૨) પ્રતીજ્ઞા, (૩) નિયમ.

(૧) સત્પંથીનિ ટેક.

(૧) સત્ય, (૨) પુરૂષાર્થ, (૩) પ્રેમ, (૪) સમાનભાવ, (૫) ક્ષમા.

(૨) સત્પંથીનિ પ્રતિજ્ઞા.

(૧) સત્પંથના સર્વ નિયમોનું શાન્તિએ સેવન કરવું. (૨) બાળકોને સત્પંથની કેળવણી અપાવવી, (૩) અંધ શ્રદ્ધાનો ત્યાગ કરવો.

(૩) સત્પંથીના નિયમ.

(૧) શરીર શુદ્ધી. (૨) હૃદય શુધી, (૩) વ્રત (૪) ઉપાસના (૫) ધ્યેય.

(૧) શરીર શુદ્ધી અર્થે, લાઇ, સુતક એટલે રજસ્વાલાથી મરણ પર્યંતના સ્નાનાદિ પ્રયોગો. શ્રી ઇમામગોરની આજ્ઞાનું કુળ ઉતરાવવા તથા પાળવા.

(૨) હૃદય શુદ્ધી અર્થે, માદક પદાર્થોનું ત્યાગ, (લસણ, ડુંગલી હીંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, ચડશ, મૌંસ, મદિરા, વ્યાજ, ગળી આદીને સર્વ પ્રકારે ત્યાગવા શ્રી ઈમામગોરના વચનાનું કુળ.

(૩) વ્રત અર્થે, શુકકરવારી બીજ અને દશાંશ. શ્રી ઈમામગોર ની વાકયનું સાર પાળવી અને દેવી.

(૪) ઉપાસના અર્થે, સંધ્યા ચારે વખતની. અને પુજા-ઘટ પાટાદિની ક્રીયા શ્રી ઇમામગોરની વાણી અનુકુળ કરવી.

(૫) ધ્યેય અર્થે, આજ પ્રચલિત સમયના ધ્યેય પુરૂષ શ્રી નિષ્કલંકી નારાયણ, તેજ પરમ નિરંજનનું નુર (રૂપ) સમજી પુરી રીતે ઈમામગોરના વચના અનુકુળ માનવું.

ૐ

નાદે અલી

(ઓ ! મહંમદ) બોલાવ અલીને; જે સર્વ સ્થાને નિત્ય નવિનતા (આશ્ચર્યતા) પ્રગટાવનાર છે. મેળવિશતું તેને મદદગાર પોતાના સારૂં સંકટમાં અને સર્વ આપત્તિઓમાં એ દુઃખો ઓગળાવી વેહુવરાવી દેશે.

" આ મંત્ર ખ્યબરના યુદ્ધના સમયે **વર્તમાનયુગના સદ્ગોર બ્રહ્મા નબીમહંમદ સાહેબ** ઉપર શ્રી પરમાત્મા તરફથી આવ્યો હતો. " " ખ્યબર " ના રાજા ' અલ્કમાં એ ' સદ્ગોરજીનું જુજ લશ્કર ! ને ખુલ્લો મ્યદાન ! જોઈ હાંશી કરી, જેથી સદ્ગોરજીએ તેને કહ્યું કે ! " પરમાત્માની આજ્ઞાથી ચાલીશ દિવસમાંજ આ ખ્યબર ઉપર ધર્મ ધ્વજ, ઉડતો થઈ જશે. "

આ બનાવને ' ૩૯ ' દિવસ વિતી ગયા, પણ ખ્યબર જીતાયું નહિ. જેથી '૪૦' માં દિવસે અલ્કમાંએ યુદ્ધ સમે ગઢની સફીલે આવી શ્રી સદ્ગોરજીની હાંશી કરીને કહ્યું ? "ઓ મહંમદ ! જો આજ ચાલીસમો દિવસ છે, તમોથી એક કાંકરો પણ લેવાયો નથી ? માટે ' આવ્યા એવા પાછા ચાલ્યા જાવ ! " નહિ તો એવા ભૂંડા હાલે મારીશ ! કે તમારી સ્થિતી જોઈ જગતના તમામ જીવો જાન, ખેચર જળચર ને ભૂચર તમારા હાલ ઉપર સર્વ રોશે !

સદ્ગોરજી એ ચેતવણીથી ચેતી, તુર્ત ઘોડા ઉપરથી ઉતરી, આસનિયું પાથરી પરમાત્માને અરદાસ કરે છે ! કે જિબરલ (અ૦) હાજર થઇ ફુરમાવ્યું ! આ યુદ્ધનો વિજય **શ્રી નિષ્કલંકી અલી સાહેબ** ને નામે નિમાયું છે. તેમને બોલાવો ! સદ્ગોરજીએ વિનંતી કરી ઓ સાહેબ ! તું સર્વ જાણે છે, શ્રી અલી મદીનામાં છે. મદીના "૧૮" દિવસના માર્ગે દૂર છે. જિબરલે (અ૦) ફરી હાજર થઇ

વિનવ્યા, કે તમો આ મંત્ર (નાદેઅલી) ત્રણવાર પઢો ! એ પધારી વિજય વાવટો ફરકાવી દેશે.

શ્રી સદ્‌ગોરજીએ આ મંત્ર ભણવા માંડયો ! ત્રણવાર ભણ્યા નહિ હોય ! કે સમરાંગણમાં **શ્રી નિષ્કલંકી "અલી"** ના દર્શન થયા. તે સમયે **શ્રી અલીના હાથમાં એજ ધ્વજ હતો !** જે 'બદર' ના યુદ્ધના સમયે હતો. એ ધ્વજ ઉપર ચિત્ર ગરૂડનો હતો.

---

૧ શ્રી વિષ્ણુનો ધ્વજ ગરૂડના ચિત્રવાળુંજ હોય છે. એ સનાતન નિયમ છે. ધ્વજ, શસ્ત્ર, અસ્ત્ર સર્વ શ્રી કૃષ્ણના શ્રી હરિવંશે, વંશે આવી જ રહ્યા હતા.

શ્રી સદ્‌ગોર ઈમામશાહ બાવાએ પણ, કળશ ઉપરથી અક્ષત ઉતારવાના મંત્રમાં, શ્રી હરી નરમોહંમદશા બાવાને સંબોધી "ગરૂડધ્વજ" ફર્માવ્યું છે.

એ ધ્વજોને એ શસ્ત્રો. અસ્ત્રો, વંશે, વંશે આવતા. હી. સં. આ સમયે હઝરત ઇમામ અઝીઝ બિલ્લાહના સમયે આ ધ્વજોના ખજાનામાં આગ લાગવાથી એમાના કેટલાક ધ્વજોનો અંત આવ્યો હતો. ફાતેમી દઅવતની તવારીખ પા. ૧૪૫.

શ્રી ઈમામશાહબાવા, તથા નાયાકાકાનો

સંવાદ.

પદ, ૧. પહેલું.

(રાગ-ગરબી.)

દાંગ મુલક અતી સારકે, વન એક શોભતું રે લોલ. ૧
તેની શોભા નઉત્તમ સારકે, જંગલ દીપતું રે લોલ. ૨
આંબો આંબલી કોઠી ઝાડકે, બીલી બાવળીરે લોલ. ૩
ખાખર કાચકી કંથાર બોરકે, ખેર અતી ઘણારે લોલ. ૪
કેરડા બેયડા ઉભા ત્યાંહીકે, સિમલા શોભતારે લોલ. ૫
મહુડા સાગશિસમનાં ઝાડકે, હળદરવા હીંચતારે લોલ. ૬
ઝુકે ઝઝુમે લીંબડા ત્યાંહી કે, પીપળ પીંપળારે લોલ. ૭
હીંગોરી ઉમ્યરા સારકે, અચણી વીંકળારે લોલ. ૮
અવળકંટી કંટાવળી ઝાડકે, ત્રાંબ વૃક્ષ શોભતારે લોલ. ૯
કેળ કદળી જાંબુ સારકે, દાઢમ લીંબડીરે લોલ. ૧૦
નારંગી ફણુસ અપારકે, સેતુત જમરૂખીરે લોલ. ૧૧
સેફ ચિકોતરા દીશેતાંહીકે, બીજોરી જુથ્થેમળીરેલોલ.૧૨

પ્રે – ૨

મોસંબી પપનસના છોડકે,પપિયા અતિ ઘણારે લોલ.૧૩
બદામ કાજુ અખરોટ સારકે,લવીંગ એળચીરે લોલ. ૧૪
ખારેકડી સોપારી તાડકે, ખજુરી શોભતીરે લોલ. ૧૫
ગુલાબ દાવદી કેવડા સારકે,ચંપા ચંબેલિયોરે લોલ.૧૬
ગુલમોર ગુલબાસ ગુંદી તાંહીકે,ગુલમેંહદી ધાવડીરે
લોલ. ૧૭
જાઇ જુઈ મોગરો માલતી ઝાડકે, વેલી ખીલી રહીરે
લોલ. ૧૮
ભાર અઢાર વનસ્પતિ સારકે, પાર ન પામીએરે
લોલ. ૧૯
વેલ ફલ ફુલના રોપકે, દીસે કંદ મુળિયારે લોલ. ૨૦
મોર પક્ષી કરે ત્યાં કલોલકે, બપિયા બોલતારે લોલ.૨૧
બોલે કોકલ મીઠા બોલકે,સુડા શુદ્ધ બોલતારે લોલ.૨૨
હંસ કબુતર હોલા અપારકે, હરિયલ ઉડતારે લોલ.૨૩
હુદ્દ હુદ્દ પક્ષી કરે ત્યાં કલોલકે, બગલા બોલતારે
લોલ. ૨૪
વાઘ વરૂ ચીતરા સિંહકે, લોંકડી લોંમડીરે લોલ. ૨૫
સાવડી સસલા ને શિયાળકે, ઉલ્લુક ઉડતારે લોલ. ૨૬
ગીધ શ્વાન ને કાગ ચોરકે, વીંઝુ દીંછડાંરે લોલ. ૨૭
ઝરણ પાણીનાં દીસે બહુકે, નદીયું ખળહળેરે લોલ. ૨૮
વન શોભા વરણીના જાએકે, પશુપક્ષી અતી ઘણારે
લોલ. ૨૯

યાં શોભે નાચાનું ધામ કે,વનમાં મહાલતારે લોલ. ૩૦
અરજી શુણજો ગોરજી સારકે, 'ખાકી'વીનવેરે લોલ. ૩૧

પદ. ૨. બીજું.

(રાગ—ગરબી.)

નાચો રમેછે વનડા માંહીકે, રમે બહુ હોંશથીરે લોલ. ૧
છેટે રથ એક દીઠો ત્યાંહીકે, આવે ઝુમતોરે લોલ. ૨
શોભા તેની વરણી ન જાએકે,જાણે રવીઉગીયોરેલોલ. ૩
ધોરી જોડયા ધોળા સારકે. હીમસી ગોટિયોરે લોલ. ૪
કળસ સોનાના ઝળકે સારકે,જગમગ જોતીયોરે લોલ. ૫
ઘુઘરમાળો ઝણકે બહુકે,વાજીંત્ર જેમ વાગીયારે લોલ. ૬
મનડું લલચાણુ નાચાનું સારકે,લૂટવા ચાલીયોરેલોલ. ૭
જઇને ઉભો સામો તાંહી કે,વેણુ મુખ બોલીયોરે લોલ.૮
કયાં રહેવું જાવું સારકે? શા કારણ આવીયારે લોલ? ૯
વન આ છે રક્ષિત સારકે,તેમાં કેમ આવીયારે લોલ? ૧૦
આજ્ઞાવિણ આવે નહિકોયકે,તમેકેમ આવીયારેલોલ? ૧૧
વણ આજ્ઞાએ આવે જેહ કે, તેને દંડદિજીયેરે લોલ. ૧૨
હમે વનરાજા છેયે સારકે, આવન માહેરૂં રે લોલ. ૧૩
કાઢો તમારા લુગડા દામકે, જરજેવર સાથનોરે લોલ.૧૪
બળદ ગાડી મેલોઆવારકે, નહિતર મારશું રેલોલ. ૧૫

કહિ તીર ચડાવ્યો ત્યાંહીકે, મન નવ ચેતીયોરે લોલ. ૧૬
ભુલ્યો નાયો તેને દિનકે,ગોર નવ ઓળખ્યારે લોલ. ૧૭
'ખાકી'નીઅરજી મનમાંધારકે,શરણે રાખજોરે લોલ.૧૮

પદ, ૩. ત્રીજું.

(રાગ—ગરબી.)

બોલ્યા ગોરજી નાયાની સાથકે, હમે વટેમાર્ગુરે લોલ. ૧
દેશથી આવી દક્ષિણ જાશું કે,તારૂંન બગાડીયુંરે લોલ.૨
મેં જાણ્યો છે ધણી એકકે, વન જંગલ તણોરે લોલ. ૩
સચરાચારી શ્રી ભગવાન કે, દેશ પૃથ્વીતણોરે લોલ. ૪
મારૂં તારૂં કેનુ નાહિ કે, ભાવી ભોગવેરે લોલ. ૫
હું પદ કરતા હણાઇ ગયાકે, ટળવળી કેટલારે લોલ. ૬
મારવું બાંધવું મનથી સારકે,જેણે ભરમાવિયોરે લોલ ૭
સરવે એક હરિ તું જાણકે, સમરથ સાથિયોરે લોલ. ૮
કરે હીંસા કપટ જારકે, ચોરી પાપિયોરે લોલ. ૯
પર નિંદા પરધનનું સુખ કે, તે દિન ચારનુંરે લોલ. ૧૦
જારે યમ પકડી જાએકે, નહિ કોય સાથીયોરે લોલ. ૧૧
કુટુંબ તારો ખાવા મળશેકે,નહિ પાપે ભાગિયોરે લોલ.૧૨
જીવ તણાઇ મરે છે જેહ કે, અબુજ અભાગિયોરે
લોલ. ૧૩

સ્વાર્થિઓ આ સંસારકે, મનથી માનજેરે લોલ. ૧૪
પરમ રાજા લેશે હિસાબકે,પુન પાપ તોળશેરે લોલ. ૧૫
પુન ઘટી તારૂં વધશે પાપકે, નરકે નાંખશેરે લોલ. ૧૬
સગું ત્યાં આડે ના આવે કે,જ્યાંજમ મારશેરે લોલ.૧૭
રોઈ રોઇ કરીશ પોકારકે,સાહેબ હું ભુલિયોરેલોલ, ૧૮
માટે તુજને ચેતાવું આજ કે, મૂક આ પાપનેરેલોલ. ૧૯
'ખાકી'દાસ તમારો સારકે, ટાળજો તાપનેરે લોલ. ૨૦

પદ, ૪. ચોથું.

(રાગ–ગરબી.)

નાયો મન સમજ્યો નહિ કે, ગોરશું બોલીયોરે લોલ? ૧
બુદ્ધિ દ્વેષની જાએ કેમ કે,સંગે વીમળોરે લોલ. ૨
કહે લુગડાં ઉતારો આંહીકે, કહી તીર તાણીયુરે લોલ, ૩
ગોરજીએ સમજાવ્યો બહુ કે,તોએ નાં માનીયુ રે લોલ ૪
સંગ વિના સત્ સંમના હોય કે,અંન્ધને આરસીરે લોલ.૫
બહેરો શું જાણે સંગિત કે ? મુંગો ફારસીરે લોલ. ૬
અનુભવ વિણુ અટકળનાં હોય કે, કાટે પારસ શું
કરેરે લોલ ? ૭
ચેતાવ્યો તે ચેતે નહિ કે, અભીમાન અંતરેરે લોલ ૮

સંગ વિણ ભકતી ના હોય કે, સંગ વિણશું
પામીયેરે લોલ.
સંગે પાપ ને સંગે ધર્મ કે, સતસંગ અમોઘ છેરે
લોલ. ૧
તિર લેઈજેવો મારવા જાય કે, તિર નવ છુટીયોરે
લોલ. ૧
હાથ અટકયા તેના તાંહે કે,પગ નવ હાલીયારે લોલ. ૧
ચિત્તે આકુળ વ્યાકુળ થાયેકે, આ તે શું ઉપન્યુરે
લોલ. ૧
ગોરે તેને દીધી બુદ્ધ કે, પુરવ પુનઃ ફળીયારે લોલ. ૧
નાયે ઓળખ્યા તેને દિનકે, જુગ તારણ આવીયારે
લોલ. ૧
મારાં મૂકાવશે વકમકે, ભક્તિ આપશેરે લોલ. ૧
ગોર કહે મન થર કરી રાખકે, સમજ આ સાનમાંરે
લોલ. ૧
સ્વજનને તું જઇ પુછ કે, જમે જે સાથમાંરે લોલ. ૧
પાપ કમાઈનું આ ધન કે, ખરચોછો ખાંતથીરે લોલ. ૧
એ પાપતે કોને શીરકે ? કહો સૌ સાચથીરે લોલ ? ૨
એનો ઉતર જલદી લાવકે, હમે અહીં થોભશું રે
લોલ. ૨
એમ નાયાને મોકલ્યો સારકે,'ખાકી' પૂંછવારે લોલ. ૨

સાખી.

નાયો ત્યાંથી ચાલીયો, ગયો પોતાને અવાશઃ
દેજો ઉત્તર માહેરૂં. પુછુંછું જે ખાસ. (૧)

પદ, ૫. પાંચમું.

રાગ. હિંચની ધોળ.

હિંશાઉં કરતાને વગડામાં રહેતા,
ત્યાં દરશન ગોરે દીધાંરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૧
કુબુદ્ધિમાંથી કબુના વિસરતા,
લૂટતાં પારકા માલરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૨
રથ ખેડાવી મુલ્તાનથી રે આવ્યા,
આવ્યા તે મારે કાજેરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૩
ગ્રહસ્થ જાણીને લૂંટવાને ચાલ્યો,
તિર ચડાવીને તાણ્યારેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૪
તીરનાં છુટેને હાથનાં વછુટે,
બંધાણા વેણને બંધેરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૫

ચરણુંમાં જઇને વિન્તીજ કીધી,
જાણ્યો પોતાનો દાસરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૬

સંદેશો એક તમુનેરે કાઢ્યો,
આ પાપમાં ભાગ કુટુંબનોરેમાં ?
ન્યેણા લગાડયા શામળિયે. ૭

નાચાની વિનતી ઉરજ ધારો,
'ખાકી' દાસ સદાનો તમારોરેમાં;
ન્યેણા લગાડયા શામળિયે. ૮

પદ, ૬. ઠું.

રાગ. હિંચની ધોળ.

કોણે ભરમાવ્યોને શિદને તું આવ્યો ?
પાપમાં ભાગતે કોનારેમાં;
દવ લગાડયો પાતળિયે. ૧

પેટજ ભરવો કુટુંબને પાળવો,
તેમાં તે ભાગ મને સેનારે માં;
દવ લગાડયો પાતળિયે. ૨

સ્ત્રિને પુત્ર એ તારે ઓશીંગળ ?
એક હું ઘયડી ડોશીરેમાં;
દવ લગાડયો પાતળિયે. ૩

તારે ફાવે તેમ હમનેરે પાળવા,
તેમાંતે પાપ હમને સેના તેમાં રેમાં ?
દવ લગાડયો પાતળિયે. ૪

પુરાએ પુન સહુનારે સાથે,
કરશે તે તેને માથેરેમાં;
દવ લગાડયો પાતળિયે. ૫

હમે સહુ તારા સ્વારથી સંગી,
પેટ કાજે તને વળગ્યારેમાં;
દવ લગાડયો પાતળિયે. ૬

ખાવું પીવું તે હમનેજ વ્હાલું,
તારા લાગ્યા તે તને રેમાં;
દવ લગાડયો પાતળિયે. ૭

ડોસીની નાયાએ વાતજ સાંભળી,
સમજ્યો તે 'ખાકી' મનમાંરેમાં;
દવ લગાડયો પાતળિયે. ૮

પદ, ૭. સાતમું.

રાગ, હિંચ, ધોળ.

કૃપા કરી ગોરે દરશાન દીધાં,
શરણુંમાં હમને લીધારેમાં;
વેણુ સંભળાવ્યાં શામળિયે. ૧
જુગે જુગ જીવ તપસાઉં કરતા,
ત્યારે એકવાર દર્શન દેતારેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૨
કાને કુંડલ શિરતાજ બિરાજે,
હાથે તે હીરાની વીંટીરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૩
જરકસી જામાં તનમાં બિરાજે,
સાવ સોનાની મોજડીરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૪
તેજ અનુપમ એ ગોરજીનું,
લજવાણો સુરજ એથીરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૫
વાંકડી મૂછોને આંખડી રાતી,
મુખ સુકોમળ દીઠુંરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૬

હોઠ સુકોમળ ગુલાબસમ્ છાજે,
દીઠું તે અહોનિશ હસ્તુંરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૭

ત્રિલોકીનાથ એ મુજને રે ભાશે,
ચાલતું એની શરણેરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૮

નાયાના સ્વામિ પ્રગટ પધાર્યાં,
ખાકી શરણુંમાં તારી શોભેરેમાં;
વેણુ સંભળાવ્યા શામળિયે. ૯

પદ, ૮ આઠમું.

માન શિખામણ બેટા તું મારી,
ગાંડો થયો તું સાથીરેમાં ?
વેંગ વળગાડયું શામળિયે. ૧

વનમાં ફરતોને મૃગ્યાએ રમતો,
સિંહ નાશે તારી હાંકેરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૨.

આજ અટુલો શાથી તું બેટા ?
બાંધો તે એટલું સાથીરેમાં ?
વેંગ વળગાડયું શામળિયે. ૩

એ ઘડી થોભી સંતોષ લઇને,
લૂંટી લાવો તે બેટા માલરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૪

ધીરજ ધારી હિમ્મત ના હારો,
એ છે આપણો ધંધોરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૫

ઘણાક સાધુ ફકીર ફરે છે,
કંઇક ધૂતારા કંઇક ઢોંગીરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૬

કે જે તું પાપનો સાથી નથી કોઇ,
જેનાં તે તેનાં સાથેરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૭

મારૂં મારૂં કહેશેને ખાવાને વળશે,
પાપમાં ભાગ નહિ લેશેરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૮

મન મુંઝાઇ ગોર પાસે ચાલ્યો,
સર્વ તે 'ખાકી' સમજ્યોરેમાં;
વેંગ વળગાડયું શામળિયે. ૯

પદ, ૯. નવમું.

રાગ. હિંચ, ઘોળ.

મનખા જનમ મારો એળેરે જાશે,
જો ગોર ફરીને જાશેરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૧

વેણ જાણે મુખવેદ ભણે છે,
બોલેતે અમૃત વાણીરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૨

ફરીને જાઉં હું, ગોરજીની પાસે,
બોલ્યું તે એમનું પાળું રેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૩

એવા અવલોકિક નાથ પધાર્યા,
દર્શનથી દુઃખ ભાગેરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૪

કુટુંબ કબીલો વ્હાલો ન લાગે,
વ્હાલું મને એક નામરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૫

ત્યાગ વૃત્તિ મારે હૃદયે વશી છે,
ટાળું જનમના દુઃખરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૬

ખાવું પીવું મને ઘડીયેના રૂચે,
ચોટયું તે ચિત્તમાં નામરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૭
દુઃખડાં સરવે ભાગીરે ગયાં છે,
અવસર સુખને આવ્યોરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૮
પુર્વ જનમને નાયોરે દાસ છે,
'ખાકી'ની અરજી શાંભળોરેમાં;
વેણે બાંધ્યો મુને શામળિયે. ૯

પદ, ૧૦. દસમું.

રાગ, હિંચ. ધોળ.

જનમ જનમ મારા ઢુંડતા ગયા છે,
છેહ હજુ નવ આવ્યોરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૧
દેહી ધ્રુજે મારૂં કાળજું કંપે,
મનડું તે મારૂં મોહ્યુરેમાં;
વાટ દેખાડી શામળિયે. ૨
અમૃત ભોજન વિષ સમ લાગે,
નીર તે જેવું સિંન્ધુવ રેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૩

ઘેર નવરહું હવે ગોર મુખે જાવું.
દિલડામાં લાહે લાગેરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૪

ચિત્ત ચોરી મને પરવશ કીધો,
વેણે છે દાણા પ્રાણરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૫

તમે સૌ મારા સ્વાર્થિ સંગી,
દુઃખમાં ભાગ નહિ કેનારેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૬

માયા બંધનને પાસે પડયોતો,
ગોરે તે મુજને ચેતાવ્યોરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૭

માયાને બાંધ્યો જીવ અદ્ધર થયોતો,
ન્યેણાતે ગોરે આલ્યારેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૮

'ખાકી'ની અરજી રૂદિયામાં રાખો,
મહાદનના તમે સાથીરેમાં;
વાટ દેખાડી પાતળિયે. ૯

પદ, ૧૧. અગીયારમું.

રાગ, હિંચ, ઘોળ.

ડોસી રોઇ નાયાનેરે વળગી,
હમને ન મૂકી જાશોરેમાં;
દવ લંગાડયો ડુંગરીયે. ૧
હમે સઉને આશા તમારી,
દુઃખ દરિયામાં ન નાખોરેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૨
બાળ વૃદ્ધ સૌ રોતા ટળવળતા,
કોને તે તમે સોંપ્યારેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૩
મરવું અવતરવું સૌનેરે માથે,
તેમાંતે શું તમે બીહ્યારેમાં ?
દવ લગાડયો ડુંગરીયે. ૪
ભુર્કી નાંખીને તનેરે ભરમાવ્યો,
હવે હમે શું કરશુંરેમાં ?
દવ લગાડયો ડુંગરીયે. ૫
હરિ ભજનમાં દુઃખડાં છે મોટાં,
તે નહિ સેવાય તુજથીરેમાં;
દવ લગાડયો ડુંગરીયે. ૬

હાડ બળી તન પંજર પડે છે,
રોમે રોમે તે લાયે લગારેમાં;
દવ લગાડયો ડુંગરીયે.

એ દુઃખ સેહવું અતીરે કઠણુ છે,
ઉછરેલ છે તું સુખમાંરેમાં;
દવ લગાડયો ડુંગરીયે.

મારૂં માનીતું એનેરે મુકી દે.
રમવું જમવું સુખમાંરેમાં;
દવ લગાડયો ડુંગરીયે.

'ખાકી'નો સ્વામી વનમાં રહ્યા છે,
નાયાને ચેન નવ થાયરેમાં;
દવ લગાડયો ડુંગરીયે.

પદ, ૧૨. બારમું.

રાગ, હિંચ, ઘોળ.

તારૂં સઉ મે સાંભળ્યુંરે માડી,
અનંતે તું પાપ મને દેછેરેમાં;
માયા લગાડી પાતળિયે.

લોક કુટુંબ સૌ સ્વારથે વળગ્યા,
પિંડમાં જ્યાં સુધી પ્રાણરેમાં;
માયા લગાડી પાતળિયે. ૨

રમવું જમવું હસવું. ફરવું,
જ્યાં સુધી ગાંઠમાં નાણુંરેમાં;
માયા લગાડી પાતળિયે. ૩

સ્વપ્નાતરનું સુખ મેં જાણ્યું,
અમ્મર સુખને મોહ્યોરેમાં;
માયા લગાડી પાતળિયે. ૪

હરિ ભજન વિના દુઃખનુંરે મુળ છે,
લોક કુટુંબ સૌ સાથીરેમાં;
માયા લગાડી પાતળિયે. ૫

પુરવ પુનઃમારૂં ઉદય થયું છે,
ત્રિલોકી નાથ મને ભેઠયારેમાં;
માયા લગાડી પાતળિયે. ૬

ભેદ બતાવી ભય દેખાડયો,
સંસાર ધાત સુણાવી રેમાં;
માયા લગાડી પાતળિયે. ૭

કરણીની ભૂલથી આઘેર આવ્યો,
આ મળ્યો તે મારો સાથીરે;
માયા લગાડી પાતળિયે. ૮

રોતી કકળતી ડોશીને મૂકી,
નાચો આવ્યો તે ગોરની પાસેરેમાં;
માયા લગાડી પાતળિયે. ૯

'ખાકી' ઇચ્છે સેવા તમારી,
દાસને દરશન દેજોરેમાં;
માયા લગાડી પાતળિયે. ૧૦

સાખી.

માયા જાણી કારમી, નાચો ચતુર સુજાણ,
પ્રેમ ગાંઠ સજ્જડ પડી, વાગ્યા રૂદિયે બાણ. (૧)

પદ, ૧૩. મું.

રાગ. હિંચ, ગરબી.

મારા ગુરૂજીને દઉં વધામણીરે,
પ્રભુ આપે પધાર્યા શિરોમણીરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. (ટેક)

મારા તનડાના તાપને ટાળવારે,
મારા હાડ હરીને છે ગાળવારે;
મારા ગુરૂને દઉં વધામણી ૧

મારૂં ડગમગ સરવે મૂકાવિયું રે,
હરિયે એકજ ચિંત્ત થોભાવિયું રે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૨
હરી આવ્યા પહેલો, હું જાણતોરે,
સેવકાઇના પદને પામતોરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૩
સાહેબ આવ્યા તે સાચા સોબતીરે,
વાગી જુગમાં અભે નોબતીરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૪
દીનાનાથ દયાળને નમીયેરે,
એના વચન સરવે સમરિયેરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૫
સગું કુટુંબ સરવે ચોરછેરે,
માયા લાલચે થયા ઢોરછેરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે. ૬
બોલે મીઠું ને ખાવા ધાયછેરે,
ના હોય નાણું તો મારી જાયછેરે;
મારા ગુરૂજીને દઉં વધામણીરે, ૭
જોઈ જુગત વિચારી ચાલવું રે;
ભેટી ગુરૂજી અભેપદ પામવું રે;
મારા ગુરૂંજીને દઉં વધામર્ણીરે, ૮

નાયો આવ્યો તે ગુરૂની આગળેરે,
નામી શીશને કંઠે ગાગળેરે;
મારા ગુરૂજીને હઉં વધામણીરે.

સાહેબ માફ ગુનો કરો માહેરોરે,
મેં અપમાન કીધો તાહેરોરે;
મારા ગુરૂજીને હઉં વધામણીરે.

નાયા કાકાએ વિનવ્યા નાથનેરે,
'ખાકી' રાખશે તે તારી લાજનેરે;
મારા ગુરૂજીને હઉં વધામણીરે.

પદ. ૧૪. ચૌદમું.

રાગ, હિંચ, ગરબી.

હવે ઉગારો ગુરૂજી અંધનેરે,
હું તો પડયો છું ભવ બંધનેરે,
હવે ઉગારો ગુરૂજી અંધનેરે

આવાજી મને દુઃખ અતી પડયુંરે,
કુટુંબ તે ફોજી ખાઇ ગયુંરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે

મેંતો મેલ્યો આવા કુડા સાથનેરે;
આવી ચરણે નમું છું નાથનેરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે; ૨
મને અવળે પાટે બાંધિયોરે,
પાપ ચોરીને કરમે સાંધીયોરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૩
મારા રૂદિયામાં હોળી અતીબળેરે,
મારી સર્વેને કરૂં પરલેરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૪
મને કુડે તે કર્મે વલગાડીયોરે,
માર્ગ એક તે એજ દેખાડીયોરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૫
.મને ભૂલપડાવી વાટમાંરે,
મને ખોટ ઉપજાવી ખાટમાંરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૬
તમેં મેહેર કરી મુજ ઉપરરે.
મારૂં ભવિષ તે હવે ઉઘડેરે;
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૭
દીનાનાથ દયાળુ છો ઘણારે,
દયાસાગર નથી કંઇ મણારે,
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૮

નાયાકાકાની વિનંતી સાંભળીરે,
રાખો શરણે 'ખાકીને' હે ધણીરે !
હવે ઉગારો ગુરૂજી અંધનેરે. ૯

પદ, ૧૫. પંદરમું.

રાગ, હિંચ. ગરબી.

ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે,
મારા પાપ વધ્યા છે અતી ઘણા રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. (ટેક.)

સ્વામી આવું તે હું તમ્ સાથમાં રે,
હવે નહિ રહું હું આ જગમાં રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. ૧

હવે આપો તમારા ધર્મને રે,
મારા છોડાવો પુરેવ કર્મને રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. ૨

જે આજ્ઞા આપો તે કિજીયે રે,
માની વચન અખંડ સુખ લિજીયે રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ તણા રે. ૩

મન ભાવે તે મુજને કહો કથી રે,
જવા દેવાનો હું તમને નથી રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. ૪
ખરી 'કસોટીયે હવે રળશું રે,
લાવી સરવે તમ આગળ ધરશું રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. ૫
આપ વચને કપટ પર હર્યું રે,
હવે એથી શું કહું તમને ઘણું રે ?
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. ૬
ભાવે ભક્તિ કરીશું આપની રે,
દિન રાત તે સેવા નાથની રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. ૭
ભુલાવ્યો કદી હવે નહિ ડગું રે,
મેં જાણ્યું નથી કોઈ સગું રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. ૮
કુટુંબ કબીલો સહુ છે કારમું રે,
મુવા પછી નહિ કરે બારમું રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. ૯
નાયાકાકાની અરજી સાંભળો રે,
'ખાકી'ના સ્વામી આવી મળો રે;
ચરણ નહિ મૂકું સ્વામી તમ્ તણા રે. ૧૦

પદ, ૧૬. સોળમું.

રાગ. હિંચ, ગરબી.

ક્રીયા દેશ થકીરે તમે આવીયારે ?
સંદેશો તે મારો લાવીયારે ?
ક્રીયા દેશ થકીરે તમે આવીયારે ? (ટે

રહેવાસી તમે તે કીયા દેશનાંરે ?
છો સાથી તે મારા હમ્મેશનારે ?
કીયા દેશ થકી તમે આવીયારે ? ૧

કીયે કારણિયે તમે નીસર્યા રે ?
મારા ચિત્તડામાં તમે આવી વશ્યારે ?
કીયા દેશ થકીરે તમે આવીયારે ? ૨

કોણ નાત તમારી જાતડીરે ?
પુછું કેહેજો તે સાચી વાતડીરે;
કીયા દેશ થકીરે તમે આવીયારે ?

કુળ જાત તમારી કોણ છે રે ?
સાથે કેટલાક તે પરોણા છે રે ?
કીયા દેશ થકી તમે આવીયારે ?

તમો જાઓ છો કીયા દેશમાં રે ?
છો કેમ તે આટલા આવેશમાં રે ?
કીયા દેશ થકી રે તમે આવીયા રે ?

જુગે જુગની વીગતું કહાવજોરે,
મારા મનડાની હોંશ પુરાવજોરે;
કીયા દેશ થકીરે તમે આવીયારે ? ૬

તમે નીકળિયા કીયે કારણેરે ?
મને રાખજો આપને બારણેરે;
કીયા દેશ થકીરે તમે આવીયારે ? ૭

સ્વામી અરજ હમારી સ્વિકારજો,
આ વિનન્તી ઉર ધરજો;
કીયા દેશ થકી રે તમે આવીયા રે ? ૮

વને વને ફરવામાં આપને શું કામ છે રે ?
અહિં રહો આ રૂડું ધામ છે રે;
કીયા દેશ થકી રે તમે આવીયા રે ? ૯

રૂડા ચણાવું મન્દિર માળિયા રે,
રૂડા ચિત્રને આરસ ઢાળિયા રે;
કીયા દેશ થકી રે તમે આવીયા રે ? ૧૦

નાયાકાકાએ વીનવ્યા ગોરને રે,
નહિ રાચે તે 'ખાકી' ઓરને રે;
કીયા દેશ થકી રે તમે આવીયા રે ? ૧૧

પદ, ૧૭. સત્તરમું.

રાગ, હિંચ. ગરબી.

કહું નાયા તને વધામણીરે,
દેશ પંજાબ છે શીરોમણીરે;
કહું નાયા તને વધામણીરે.
શેહેર મુલ્તાન છે ત્યાં શોભતું રે,
ત્યાં નિત્ત નિત્ત વાગે નોબતું રે;
કહું નાયાં તને વધામણીરે.
પીર કબીરદીન આપ છેરે,
મારા દાદા સુરદીન આપ છેરે;
કહું નાયા તને વધામણીરે.
પિતા તે સ્વર્ગે સીધાવિયારે,
ગુજરાત જવાનું કહિ ગયારે;
કહું નાયા તને વધામણીરે.
માટે આવ્યા હમે આ વનમાં રે,
હમે છૈયે મહમ્મદી જન્મારે;
કહું નાયા તને વધામણીરે.
હમે ફર્યા તે દેશ જોવા કારણેરે,
આજ આવ્યા તમારે બારણેરે;
કહું નાયા તને વધામણીરે.

વનવન ફરવામાં વેણુ પળાયેછેરે,
વિસરેલાને યાદી અપાયછેરે;
કહું નાયા તને વધામણીરે. ૬
પહેલાં તે તો કેટલુંક ફરીયારે,
ચાર ટોળીથી જીવ તારિયારે;
કહું નાયા તને વધામણીરે. ૭
પંચમ વેળાનો ટોળ બાંધવોરે,
ભકતુનાં તે સંગને સાંધવોરે;
કહું નાયા તને વધામણીરે. ૮
સત્ પંથ તે હમે પાળીયેરે,
અખંડ સુખ મહા પદ માળીયેરે;
કહું નાયા તને વધામણીરે. ૯
દેશ દેશ ફર્યાં બોધ આપવારે,
ત્રિવિધીનો બોજે કાપવારે;
કહું નાયા તને વધામણીરે. ૧૦
બુહાનપુરથી હાલી આવીયારે,
હમે જાતે તે સૈયદ કાવીયેરે;
કહું નાયા તને. વધામણીરે. ૧૧
કુળ હાશમી મારૂં કહીયેરે,
સદ્બોધ તે પ્રેમે લઇએરે;
કહું નાયા તને વધામણીરે. ૧૨

પીર 'ઇમામશાહ' મારૂં નામ છેરે,
પરોણુ સાથે વેહેલ નામછેરે;
કહુું નાયા તને વધામણીરે.
'ખાકી'ને તે સેવામાં રાખજોરે,
અભેદપદ તે તેને આપજોરે;
કહુું નાયા તને વધામણીરે.

સાખી

ગુરૂજી તૈયાર થયા ચાલવા, નાયો પલ્લવ ર
સાથે લેજો વાલમાં નિરાધાર નવ રેહેવાયે.

પદ. ૧૮. અઢારમું

રાગ. હિંચ.

સાથે હું આવું તમારી,
વાલમજી સાથે હું આવું તમારી;
ચોટયાં તે ચિત્તડે મારી,
વાલમજી સાથે હું આવું તમારી.
મધુર વચનને હું મોહીનેરે,
ઘાતે વાગ્યા મુનેકારી;
વાલમજી સાથે હું આવું તમારી.
માતાજીને હું પુંછવા ગયોતોરે,
લાગ્યા તે વેણ અકારીરે;
વાલમજી સાથે હું આવું તમારી.

લોભ કપટ દંભ દઈને રે,
ભાર મૂકયો મને ભારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૩
જુગતે જુગત મેં જાણીરે,
થઇ બુદ્ધિ છે એની નઠારીરે;
વાલમજી સાથે હું આવું તમારી. ૪
ભજન ભાવ મુને સૂઝવા નાંહીધું રે,
કહે થઈ રહી વસ્તુઓ સારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૫
એક સંતાડેને એક મુકેરે,
એક ખાંતે ખરચે ધન ભરી;
વાલમજી સાથે હું આવું તમારી. ૬
નાણું થઇ રહેતારે વીંટી વળીનેરે,
પોકાર કરે દુઃખકારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૭
પાંતીએ પાપનીએ ના કહેછેરે,
સુખમાં વળગે ભારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૮
ઉધાઇ સમ્ તે વળગેરે,
ખાંતે ખાયછે તે ડંખમારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૯

સાથીછો સાચા હંમેશનારે,
ચર્ણ નહી મુકું હું આ વારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૧૦

સંસાર સગલું નવ રૂચેરે,
વિષ સમ લાગે નારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૧૧

'ખાકી' તે વ્યાકુળ થયોછે રે,
નાંયો સંગ આવે મોરારી;
વાલમજી સાથે હું આવું તમારી. ૧૨

પદ. ૧૯. ઓગણીસમું.

રાગ. હિંચ.

સાથે લેવાનો તને ભાઈ,
નાંયા સાથે લેવાનો તને ભાઈ;
રહેજે તું દી થોડા ચાંહીં,
નાંયા સાથે લેવાનો તને ભાઈ. ટેક

માયાનો પાસ તને પરબળ બેઠોરે,
કાટ ઉતરશે તારો ચાંહી;
નાંયા સાથે લેવાનો તને ભાઈ. ૧

દેશ વિદેશ મારે ફરવું રે,
તેથી રાખું છું, તને ચાંહી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૨:

વાણ દઉં તે તું પાળજેરે,
ફરજે તું દી થોડા ચાંહી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૩:

વિવેક વૈરાગ્ય કદીયે ના ચુકતોરે,
માન શિખામણ મારી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૪:

ઉત્તપત્તી સઘળી એક હરિનીરે,
ઘટો ઘટમાં એક જ સાંઈ;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૫.

જીવની હીંશા કદીયે ન કરવીરે,
કામને મારવો સાહી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૬:

ઉત્તપત્તી સ્થિતી પરલેરે,
એ સરવે તે સાહેબ માંહી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૭'

વાદવિવાદ અહંકાર તજજેરે,
ભક્તિ સાહેબની ધારી;
નાંચ સાથે લેવાનો તને ભાઈ. ૮:

કરતા હરતા શ્રી શાહા છેરે,
તે તો રાખજે મનમાં ધારી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૯
ધ્યાન તે ધણીનું ધરજેરે,
જુગે જુગ રમ્યો મૂરારી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૧૦
આશા ત્રશનાં દિલે ન ધરવી,
પરનિંદા એ જુઠને વારી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૧૧
કઠોર વચન કદીએ ના કહેવુંરે,
દોષ બુદ્ધિ તે દૂર ધારી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૧૨
પર નારનો સંગ ના કરવોરે,
'ખાકી' તે દુઃખનું મુળ જાણી;
નાંચા સાથે લેવાનો તને ભાઈ. ૧૩

પદ. ૨૦. વીસમું.

રાગ. હિંચ.

વાત એક સાંભળ મારી,
કહું તને વાત એક સાંભળ મારી;

રાખ તનડાના તાપને વારી,
કહું તને વાત એક સાંભળ મારી. (ટેક)

એક માટીનું સ્થુલ બન્યું છેરે,
આગ પવન ને પાણી;
કહું તને વાત એક સાંભળ મારી. ૧

તેજ ધરીને કાય બાંધીરે,
એમા માંહી વશ્યા મોરારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૨

પાંચ તે ચોર માંહી વસેરે,
કામ ક્રોધ લોભ જુઠ ભારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૩

મોહ ને કબજે કરવોરે,
એમ રહેવું તે મમતાને મારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૪

સંતોષ સમતા કદીયે ના ચૂકવીરે,
રાખ માયાથી મનડું વારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૫

સ્નેહ એક સાચું સાંઇનુંરે,
જેણે ઉપની મેદની સારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૬

પ્રેમ વીના કોઈ પાર ન પામેરે,
માહાપદ તે જે સુખકારી
કહું તને વાત એક સાંભળ મારી. ૭
અતી વેહવાર મિથ્યા જાણવોરે,
જેમાં લોભ કપટ હોયે ભારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૮
દેહ કારણે અન્નજળ લેવુંરે,
હરી પ્રસાદ સમ એ ધારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૯
હરવું ફરવું હરીની પ્રદક્ષિણારે,
સુવું બેશવું દંડવંત જાણી;
કહું તને વાત એક સાંભળ મારી. ૧૦
કારણ કર્મ તે એક જ જાણવારે,
થાશે તો આન્નદ ભારી;
કહું તને વાત એક સાંભળ મારી. ૧૧
ચેસ્ટાઓ સઘળી હરીને સમર્પીરે,
તજી દેવું તે હુંપદ કાઢી;
કહું તને વાત એક સાંભળ મારી. ૧૨
સાહેબ સેવામાં 'ખાકી' રહે છેરે,
જેવું તેવું તે મન માની;
કહું તને વાત એક સાંભળ મારી. ૧૩

પદ. ૨૧. એકવીસમું.

રાગ. હિંચ.

રાખજે વાત મન ધારી,
શુંદિર એક રાખજે વાત મન ધારી,
કહું જીવ સ્વભાવ વિસ્તારી,
શુંદિર એક રાખજે વાત મન ધારી. ટેક

સ્વભાવ જીવમાં જેટલા જડેછેરે,
તેમાં શુભ અશુભ લો ધારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૧

અશુભ સ્વભાવે કરીનેરે,
જીવ દુઃખ પામે છે ભારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૨

શુભ સ્વભાવે સુખ થાય છે રે,
મહાલે તે મહાપદ માંહી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૩

ચાર સ્વભાવની વિગત લેજેરે,
તે કહું તને વિસ્તારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૪

એક પશુને બીજો સિંહનોરે,
ત્રીજે ભૂત દેવ ચોથે ધારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૫

તૃષ્ણા ભોગ અભિલાષારે,
પશુપણું તે લેજે વિચારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૬

ખાવું પીવું ભોગ કામાદિકનાં રે,
તે તો થાએ અંતે દુઃખકારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૭

ક્રોધનો સ્વભાવ એ સિંહનોરે,
એ તો લક્ષણ છે હિચકારી;
શુંદિર એક રાચજે વાત મન ધારી.

ઘાતકી ઈર્ષા કવેણથીરે,
મન વચન કર્મે એ ભારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી.

પ્રેતનો તો ભાવ એ છે રે,
છલ કપટ ને દંભ ભારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૧

પ્રપંચે અતી પસ્તાશોરે,
એથી જાશો તે નરકે મારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૧

દેવ સ્વભાવ જે દેહિમાંરે,
બુધ્ધિ દીસે એક જ સારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૧૨

શુધ્ધબુધ્ધિ શુભ કામનીરે,
વિદ્યા વૈરાગી ને ભલાઈ;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૧૩

'ખાકી' તે વિનવે સાહેબનેરે,
જેણે રચી આ મેદની સારી;
શુંદિર એક રાખજે વાત મન ધારી. ૧૪

પદ, ૨૨. બાવીસમું.

રાગ. હિંચ.

મનડું રાખવું વારી,
માયાથી મનડું રાખવું વારી;
માયાથી મનડું રાખવું વારી. (ટેક)

જીવરાજા દેહ મંડળનોરે,
તેની સેના અતી સુખકારી;
માયાથી મનડું રાખવું વારી. ૧

ઉત્તપત્તી જીવની કીધીરે,
તેનું કારણ કહું વિસ્તારી;
માયાથી મનડું રાખવું વારી. ૨

ભલાઈ જીવની શોધવીરે,
એ છે ઘણું અતી સુખકારી;
માયાથી મનડું રાખવું વારી. ૩

શુદ્ધ સાહેબની કરવીરે,
જેણે રચી છે રચના આ સારી.
માયાથી મનડું રાખવું વારી. ૪

તેની રચનાએ મોહીનીરે,
શોધવું હોય જે સુખકારી;
માયાથી મનડું રાખવું વારી. ૫

રચના આ સરવે સાહેબનીરે,
ઓળખ ઈન્દ્રિયોને સારી;
માયાથી મનડું રાખવું વારી. ૬

પાંચ તત્વનું શરીર છે રે,
વળી પિત કફ વાયુ દુઃખકારી;
માયાથી મનડું રાખવું વારી. ૭

જેથી કરી ભય નાશનોરે,
જેમ ભુખ પયાસ બહુ ભારી;
માયાથી મનડું રાખવું વારી. ૮

અગ્નિ જળ સિંહ શત્રુરે,
તે પણ અતીશે નાશકારી;
માયાથી મનડું રાખવું વારી. ૯

શરીર અર્થે અન જળ રચીયું રે.
તે લેવું નીમિત્ત ધારી;
માયાથી મનડું રાખવું વારી. ૧૦

એ જાતની સેના શરીરમાં રે,
સ્થુલ સુક્ષમ એ જો ભારી;
માયાથી મનડું રાખવું વારી. ૧૧

સ્થુળ તે હાથ ભારેરે,
સુક્ષમ તે પ્રેમ ક્રોધ જાણી;
માયાથી મનડું રાખવું વારી. ૧૨

જેથી કરી જય થાય છે રે,
તે તો બુદ્ધિ છે સાત્વિક સારી;
માયાથી મનડું રાખવું વારી. ૧૩

'ખાકી' યે સ્વામી ઓળખ્યારે,
તેથી રહ્યું છે મનડું માની;
માયાથી મનડું રાખવું વારી. ૧૪

———

પથ. ૨૩. તેવીસમું.

રાગ. હિંચ. ધોળ.

ઓળખી લેજે મૂરારી,
જીવ તું ઓળખી લેજે મૂરારી;
રચનાંને ચિત્તડે તે ધારી,
જીવતું ઓળખી લેજે મૂરારી. (ટે!

પંદાર્થે એથી દેહ રચી છે;
એમાં શોભે છે બારબારી;
જીવતું ઓળખી લેજે મૂરારી.

જે નેત્રોથી દ્રષ્ટે પડેછેરે,
હાડમાંશને ત્વચા સારી;
જીવતું ઓળખી લેજે મૂરારી.

સુક્ષમ તે તો ચેતન્ય શોભે રે,
તેને જાણે છે મેદની સારી;
જીવતું ઓળખી લેજે મૂરારી.

તે તો બુદ્ધિની આંખે જોવાયેછેરે,
માન વાત તું નાયા મારી;
જીવતું ઓળખી લેજે મૂરારી.

સ્થુળ નેત્રથી દૂર રહે છે રે,
નિજ રૂપ તેજ તારૂં ભારી;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૫.

ગુણ છે જેટલા શરીરના રે,
રાખ તેટલા આધીન ભાઈ;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૬

ચેતન તે પરદેશી જાણવો રે,
તે કામે આવ્યો છે આંહી;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૭.

એની ઓળખાંણે રહયો છે રે,
ઉત્તમ જીવ તો અધિકારી;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૮.

પૂર્વનો પુનઃ પાપ ખમવો રે,
સુખ દુઃખ તે દેહના ધારી;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૯.

ભાગી અભાગી તેને કહે છે રે,
કર્મા કર્મે તે લેજે ધારી;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૧૦.

શરીર તે આધીન રહે છે રે,
તેથી લેવી તે ઓળખાણ ભારી;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૧૧.

સ્વભાવની ઓળખાણ જાણવીરે,
એ જ કૂંચી તો મનમાં ધારી;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૧૨

એ જ પુર્ષાતન કરવું રે,
ઓળખ જે ચેતન નામી;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૧૩

એ ઓળખાણે બ્રહ્મ જાણવો રે,
જે અમુલ્ય રત્નની ખાણી;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૧

'ખાકી' આવ્યો આ દેશમાં રે,
તે તો પરદેશી જાણવો માની;
જીવતું ઓળખી લેજે મૂરારી. ૧

---

૫૬. ૨૪. ચોવીસમું.

રાગ. હિંચ.

વાત એક ચિત્તડે રાખી,
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી;
કઠોર કુવેણને શાંખી,
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી.

જીજ્ઞાસુ તે જુગમાં કહેવાયછે રે,
મેલે પરથમ પાપને ત્યાગી;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૧

પરથમ અપેક્ષા ધર્મની થાયછેરે,
કેહેનિશ પાપનું કયાંથી ?
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૨

નિશપાપ તે દેવ કહેવાયે છે રે,
પાપ રૂપ અશુર લેજે જાણી;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૩

તેથી ભય સાહેબનું રાખવું રે,
જાશે તે પાપ એથી નાશી;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૪

પાપનો ત્યાગ એ લક્ષણ મનુષ્યનું રે,
અશુર પાપમાં રહે માની;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૫

જેરે પુરૂષે મનશા ત્યાગીરે,
રહે વ્યતિત્ત પાપોથી જાગી;
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી. ૬

ઉત્તમ મનુષ્ય તેને કહેવોરે,
રહે સાહેબથી જે જાગી;
લેજે ભાઇ વાત એક ચિત્તડે રાખી. ૭

પરથમ ઉત્તપત્તી જીવનીરે,
તે તો નીચ પણેથી લાગી;
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી. ૮

આદીથી બળ ભોગનું રે,
તેથી શુદ્ધ બુદ્ધી તે શત્રુ લાગી;
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી. ૯

બુદ્ધિનું બળ ત્યાં નહિ ચાલે રે,
એ પાછળથી તે આવી;
લેજે ભાઈ વાક એક ચિત્તડે રાખી. ૧૦

બાળપણાથી ભોગે ઘેર્યો રે,
હૃદય રૂપી તે એ ગઢ ભાઈ;
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી. ૧૧

મન સ્વભાવ તેને વળગ્યો રે,
તેને અચિત્ત લેજે માની;
લેજે ભાઈવાત એક ચિત્તડે રાખી. ૧૨

નિર્મળ બુદ્ધે ન્યાય પ્રગટેરે,
જીવ ભોગોને બેસે ત્યાગી;
લેજે ભાઈ વાત એક ચિત્તડે રાખી. ૧૩

પુરૂષાર્થની અપેક્ષા થાય છેરે,
નાયા રહેજે તું ચિત્તમાં જાગી;
લેજે ભાઈવાત એક ચિત્તડે રાખી. ૧૪

ચો દિશ શાંઇની 'ખાકી' ભાળેરે.
જેણે લીધું છે એક જ માની;
લેજે ભાઇવાત એક ચિત્તડે રાખી.

સાખી

ચિત્ત નિર્મળ રાખજે, અંતર એક જ નામ;
સબ ઘટ સરખો જાણજે, ભવતારણ ભગવાન.

પદ, ૨૫. પચીસમું.

રાગ, વેળાવલ.

નાયાપાળ જે એકજ વાણ, સતૂપંથ જાળવી. ટેક
ધ્યાનધરજેગુરૂજીનુંસાર,અંતર બીકના આણવી.નાર
ધર્યું સાહેબે અવતાર, ભકત લેશે જાળવી. નાયા.
નરજી પ્રગટે આવે સાર,તને દેખાડું ભાળવી. નાયા.
નાયા જાણજે દશમો અવતાર, શંકા મન ન આણવું
નાયા
જેણે ઓળખ્યા શ્રી નકલંક, લેશે તેને જાળવું
નાયા
જેથી નરજી પરશાન હોય. વરતી તેમાં તાણવું
નાના. ૧

નાચા જાશું નિર્વાણ, રહેજે ભાઈ જાળવી.
નાચા. ૭

સાથે નહિ લેવાય, અહીં થોડી વખત ગાળવી.
નાચા. ૮

ળતા આવીશું હમે ચાંહી, લેશું તારે જાળવી.
નાચા. ૯

જે તું આટલા માંહી, વાણી તારે આ પાળવી.
નાચા. ૧૦

ખજો તું શ્રણું માંહે, 'ખાકી'ની ચિંત્તા આણવી.
નાચા. ૧૧

સાખી

નાચો વિનવે ગોરને, રથ જોડયો જે વાર;
ભૂલી ન જાશો, વાલમાં,એક તારો આધાર. [૫]

પદ, ૨૬. છવીસમું.

રાગ, હિંચ વણઝારનો.

ગુરૂજીએ રથ જોડીયો,મેં જોડતાં દીઠો સાહેબજી. [ટેક]
રથ તમારો છોડો, છોડાવનાર નાચો સાહેબજી; ૧

ઘડી એક ઉભલા રહોતો, હું પાણી લાવું સાહેબજી.
દાતણ કરતાં જાઓ, પાણી લાવનાર નાચો સાહેબજી
ઘડી એક ઉભલા રહોતો, હું નાવણ લાવું સાહેબજી
નાવણ કરતા જાઓ, તે લાવનાર નાચો સાહેબજી.
ઘડી એક ઉભલા રહોતો, હું જામા લાવું સાહેબજી
જામા લાવનાર નાચો, ગુરૂને મન ભાચો સાહેબજી.
ઘડી એક ઉભલા રહોતો, હું પાથરણ લાવું સાહેબજી
પાથરણ લાવનાર નાચો, ગુરૂએ હાથે સાહ્યો સાહેબજી.
ઘડી એક ઉભલા રહોતો, હું ભોજન લાવું સાહેબજી
ભોજન કરતાં જાઓ, તે લાવનાર નાચો સાહેબજી.
ઘડી એક ઉભલા રહેતો, હું ફુલડાં લાવું સાહેબજી
ફુલડાંલાવનારનાચો,ગુરૂશું ચિત્ત લાચો સાહેબજી.
ઘડી એક ઉભલા રહોતો,હું સેવા લાવું સાહેબજી;
સેવા લાવનાર નાચો, 'ખાકી'ને મન ભાચો સાહેબજી.

સાખી

નાચો વનમાં ટળવળે, ગોરજી ચાલ્યા જાયે;
જેમ દાવાનળ પ્રગટયું, તેમ નાચો વ્યાકુળ થાયે. ૬

પદ, ૨૭. સતાવીસમું.

રાગ. ભરથરીનો

ગુરૂજી મુકી મુને ક્યાં ગયા ? દિલડે લાગી લાયેજી;
એકલો શું મેલી ગયા ? જીવું કોને આધારજી ?
સાહે થજો સ્વામી માહેરા.
ચિતડું તે સાથી ચોરીયું ? શું મારો અપરાધજી ?
આવે ભેટો લઈ બાથમાં, સહાય કરો દીનાનાથજી;
સાહે થશો સ્વામી માહેરા.
પાપી પુરો હું વિશ્વમાં જાણ્યા નહિ જુગદિશજી;
હાથ ઝાલો ગુણ સાગરા, ભમિયો દિવસ રાતજી;
સાહે થજો સ્વામી માહેરા.
વન વિકટ બીહામણું ! ચો દિશ ખાવાને ધાયેજી;
સગાંકુટુંબ એની બાંધવા, આભરણે લાગે અંગારજી;
સાહે થજો સ્વામી માહેરા.
દર્શન દેઈને લોભાવિયો, માર્યા ન્યણાના બાણજી,
કાળજું મારૂં રે કોરીયું ? વેધ્યા મમ્ પ્રાણજી;
સાહે થજો સ્વામી માહેરા.
લોહ બાણજેનેવાગીયા, તેતો બચ્યા કંઈએક જીવજી
પ્રેમે વેધેલો જીવ નહિ બચે, લાગી કાળજે ચોટજી
સાહે થજો સ્વામી માહેરા.

દેહ ધ્રુજે છે માહેરી, આંખે શોણિત ધારજી;
ગાત્ર મારારે ગળી ગયા, ઘાયેલ થયો સરદારજી;
સાહે થજો સ્વામી માહેરા.

કંપ વાયુ પ્રગટયો, થરથર કંપે શરીરજી;
શુધ્ધ નથીરે શરીરની, જુગ આ ખાવાને ધાયજી;
સાહે થજો સ્વામી માહેરા.

દયાનિધી દયા કરો, દર્શન દેજો દીના નાથજી;
એક ઓશિંગળ તાહેરે, બીજે સૂઝે નહિ કાંઇજી;
સાહે થજો સ્વામી માહેરા. ૯

જુગ જુઠાણું જાણતો, કષ્ટ વેઠતો નહિ કાંઇજી;
સાથે રહેતો મારા સ્યામને, દિન રાત કરતા સેવજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧

દયા સાગર શિરોમણી, શકળ ગુણ ભંડારજી;
અરજી મારીરે સાંભળો, બોલાવો ચરણની પાસજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧

એવું હતું જાહેરે, નહોતો લેવો સાથજી ?
દર્શન દેઇ ઘેલો કેમ કર્યો ? હવે કેમ રહું નાથજી ?
સાહે થજો સ્વામી માહેરા. ૧

કર્મ મારા નવ જોજે સ્વામી, જોજે આપનું વેણજી;
વેણ બાંધ્યા મુને લઇ જજો, આ વન ખાવા ધાએજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧

વે ઉતરતાં વ્રત ટુટિયો, સાહેર બેડી વિખરાયેજી;
ાનેદ દાવા નળસળગિયો, ઘરમાં લાગી આ લાયેજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧

માધારે હવે કોને રહું? નિરાધાર નહિ રહેવાયજી;
ાજજન વછોવા કેમ સહું ? વળી જેનો આધારજી;
સાહે થજો સ્વામી માહેરા. ૧

ાંખી સરવે ઉડી જજો, જઇને કહેજો આવાતજી;
ાસ દુભાણો દુઃખથી, ગોરજી વિયોગ ના સહેવાયજી
સાહે થજો સ્વામી માહેરા. ૧

ાકિલા તું બોલાવને, તારો મીઠો સ્વરજી;
ારે શબ્દે શાહો બોલશે, સોને મઢાવું તારી ચાંચજી
સાહે થજો સ્વામી માહેરા. ૧

માર તું ટઉકીયો, કંઇક દીઠા મારા નાથજી;
બોલ વીરા તુજને વીનવું,લળી લળી લાગું તને પાયજી
સાહે થજો સ્વામી માહેરા. ૧

વનચર વીરારે લોભીયા, કેમ લોભે લજવાવોજી,
દેખાડો દીના નાથને, કાંઇ વશ્યા એ કિર્તારજી !
સાહે થજો સ્વામી માહેરા. ૧

ભાવ ભેટાને ઓ ભુધરા ! ભવે ભવનો દાસજી;
આધારણુ ત્રિલોકના, ગુરૂજી આપ કિર્તારજી;
સાહે થજો સ્વામી હોહેરા. ૨

વેણે બાંધ્યો શાંઇયાં, નાચો નહિ જાયે બારજી,
દાસ 'ખાકી'રે વિનવે, લજ્જા રાખણુ હારજી;
સાહે થજો સ્વામી માહેરા.

સાખી

લજ્જા રાખણુ શાંઇયા, દર્શન દેજો પુર;
ઘટો ઘટે વશી રહ્યા જ્ઞાની ને હજુર

પદ. ૨૮. અઠ્ઠાવીસમું.

રાગ, ગરબી.

સખી સોમે સરજનહાર, સુખડાં દેજોરે;
મારાં દુખડાં કરજો દૂર, દર્શન દેજોરે.
સખી મંગળે મહા સુખ ધામ, અખંડ અવિનાશી
જપિએ નિશદિન સાર, તે ટાળે ફાંસીરે.
સખી બુધ્ધે શુધ બુદ્ધ એક, સાહેબની રાખોરે;
આપ્યો જેણે આ દેહ, તેશું પ્રેમ બાંધોરે.
સખી બ્રેહસ્પતે બહુ નામ, તેનાં કહિયેરે;
જપીયે અંજપો જાપ, મહા સુખ લઇયેર.

સખી શુક્રે શોભે સાર, બીજવ્રત પુરેરે;
જે કરશે નરને નાર, નહિ રહેશે અધુરેરે. ૧
સખી શનીયે સકળ ગુણ જાણુ, ઘટો ઘટ બોલોરે
મહા વાચક જાણે જેહ, મહાપદમાં ડોલે રે.
સખી રવીએ ઉગ્યા ભાણુ, નાંચો વિનવેરે;
દર્શન દેજો નાથ, 'ખાકી' સેવે રે.

પદ, ૨૯. ઓગણ ત્રીસમું.

રાગ. ગરબી.

સખી કારતગે કંથ કિર્તાર, મુજને મળજોરે,
મારા ભવનાં બંધન સાર, પરલે કરજોરે.
સખી માગસરે મેલી નાથ, હવે નવ જઇએરે.
એક ઓશિંગળ જેહ, દુઃખ તેને ના દઇયેરે.
સખી પોષે સોષે ઉર, વિરહે દુઃખ પીડે રે;
દર્શન વિના નાથ, જીવડું તલખે રે.
સખી માહે મારો શાહ, આવી મળશે રે;
તેંયે થાશે અતી આનંદ, કલ્પવૃક્ષ ફળશે રે.
શખી ફાગણે ફુલ્યા ફુલ, બહુ ભાંતી રે;
મારે અંગે થાયે ઉકળાટ, ધડકે છાતીરે.

સખો ચૈત્રે ચિત્ત વ્યાકુળ, ગુરૂ ગમ સારૂ રે;
વિનવું હું વારોવાર, દુઃખ બહુ પામું રે. ૬

સખી વેશાખે વાયુપુર, પ્રેમનો ચાલે રે;
અલબેલો દીનાનાથ, રૂદિયામાં સાલે રે. ૭

સખી જેણે જેણે હઠ, એક જ માંડી રે;
લાગી સાંઇથી જેની ટેક, તે કેમ જાયે છાંડી રે ? ૮

સખી અસાડે આવ્યો, વરસ વરસવા કાજે રે;
વહે નદિયું તે ધમ્ધોર પૃથ્વી ધ્રુજે રે. ૯

સખી શ્રાવણે સરવડ થાયે, વરસે છબકે રે;
મને તજી ગયા છે નાથ, કાળજું કંપે રે. ૧૦

સખી ભાદરવે ભરપૂર, ભડ ભડ ગાજેરે;
રગે રગે કંપે અંગ, દિલડું દાઝે રે. ૧૧

સખી આસોએ આ ઠામ, ફરી ફરી થાકયો રે;
મારે આંખે આંસુ ધાર, શાહો મારો જાગોરે. ૧૨

સખી માસે પુરા બાર, પુરણ કીધારે;
આ નાંચો ફરે ચોદીશ, પ્રેમનાં બીધા રે. ૧૩

સખી ગાયે શીખે આ માસ, પુરા બારે રે;
'ખાકી' તેને ના લોપે કામ, વિયોગ ના પામેરે. ૧૪

પદ, ૩૦. ત્રીસમું.

રાગ. ગરબી.

સખી પડવે પ્રેમનો પંથ, પુરણ પહેલો રે;
જે ચડિયોરે આ પંથ, આનંદ સેહલો રે. ૧
સખી બીજે બહુ ગુણવંત, અખંડ અવિનાશીરે;
ચોટા ત્રટ બોલે નાથ, જાંબુદ્વીપનો વાશી રે. ૨
સખી ત્રીજે ત્રિભોવન નાથ, ત્રવેણી ત્રસ્ટે રે;
વશી રહ્યો નિજ ધામ, ઓળખાયે સુરતે રે. ૩
સખી ચોથે ચતુરા નાથ, ચોદિશા વશીયેરે;
જેને ગોર નર મળીયા સાર, તે રંગે રસીયોરે. ૪
સખી પાંચમે પુરણ પ્રેમ, જેને હૃદે વશીયો રે;
ઉગ્યો સોળ કળાનો સૂર, કાળજ ખસીયોરે. ૫
સખી છઠ્ઠે છલબલ દુર, મનની કરજો રે;
સત્ ગોરનું એક જ ધ્યાન, હૃદેમાં ધરજો રે. ૬
સખી સાતમે સાત સાહેર, સેજે તરશે રે;
ટળશે ચોરાશી ફંદ, ગુરૂજીને વરશે રે. ૭
સખી આઠમે અલખ દાતાર, અલબેલો સ્વામીરે;
ભક્તિ વસ ભગવાન. અંતર જામી રે. ૮

સખી નોમે નવનિધ, નવધા ભક્તિ રે;
ટાળે ત્રિવિધીનાં તાપ, આપે મુક્ત રે. ૯

સખી દશમે દયાદાન, ગુરૂજીને દઈયે રે;
તનમન ધનને શિષે ભક્તિ લઈયે રે. ૧૦

સખી એકાદસે અવિનાશ, જંબુએ પળિયારે,
આવી ટાળો હમારા દુઃખ, ભાવે ભળિયા રે. ૧૧

સખી બારસે બ્રહ્મ અવિનાસ, તજી કેમ જયે રે;
મુને મારેલ મોહનાં બાણ, સરણે લઈયે રે. ૧૨

સખી તેરસે ત્રિધા તાપ, તનનાં વારો રે;
જાંબુદ્વીપના નાથ, હાથ મારો ઝાલો રે. ૧૩

સખી ચૌદસે ચઉદ ભૂવન, ડોલવા લાગ્યા રે;
નાંચાએ માંડયો તપ, ગોર મન જાગ્યા રે. ૧૪

સખી પુનમે પૂરણ પુન, નાંચાનાં ફળિયા રે;
'ખાકી'ને મળીયા ગોર, ચોરાસી ફેરા ટળિયા રે. ૧૫

સાખી.

કલ્પાંત કરે નાંચો અતી, આંખે શોણિત ધાર;
અનજળ તો રૂચે નહિ, ધાર્યો પ્રેમ સણગાર. (૮)

પદ. ૩૧. એકત્રીસમું.

રાગ, હિંચ. ગરબી.

ગોરજી કારતક મહીનો ક્રીમિયોરે,
એવો અણુ શોભતો સંસાર રે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૧

ગોરજી માગશરે મનડું માહેરૂં રે,
ચિત્તડે ચોંટયા ચતુરશુ જાણુરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૨

ગોરજી પોશે પ્રેમે પહોંચાડજો રે,
મારા દિલડે માનેલ હામરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૩

ગોરજી માહ માસે હોંસ એવડી રે,
રાખજો ચરણુની માંહેરે દયાળ,
પીરજી પરગટ પધારજો રે. ૪

ગોરજી ફાગણે ફર્યા ફુદડીરે,
ફર્યો હું દિન ને રાતરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૫

ગોરજી ચેતરે ચિત્ત ઉલટયો રે,
તજીયાં અન્ન જળ વસ્ત્ર અહાર રે દયાળ;
પીરજી પરગટ પધારજો રે.
ગોરજી વૈશાખે વિષ ટાળજો રે,
ટાળો જનમ મરણના દુઃખરે દયાળ,
પીરજી પરગટ પધારજો રે. ૭
ગોરજી જેઠે જેઠે જેટલું વિનવું રે,
તેટલું ધરજો મારૂં ધ્યાનરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૮
ગોરજી આસાડે આવ્યો મેવલો રે,
મારા ન્યણે આંસુ ધારરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૯
ગોરજી શ્રાવણે સરવર માંડીયું રે,
હૃદયે પ્રગટયો પ્રેમ અંકુર રે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૧૦
ગોરજી ભાદરવે ભ્ય ભાંગીયો રે,
હજુયે ના મળિયા દીનાનાથ રે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૧૧
ગોરજી આસોએ અતી અકળાવિયો રે,
હજુયે ના મળિયા દીનાનાથ રે દયાળ;
પીરજી પરગટ પધારજો રે. ૧૨

ગોરજી 'ખાકી'ની વિનતી સાંભળો રે,
નાંચો વિનવે દિનને રાતરે દયાળ;
પીરજી પરગટ પધારજો રે.

પદ. ૩૨. બત્રીસમું.

રાગ, હિંચ, ગરબી.

ગોરજી પડવે પંથ દેખાડિયો રે,
તજી મુને ચાલ્યા કેમ રે દયાળ?
પીરજી વેહેલેરા પધારજો રે. ૧
ગોરજી બીજે બળવંત સાથીયો રે,
મારા બાળો ભવના બંધરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૨
ગોરજી ત્રીજે તળશું એકલો રે,
મારે અંગે ઉભરેલ લાએરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૩
ગોરજી ચોથે ચિત્ત ચીતવો રે,
આવો દેવાને દિદાર રે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૪
ગોરજી પાંચમે પુરો આશાને રે,
ઘણા વિત્યા વરસને માસરે દયાળ;
પીરજી વેહેલેરા પધારજો રે. ૫

ગોરજી છઠ્ઠે વહેલા આવજો રે,
વરસ વીત્યા ફરતાં બાળરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૬

ગોરજી સાતમે સેવા કીજીયે રે,
હવે એકલું રહ્યું નહિ જાયેરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૭

ગોરજી આઠમે આવો આ ઠામમાં રે,
મુજ દાસની કરવા સારરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૮

ગોરજી નોમે નેમ નહિ ટુટશે રે,
ચોંટયા ચિત્તડે ચતુરશુજાણુરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૯

ગોરજી દશમે દીશ ભૂલીયો રે,
એક ચોંટયું શબ્દનુ બાણુરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૦

ગોરજી એકાદશી એક વાતડી રે,
સાલે મારા રૂદિયા માંહેરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૧

ગોરજી બારસે બળ બાંધવા રે,
મેં તો જડિયા જીકરના બંધરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૨

ગોરજી તેરસે તીરથ દેહનું રે,
તેમાં રમવું દિવસ રાતરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૩

ગોરજી ચૌદસે ચો દિશ શોભતો રે,
તારો સચરાચારી રંગરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૪

ગોરજી પુનમે ચંદ ઉગિયો રે,
નાંચો 'ખાકી'નો સરદારરે દયાળ;
પીરજી વહેલેરા પધારજો રે. ૧૫

પદ, ૩૩. તેત્રીસમું.

રાગ. હિંચ. ગરબી.

ગોરજી સોમે સૂરજ ઉગિયો રે,
તેના પ્રગટયાં પરબળ નુરરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૧

ગોરજી મંગળે ગંગા ઉલટી રે,
ચાલ્યાં અવળે પૂરે નીરરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૨

ગોરજી બુદ્ધે શુદ્ધ ઉડી ગઇ રે,
હજુયે ના લાધ્યો પારરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૩
ગોરજી બ્રેહસ્પત વિત્યો વાતમાં રે;
રથડે થાઓને અશવારરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૪
ગોરજી શુક્રરે હવે શું એ કરૂં રે ?
મારા તનડામાં લાગે તાપરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૫
ગોરજી સનીચે સરવે છુટિયું રે,
મારા મોહ માયાના બંધરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૬
ગોરજી રવીયે રથ ખેડચો રે,
આવો દાંગ મૂલક મોઝારરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૭
ગોરજી અરજી 'ખાકી'ની શુણજો રે,
નાંયો વિનવે વારમ્ વારરે દયાળ;
સંદેશો ના આવીયો રે. ૮

સાખી

ાગળ મોકલો ગોરજી, પહોંચે મનના કોડ;
ંનતી સાંભળો માહેરી, નથી જગતમાં જોડ. (૯

પદ, ૩૪. ચોત્રીસમું.

રાગ. ગરબી.

શાહોજી અલખ દાતાર, મારે ઘેર આવોને;
હું લળી લળી લાગું પાયે, મારે ઘેર આવોને. (ટેક)
દરશન કાજે દયા કરી ઘેર આવોને.
મારા દુઃખ દારિદ્ર જાયે, મારે ઘેર આવોને. ૧
જંગલ જંગલ શોધયા, ઘેર આવોને,
પામ્યો નહિ હજુ પાર, મારે ઘેર આવોને. ૨
શેરિયે પથરાવું કુલડાં, ઘેર આવોને;
કંકુના પાથરણુ સાર, મારે ઘેર આવોને. ૩
પોઢણુ આપું ઢોલિયા, ઘેર આવોને,
ઓઢણુ આપું ચીર, મારે ઘેર આવોને. ૪
દાતણુ આપું શોભતાં, ઘેર આવોને,
નાવણુ આછા નીર, મારે ઘેર આવોને. ૫
સેવ સુંવાળી લાબસી, ઘેર આવોને;
સાથે ગળ ગળિઓ કંસાર, મારા ઘેર આચોને. ૬
ભાત પીરશું ભાવથી, ઘેર આવોને;
ઘેબર ખાજા સાથ, મારે ઘેર આવોને. ૭

બાસુદી પુરી પીરશું, ઘેર આવોને;
શિખંડ જલેબી નાથ, મારે ઘેર આવોને.
દુધપાક પેંડા ભાવથી, ઘેર આવોને;
સુતરફેણી બરફી સાર, મારે ઘેર આવોને.
ભજીયાને ભાજી રાંધીયા, ઘેર આવોને;
શાક કર્યાં તૈયાર, મારે ઘેર આવોને.
કરી કડી કચોળિયો, ઘેર આવોને,
દાળ દુધી સાથ, મારે ઘેર આવોને.
બદામ કાજુ દ્રાક્ષડી, ઘેર આવોને;
લાવું મેવો અપરંપાર, મારે ઘેર આવોને.
મુખવાસ આપું શોભતા, ઘેર આવોને;
જમજો નિત્ત નિત્ત નાથ, મારે ઘેર આવોને.
નાંચાના સ્વામી સાંભળો, ઘેર આવોને;
'ખાકી' વિનવે વારોવાર, મારે ઘેર આવોને. ૯

સાખી

ભોજન લાવું ભાવથી, ભવ તારણ ભગવાન.
વાલમ વહેલા પધારજો, જમવા શુંદિર શ્યામ. (૯

પદ. ૩૫. પાંત્રીસમું.

રાગ, હિંચ, ઘોળ.

કેમ દઉં તમને રે હરી જાવા ?
રહેજો મારા અંતશકણમાં આવા. (ટેક)
સાથે વ્હાલા વનડે ગયા છો મેલી ?
કેમ દુઃખ જાયે રે હો હેલી ? કેમ દઉં—૧
સાને વ્હાલા મનડું તે મારૂં ચોર્યું ?
કાળજું પ્રેમે રે હો કોર્યું. કેમ દઉં—૨
સાને વ્હાલા દરશન દીધાં પહેલાં ?
હવે કેમ કીધાં રે હો ઘેલાં ? કેમ દઉં—૩
ગોરજી વિયોગ તારો સાળે,
પ્રેમરસ તારૂં રે મુને બાળે. કેમ દઉં—૪
સત્ ગુરૂસેવા તે તારી કરશું,
લોકડિયાથી રે નહિ ડરશું. કેમ દઉં—૫
મારા મનડામાં હોંસ છે મોટી,
છેદજો વાસ્નારે હોય ખોટી. કેમ દઉં—૬
ચિત્તડું નિર્મળ કરજો મારૂં,
નામ નહિ મેલું રે શાહતારૂં. કેમ દઉં—૭
ધારી ધારી વાટ જોઉં છું વહાલા,
ભાંગો રૂદિયાના રે હો તાળા. કેમ દઉં—૮

૬

બાવાજી વાર લગાડો સાને ?
નહિ રહે ચિતડું રે હવે ઠામે. કેમ દઉ—
ગોરજી સેવકથી કેમ રૂઠયા ?
બાંધેલ વેણુના રે નથી તુટયા. કેમ દઉ—
સ્વામી અરજ શુણજો કાને,
નાંચાનું મનડું રે જેમ માને. કેમ દઉ—
ભવ બંધન કૂપમાં ડુલ્યો,
કુઆચારે રે હું ભૂલ્યો. કેમ દઉ—
ત્યારે સંચિત્ત મારૂં ફળશે,
મહા દુઃખ મારૂં રે હો ટળશે. કેમ દઉ—
બાકી'ની વિનતી શુણજો,
સંકટ સરવેરે હો હરજો. કેમ દઉ—

પદ. ૩૬. છત્રીસમું.

રાગ. હિંચ. ઘોળ.

મ ગયા મેલી રે હો બાવા ?
ને ધાયે છે આ જુગ ખાવા. (ટેક)
યારે મુને મેલીને જાવું'તું વહાલા ?
ને કીધા રે આવા ચાળા કેમ ગયા—

ચિત્ત મારૂં સાહેબજીથી લાગ્યું,
ભાગ્ય મારૂં રે હો જાગ્યું. કેમ ગયા—૨

થયો હું એક ઓશિંગળ તારે,
વેણલા તારારે મુને સાળે. કેમ ગયા—૩

જાણે ઘુઘર માળું ઝણુકે,
ગોરજી આવેરે એ રણુકે. કેમ ગયા—૪

મારે ચિતડે ચટપટ થાયે,
લાગે અંગમાં રે હોય લાયે. કેમ ગયા—૫

પીરજી દરશન દેવા ધાવો,
બુડતી બેડીને હો સાવો. કેમ ગયા—૬

જુગે જુગમાં ભટકી મરિયો,
માહ જળધારી રે આ દરિયો. કેમ ગયા—૭

ગોરજી પાર લગાડો બેડી,
બુડતાં લેજો રે હો તેડી. કેમ ગયા—૮

વહાલા મુને નામ તે વહાલું લાગે,
ભાવટ જેથી રે હો ભાગે. કેમ ગયા—૯

ગોરજી નામ ઈમામશાહ તારૂં,
કામ ના બગડે રે હો મારૂં. કેમ ગયા—૧૦

કીયે દેશ પધાર્યા મેલી ?
બાજો દુઃખમાં રે હો બેલી. કેમ ગયા—૧૧

હવે મુને ભીડ પડી છે ભારી,
વાટ એક જોઉં છું રે હો તારી ! કેમ ગયા–
હું પ્રેમે બંધાણો પ્રિતે,
ચોટયાં મારે રે હો ચિતે. કેમ ગયા–
નાંચો દુરબળ દાસ તારો,
કારજ એના રે હો સારો. કેમ ગયા–
'ખાકી' ભાવ ધરે જે પ્રિતે,
ગોરજી ભેટે રે ભલી રીતે. કેમ ગયા–

સાખી

ભાવ 'ખાકી' રાખવો, ભજવા ભવતારણ ભગવાન
પ્રેમે પગ ગુરૂ પુજવા, ગુરૂ ગોવિંદ જ જાણ. (૧

પદ, ૩૭. સાડત્રીસમું.

રાગ. વેળાવલ.

ઃખડાં કેમરે સેહેવાશે ? નાથ વિયોગી નહિરે રેહવાશે (ટે
જનમ દુહાગણ હુઇ જે નારી, ધિક્ક પડયો અવતા
વેહે દુઃખ મુજ પીડે, મળો શાહોજી લા
ઃખડાં કેમરે સેહવાશે ! નાથ વિયોગી નહિરે રહેવાશે.

ઢાને કહું વિનંતી મારી! મુજ અબળા અવત
નાથ નિરંજન એક અવિનાશી, મહમ્મદશાહ દાત
દુઃખડાં-

જનમજનમ મારાં ઢુંડતાં ગયા, હજુએ ના લાધ્યો
આશા મુજને એક તમારી, શ્રીનિષ્કલંકી અવ
દુઃખડાં

કરણી હમારીના જોજો સ્વામી, કરતાં ના આવડે
એક ઓશિંગળ હું તો તમારી, ઝાલોને મુજ
દુઃખડાં

નથી કીધું નથી દીધું, નથી લીધું કંઈ
અબળા અવળાનાં અવગુણ શાંખી, રાખો ચરણની
દુઃખડાં

આધારણ ત્રિલોકનાં, સબ જુગ સરજન
દાસ 'ખાકી' રે વિનવે, ઉતારો ભવપાર. દુઃખડાં
સાંચાનાં સ્વામી પ્રગટ આવો, દેવાને
જુગોજુગનો ભુલેલો જીવડો, શરણે છું
દુઃખડાં

સાખી

પ્રગટ આવો વાલમાં, વેળા વહિ વહિ જાયે
દયા સાગર શિરોમણી, ઝાલ્યા તમારા પાયે.

. પદ, ૩૮. અડત્રીસું.

રાગ, બિહાગ, વેલાવળનો.

વાલમજી વહેલા વળજો, દુઃખડાં સરવે હરજો;
અવગુણ સઘળા ચિત્ત નવ ધરજો. વાલમજી—
વાલમજી વેગે આવો. મન વાંચ્છિત્તા ફળ લાવો;
અલખ નિરંજન કાવો. વાલમજી—
નકલંકી રૂપ તમારૂં, મન હરી લીધું હમારૂં;
અવલોકિક રૂપ કામણ ગારૂં. વાલમજી—
હમો અવગુણનાં ભરિયા, આપ નિરંજન દરીયા;
એવા અમુલ રતનનાં ભરિયા. વાલમજી—
વાલા વિયોગ નવ શેહવાયે, એ દુઃખડાં કોને કેહેવાયે
આ કાળજડું બળી જાયે. વાલમજી—
કેહલું રૂપ તમારૂં, ભાંગો દુઃખ હમારૂં;
નરમહેમ્મદશાહ નામ તમારૂં. વાવમજી—
અરજ 'ખકી'ની સુણજો, દુઃખડાં સરવે હરજો;
શરણમાં રાખી લેજો. વાલમજી—
નાંચો દાસ તમારો, કારજ એનું સારો;
ભવ બંધન સરવે બાળો. વાલમજી—

પદ. ૩૯. ઓગણચાલીસમું.

રાગ, બેહાગ, વેળાવલ

ભીડપડી મૂરારી આવો નકલંક અવતારી;
અવલોકિક મૂર્તી તમારી. ભીડપડી–૧
કરતા યુગમાં કેમ આવ્યા? કોને તમને તેડાવ્યા?
આજનાં આવોતો થાશો ઠગરાયા? ભીડપડી–૨
શંખવાને કેમ હણિયો? દોશ તેનો શો ગણિયો?
અમરિષ એવો શો મણિયો? ભીડપડી–૩
પ્રેહલાદે શું બાંધી લીધા, એવા કામણ સેને કીધા?
હરણાકંશથી જરા નવ બીધા? ભીડપડી–૪
એવા છો બળવંતા, નરમહમ્મદશાહ ગુણવંતા;
નિજ નામને વંદા તે વંદા. ભીડપડી–૫
એવા અનેક કામ તમારા, ભક્ત અનેક ઓધાર્યા;
આજના આવો તો કઇએ ધુતારા. ભીડપડી–૬
કોલ સેનો લીધો? દુઃખ દાવાનળ દીધો;
તું કોનાથી બીધો? ભીડપડી–૭
અરજ કેમના શુણે કાન, કંઇક હમારૂં માન;
'ખાકી'ને દાસ નિરંતર જાણ. ભીડપડી–૮

સાખી

દાસ જાણજે 'ખાકી'ને, સેવે નિશદિન સાર;
આશા એકજ તાહરી, અનંતના સરદાર. (૧૩)

પદ, ૪૦. ચાલીસમું.

રાગ. ભજન

વેગે વહેલા આવોરે, ભીડું મારી ભાંગવા રેજી;
આજે નરમહમ્મદશાહ દાતાર, વેગે વેહેલા—ટેક.
સંસારિક બંધનરે, નિત્ત દમેરેજી,
આવી આપ છોડાવો મૂરાર. વેગે વેહેલા-૧
સુરતા મારીરે, પરવરતીને પાલે પડીરેજી,
એવા અવગુણ સહ્યા નવ જાયે. વેગે વેહેલા-૨
મુજનેરે, દેહીના દુઃખ અતી દમેરેજી,
પંચભૂત વાર્યા નવ જાયે. વેગે વેહેલા-૩
દયા દાન મુજનેરે, રૂચે નહિરેજી,
વિવેક વૈરાગ નવ ભાયે. વેગે વેહેલા-૪
છે તું ઓડોરે, નથી વેગળોરેજી,
પણ અંધારે ગોથાં ખવાયે. વેગે વેહેલા-૫

મળેરે સતગુરૂ, અનુભવીરેજી,
તેંયે જીવ ઇશ્વર એકજ થાયે. વેગે વહેલા–

એવો અલ્બેલોરે મારો નાથછેરેજી,
નામતે ગુણનાં કહેવાયે. વેગે વહેલા–

નામ રૂપતારૂંરે કેવી રીતે ઓચરૂંરેજી ?
જે અલખનિરંજન કહેવાયે. વેગે વહેલા–

તે આજેરે અરબી રૂપે આવિયોરેજી,
જાંબુદ્વિપે લીધો અવતાર. વેગે વહેલા–

શોળ કળાએરે સુરજ ઉગીયોરેજી,
ગોર ઇમામશાહને દરબાર. વેગે વહેલા–

કરણુ કલક મારે જે નર રમીયોરેજી,
તે આવ્યો અનંત કરોડી કાજ. વેગે વહેલા–

શાએ કીધીરે કરોડા કરોડનીરેજી,
તેમ 'ખાકી'ને લેજો ઓધાર. વેગે વહેલા–

સાખી

નાંચા નિર્મળ ચિત્તથી, રૂદિયે આનન્દ ધાર;
ભક્તિભાવે હરિ મળે, ચેતો ચેતનહાર. (

પદ, ૪૧. એકતાલીસમું.

રાગ વૈદ્રભીવનમાં વલવલે.

મરણુ કરતા દિન ગયા, હજુએ ના લાધ્યો પાર;
ગુરૂજી કયારે આવશે ?
ન વિકટ બિહામણુ, ચોદિશ ખાવાને ધાયે. ગુરૂજી—
ાધ વરૂને શિયાળવા, ચિતરા ફરેરે ચોદીશ. ગુરૂજી—
ંછ વાંદરને શાહુડી લોંકડી દેછેરે ફાળ. ગુરૂજી—
ંપચીતલને રીંછડા, અગિયર મહા મુખફાટ. ગુરૂજી—
ંગલમાં બહુ જીવડા, ગુરૂજી જુવેછેરે વાટ. ગુરૂજી—
ારે હૈયડે હોળી બળે, ચિત્ત વ્યાકુળ થાયે. ગુરૂજી—
ાર પોપટ બોલે ઘણા, ધરે તમારીરે આશ. ગુરૂજી—
ત્તડે મારે ચોંટી રહ્યા, વિત્યા દિવસને માસ. ગુરૂજી—
ાધારણુ ત્રિલોકના સબ જુગ સરજન હાર. ગુરૂજી-૧૦
ણે બાંધ્યો મુને વિઠલા, થયા આપ અલોપ. ગુરૂજી-૧૧
રબાર મુજને મુકાવીયો, મેલ્યું તારે વિજોગ. ગુરૂજી-૧૨
ાઈ રોઈનયને નીર ખુટયા, ચાલે શોણિત ધાર. ગુરૂજી-૧૩
ાણુ માર્યા મુને કારમા, કાળજે છેદ અપાર. ગુરૂજી-૧૪
ણુ વિખુટી મૃગલી, ચરે અન્નનાં ત્રણુ. ગુરૂજી-૧૫

નીર વિખુટી માછલી, છાંડે ઘડીએકે પ્રાણ. ગુરુજી-
જીવ કઠોર મારું કેટલું ? હજુયે ના મૂકે થંત. ગુરૂજી-
ડગડગ ઉઠે ડુંગરા, સુજે નહિ મુને પંથ. ગુરુજી-
દાહ, દઈ મુને શું ગયા ? રીશ કરો નહિ કંથ. ગુરુજી-
ચરણ ઉઠે નહિ ચાલવા, થરથર કંપે શરીર. ગુરૂજી-
વરસ વિત્યા કંઈ માસનાં, રહેતી નથી હવે ધીર ગુ.-
મેળો કરો મારા નાથજી, વેળા વહિવહિ જાયે. ગુરૂજી
ચિતડે ચોંટયા હવે કેમ ખશો, ભલે શીષ જોજાયે. ગુરૂજી
નાંચાની અરદાશ એટલી, દાસને દેજો દીદાર. ગુરૂજી
'ખાકી' સેવક સેવશે, સેવા તમારીરે સાર. ગુરૂજી

પદ, ૪૨. બેતાલીસમું.

રાગ. સેદખાનની વિનંતીનો.

દર્શન દેજો દીનાનાથ; દાસી છું. નાથ દર્શનદો
સાહે થાઓ સરજાનહાર; દાસી છું. નાથ દર્શનદો.
ભવે ભવ મારા વિજોગે ગયાં છે;
સંજોગ કરો સ્વામીનાથ;
દાસીછું. નાથ દર્શનદો—
ચારે જુગની ચેલી તે હારી,
પરણો પ્રેમે પ્રેમ નાથ. દાસીછું, ન

બંધન મારા આવી છોડાવો,
માયાના પાસ જુગ નાથ. દાસીછું, નાથ. ૩

કરોળિયોરે તારે બંધાણો,
તેવો થઇ મુજ ધાત. દાસીછું, નાથ. ૪

તાતણો તેણે પેટેથી કાઢયો,
તેથી થઇ તેમાં ઘાત. દાસીછું, નાથ. ૫

માયા બંધન તેવું જ જાણો,
તેવો કુટુંબનો સાથ. દાસીછું, નાથ. ૬

વિંછણુને જેમ બચલે ખાધી,
તેમ ખાયે પરીવાર દાસીછું નાથ ૭

ગુનાહ હમારા જોજો ના સ્વામી,
દયા કરોને દાતાર. દાસીછું, નાથ. ૮

દીન વચન દિનતાના જાણો,
દુર્બળ મુજ અવતાર. દાસીછું, નાથ. ૯

ભવબંધનમાં આવી ફસ્યો છું,
ફાંસી કાટો દીનાનાથ. દાસીછું, નાથ. ૧૦

ચરણ કમળ મારાં ચિત્તડે ચોંટયા,
લેહ લાગી દીનાનાથ. દાસીછું, નાથ. ૧૧

વિકટ વાટે હુંરે પડયોછું,
તમે ઝાલો મારો હાથ. દાસીછું, નાથ. ૧૨

વિલંબ હવે ના કરશો સ્વામી,
નહિ રહે બાજી હવે હાથ. દાસીછું, નાથ. ૧
કેઇયે બંધાણા ? શું ફંદે ફસાણા ?
વાર ઘણી થઈ નાથ. દાસીછું, નાથ. ૧
આકુળ વ્યાકુળ કાળજું કંપે,
ધારણ કેવી રહે નાથ? દાસી છું, નાથ. ૧
વનવગડામાં મેલી ગયા છો,
કંઈક કરો કૃપાનાથ. દાસી છું, નાથ. ૧
પાલ ફુટી નીર વહી ગયા છે,
કેમે વળે મારો સાથ ? દાસી છું, નાથ. ૧
વર્ષા રૂતુમા વીજરે ચમકે,
વાદળો માંડી ઘમઘોર. દાસી છું, નાથ. ૧
સરદ રૂતુમાં ઝાકળ મારે,
બરફ કરે છે ઢોર. દાસી છું, નાથ. ૧
ઊનાળે ઊફલાટ જ ઊઠે,
રોમે રોમે ઉઠે લાયે. દાસી છું, નાથ. ૨
એટલા કષ્ટ કાયા કહે છે,
પણ મનમાં આનંદ થાયે. દાસી છું, નાથ. ૨
ગુરૂજી મળતાં વિઘન જાશે,
જાશે મલેકાળનું પાપ. દાસી છું, નાથ. ૨

નાંચો તમારો સેવક સદાનો,
'ખાકી' આપનો દાસ. દાસી છું, નાથ. ૨૩

પદ. ૩. કિબત્ત. ૧.

એસો રોશન ઉજિયારો, જાપે ભહાન શશીકો વારો;
બીર દીનકો પ્યારો, જાને નાઉંફખર મેં પાયોહે.
મશું બનાયો, કર્તા આપહી રચાયો;
સ્ટ પડત બ્રહ્માયો, સેસ્ટકો ગુરૂ કાયો હે.
ાયે હો કૃપાલ, મોયે લીજીયો સંભાલ;
બીર દીનકે લાલ, મેને તેરોહી જશ ગાયો હે,
હેમદ નીરધારા કહે, તેરોહી આધાર;
ાવ કીજીયો નિહાર, મન ઇમામોદ્દિન સમાયો હે. ૧

પદ. ૪૪. કિબત્ત. ૨.

ાયે નરમેરે, નાવ મેરીકો લગાઓ,
ઠી હું કિનારે, મોએ તે રોહી શહારો હયે.
રી હું ઓથાહ, નહિ પાવત હે થાહ;
રી ભંવરને આયે, નહિ સૂજત કિનારો હયે.

ઉતરૂંગી પાર, મેં તો ઠહારી મજધાર;
જિન્કો સહારો, વોઇમામોદિનકો પ્યારો હે.
અહમદ તું ચિંત્તા અબમતકર;
મન અપને મેં ઉતરેગો પાર, નરમેરા મમુવારો હે.

સાખી

નાંયે વિનંતી અતી કરી, કીધી ત્રણસેને સાઠ;
ગુરૂજી મન ચેતીયા, રચ્યો લેવાનો ઠાઠ. (૧

પદ. ૪૫. પિસ્તાલીસમું

રાગ. મરથી.

ગોરજી ફરીયા મુલક ચોવીસકે, આવ્યા વનમાં રે લો
નાંયો વિલાપ કરે છે ત્યાંહીકે, હજીયે ના આવીયારેલો
મન મળવાની મોટી હોંસકે, પાર કેમ પામિયેરે લો
ના આવ્યા ચતુર શુજાણકે, ટળીવળી મરશું રે લો
ગુરૂ સમજ્યા નાયાની સાનકે, રથ ખેડાવ્યા રે લો
આવ્યા અવ્યા નાંયાના દેશકે, ભક્ત તારવા રે લે
ગોરે દીઠો નાંયો તાંહીકે, ફરે જ્યાં ફેરમાં રે લો
પડયો પગરવટે ખાડકે, માથાસમ ગરીયો રે લો

પ્રેમનો બાંધેલો જીવકે, દેહભાન ભુલીયો રે લોલ. ૯
તેને શુદ્ધ દેહની નાંહિ કે શુર્તા શાહોથી રે લોલ. ૧૦
તેને તે ગોરજી પાસે જાઈ કે, બોલાવે પ્રેમથીરે લોલ. ૧૧
ભાઈ નાંયા તું તો જાગ કે, હમે આવ્યા તેડવારે લોલ. ૧૨
ધન્ધન્ તારી માત તાતકે, ધન્ કુળે ઉપન્યો રે લોલ. ૧૩
તારી સઘળી પેઢી સારકે. કુળ તારૂં ઓધ્ધર્યું રે લોલ. ૧૪
ગોરે સમજાવ્યો બહુ વારકે,ત્યારે આંખ ઉઘડીરે લોલ.૧૫
જ્યારે દીઠું ગોરનું મુખ કે, આનંદ ઉલટયો રે લોલ. ૧૬
લાગે ગુરૂજીને નમી પાયકે, બન્યો પ્રેમ ઘેલડો રે લોલ.૧૭
ઓચરે જાવા હવે નહિ દઉં કે, ઝાલ્યો આ છેડલો રે
લોલ. ૧૮
ગોરે જોયું પ્રેમ ભરપૂર કે, બોલ્યા વાતડી રે લોલ. ૧૯
ખાકી'ની અરજી સાંભળો તાતકે, રાખજો લાજડી રે
લોલ. ૨૦

પદ. ૪૬. છેંતાલીસમું.

રાગ. ગરબી.

રૂ બોલ્યા ત્યાં નિરવાણકે, નાયા સાંભળો રે લોલ. ૧
દેયું તારૂં પવિત્ર સારકે, તન થયું નિર્મળું રે લોલ. ૨
ી ચિંત્તા તારી ટાળકે તને લેશું સાથમાં રે લોલ. ૩

નહિ મૂકું તને હવે રાનકે, રહે જો બેલડારે લોલ
યુગયુગ કરો રાજકે, અવિચળ પદ પાંમીયારે લો
મનની ટાળોને અધીરાઇકે, થાશો ગોઠિયારે લો
હવે ચાલો ગુજરાત દેશકે, બાપે પઠાવિયારે લો
કરવું છે ત્યાં કેટલું કામકે, શાહોજીયે મોકલ્યારે લે
ચોકડી સઘળીનો રચવો ઠાઠકે, અનંતનો સંઘ સા
લો

વિશ્વ કુંવારીનો છે કાજકે, તોરણ બાંધવારે લોલ
નરજી પ્રગટ આવે ત્યાંયેકે, રચવો માંડવોરે લોલ
કેટલીક રચના રચવો તાંહેકે, ભકતોનો ભય ભાંગ
લોલ

અનંતનો છેલો ભરવો ભ્રણકે શાહોજી આગળોરેલો
તેથી ચાલો નાંચા સાથકે, પંથ છે વેગળોરે લોલ
ત્યાંથી લીધો નાંગો સાથકે, ચાલે હોંશથીરે લોલ.
'ખાકી'ની કરજો એવા સાએકે, અવિચળ સારથી
લો

———

· ૭

પદ. ૪૭. સુડતાલીસમું.

રાગ. ગરબી

રૂજી ચાલ્યા નાંચાને સેઇકે, ગુજરાત આવીયારે લોલ. ૧
ાવ્યા અમદાવાદજ શહેરકે, શાહને મન ભાવીયારે
લોલ. ૨
મદાવાદે રહ્યા કંઇ દિન્કે, કોચરબે આવીયારે લોલ. ૩
રછા પૂર્યા ત્યાં અતિ સારકે, પાર નાં પામીયેરે લોલ. ૪
રૂજી રહ્યા ઝાઝા દિનકે, વળતા આવીયારે લોલ. ૫
ાવ્યા તે ગિરમથે ગામકે, પાદરે ઉતર્યા રે લોલ. ૬
વ વર્ષાવ્યો તેને દિનકે, સપ્ત કાળી ટાળીયોરે લોલ. ૭
ળતાં વસાવ્યું પીરાણા ધામકે,વાવ નસાડીયોરે લોલ.૮
વારકા ક્ષેત્ર જાંબુદ્વીપકે, ગંગા સાબર કાંઠડેરે લોલ. ૯
હેમપુરી નગરી શોભે સારકે, દુઃખડા ત્યાં ટળેરે લોલ. ૧૦
ાથે સેવક બીજા ચારકે, શાંભળો નામને રે લોલ. ૧૧
ાભા રામને ફીકી બાઇકે, શાણો શોભતા રે લોલ. ૧૨
ાજર બેગ હજુરે સારકે, આનન્દ માલતા રે લોલ. ૧૩
નેક ચરિત્ર ગુરૂજીના સારકે, પાર નાં પામીયેરે લોલ. ૧૪

મુડામાંથી મુડી એક કે, કણુ એકમણુથી રે લોલ. ૧

નાંચાકાકાનું વર્ણન એક કે, ગુરૂજી નામનું રે લોલ. ૧

ગાયે સિખે શાંભળે જેહકે, ત્રિવિધ તેના ટળેરે લોલ. ૧

જેણે ઓળખ્યા શ્રી નકલંક કે, યુગો યુગે અવતર્યા રે
લોલ. ૧

દશે રમીયો દીન દયાળકે, તેને જે વર્યા રે લોલ. ૧

યાંમશે મુક્ષને દિદારકે, 'ખાકી' એમ ઓચરેરે લોલ.

પરચુરણ પદ.

પદ. ૧. લું.

રાગ, ગરબી. (પુનમ ચાંદની નો)

ગુરૂભેટયા મુને ભાવે ભવ તરવારે, લેશે સેવકની સંભાળ;
ભાવે ભજીયે પીરશાહ નેમનેરે.
મનુષ્ય દેહ ફરી કેવી રીતે આવશેરે, વેળા વીતેછે આવાર.
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. (ટેક)

સુખ સંપત સરવે મળી; મળિયો મનુષ્યા દેહ;
અવતારણ ભેટીયા, તોએ ના લાધો છેહ.
જુઠી માયાએ મન બાંધીયું રે,તેથી પડશે ચોરાસીની જાળ;
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. ૧

સંચિતે સરવે મળ્યું, મનુષ્યને ભરતખંડ;
સાફળ તે જો થાયે નહિ, તો પડશે દેવનો દંડ.
હળીમળી સાથે સહુને ચાલવુંરે,ભજવા એકજ દિનદયાળ;
ભાવે ભજીયે પીરશાહ નામનેરે. ૨

કુટુંબ કબિલો કારમું, ચોદિશ ખાવા ધાયે;
મૂરખ તે શું મોહી રહ્યો, જન્મ અકારત જાયે.

મારૂં તારૂં મૂરખે મન માનીયું રે, પણ સર્વે એકજ દયાળ
ભાવે ભજીયે પીરશાહ નામનેરે.
જુગત્તિ જુગની જાણવી, આદે અંતની રીત;
જે પંથે વિષ્ણુ ચાલ્યા, તે શું દેવું ચિત્ત.
વાટે વાટે જાવું આપણેરે, જે ધારે હોય ગોપાળ;
ભાવે ભજીયે પીરશાહ નામનેરે.
અખિલા નંદ આનંદ કંદ, વિશ્વ વ્યાપક જેહ;
સગુણ રૂપે આવીયા, ખોળી કાઢો તેહ.
વેદ વાણી યુગ સાથે સાંધવીરે, જોવા ગોર બ્રહ્મ દયાળ
ભાવે ભજીયે પીરશાહ નામનેરે.
નાંયાની અરજી ચિત્ત ધરી, ગુરૂજી આવ્યા ત્યાંહેં;
પુરવના સંજોગથી, ઝાલી તેની બાંહેં.
'ખાકી' સેવા નિસદિન કીજીયેરે, ભે રાખી વેદની ભાળ
ભાવે ભજીયે પીરશાહ નામનેરે.

પદ, ૨. જું.

રાગ. આશાવરી, ભેરવી, એમાં

કોઇ નહિ સંગીરે, જગતમે કોઇ નહિ સંગી;
કાયે ફીરે નવરંગી ? જગતમે કોઇ નહિ સંગી. (

ાત પીના અરૂ સુત બન્ધુ, સ્વારથ કે સંગી;
અંત સમે પોકાર કરે પન, હે દિલ બે રંગીરે. જગ૦ ૧

હેન ભાનેજા કુટુંબ કબીલા, અરૂ ત્રિયા તંનકી;
શંડ ચલ્યો હંસા જબતનકો, કહો હે ફિર કિનકીરે;
જગ૦ ૨

ાનયા તનકી પુત્ર વધુ સબ, શક્તિ જબ તનકી;
કર જેવર સબ ગિન્ને લાગે, ગતી ભંગ હુઇ જનકીરે.
જગ૦ ૩

મેત્ર મીલાપી દોશ બિરાદર, મિલન સબ ઝરકી;
થ ગયેશે ભાવનાં પુંછે,કેહ! કોન તેરા સંગીરે. જગ૦૪

માઠું પહેરજો સંગમે રહેવે, સેવાનાં જાને તિનકી;
દૂરખ ભ્રમમે ફીરા ભુલાના કાહેમરે ભટકીરે. જગ૦ ૫

અવશાર હાથું ફિર નહિ આવે, જો જાયે ઘડી અબકી;
ેત ચેત મુરખ અભાગી, કર સેવા રબકી. જગ૦ ૬

ાત ભજન હિરદે ધરલે, સુરતા એક અનહદકી;
ારન ગુરૂકે 'ખાકી' સેવે, લવના પ્રેમ પદકીરે. જગ૦ ૭

પદ, ૩. જું.

રાગ. ગોડી, કલ્યાણી.

સમરન એક શુભાનારે ભાઈ, (૨)
ઘટ ઘટ એક અવિચળ નિશદિન;
વસી રહ્યો દિલ જાનારે ભાઈ. (ટેક
સકળવ્યાપિક સબ ઘટ બોલે,
બોલન ચાલન ન્યારારે ભાઈ;
રંગે રંગે અધિક અનુપમ,
એકસે એકહે ન્યારારે ભાઈ. સમર
આકાશ રચિયા પૃથ્વી બનાઇ,
કીધો સકળ પાશારારે ભાઈ;
પવન પાણી અગ્ની સરજી,
રહ્યો સબશેં ન્યારારે ભાઈ. સમર
ઇધર તિધર જીધર ઉધર,
બોલે બોલ બસારારે ભાઈ;
કોન કહે તું યાંહીં નહિ ?
જીધર તિધર કિર્તારારે ભાઇ. સમર
અધીક નેહડા મીલના કડનહે,
વાટ વિકટ લોહ ધારારે ભાઈ;

શિષહી જીવ પ્રાણના ભાવે,
તોહી પાવે કિર્તારારે ભાઈ. સમરન૦ ૪

પ્રેમ રસ પીવે શોપદ પાવે,
પામે સરજનહારારે ભાઈ;
વિના પ્રેમે રખડી મરીયા,
પડ્યો ભવકૂપ મોઝારારે ભાઈ. સમરન૦ ૫

લાજે લજવાણું મુરખ અભાગી,
ભમે ભવ સંશારારે ભાઇ;
લક્ષ ચોરાસી તિન શિર ચોંટી,
જિનેના જાણ્યો શાહ અવતારારે ભાઈ. સમરન૦ ૬

પૃથ્વી પગ વિષ્ણુ નવ ધારે,
રશાતળ હોયે સંસારારે ભાઈ;
પ્રગટ સ્વામી યુગે યુગ રમીયા,
સો નવ જાણે લોક ગંવારારે ભાઈ. સમરન૦ ૭

નાંયા કાકા દાસ તીહારા,
ગુરૂજી રક્ષન હારારે ભાઈ;
'ખાકી' ભાવે કૃપા કરશે,
અલેખ એક દાતારારે ભાઈ. સમરન૦ ૮

પદ, ૪ ચોથું.

ગરબો (ચાલોને સાહેલી સૌ સાથ, જલ ભરવાને) એ

ચાલો ચાલોરે હાંહાંરે, ચાલો ચાલોરે રૂષિવર સા
હરિને ભજવાને.
લિયો લિયોરે હાંહાંરે લિયો લિયોરે, સમરણી હા
પીરશાહ જપવાને. (ટેક
હરતાં ફરતાં નામ ધણીનું, ઉમંગ અંગના માયં
અલીચિત્ત ધરવાને. ચાલો ચાલો
હરણાકંશ માર્યો પ્રેહલાદ તાર્યો, કરી અલીયે શા
ભક્ત જીવ જોવાને. ચાલો ચાલો
દશ શિર રોળ્યો, ભભિક્ષણ રાખ્યો, હરિચંદની કીધ
રમત રમવાને. ચાલો ચાલો
અનેક રૂપ અન્ત જુગમાં લીધાં, તારવા મુનિવર ચ
ભકત સાએ કરવાને. ચાલો ચાલો
અલી આજે નર મહમમ્મદશાહ આવ્યા, ગુપ્ત ર
આલમાં
દીધા કોલ પાળવાને. ચાલો ચાલો
સમરણ કરીયે દિલ ના ડરીયે, કરશે રૂષિવરની ર
વિઘન હરવાને. ચાલો ચાલો

મન થર કરવું ચિત્ત ત્યાં ધરવું, સુરતાત્રિવેણી માંહે;
એક રસ થાવાને. ચાલો ચાલોરે૦ ૭

મન મારીને મેદો કરવો, સુરતી શલ્યા માંહે;
ધિરજ ધરવાને. ચાલો ચાલોરે૦ ૮

સુખ દુઃખ સહેવું મુન રહેવું, કહેવું ન કાંયે;
અમ્મર પદ પામવા ચાલો ચાલોરે૦ ૯

એટલું કરશો શાહાને મળશો, સરવત્ર એકજ થાયે;
"ખાક" ગુણ થવાને. ચાલો ચાલોરે૦ ૧૦

અમ્મર ગુરૂ વાણી 'ખાકી' કહે જાણી, કરે રૂષિવરની સાહે;
વિમરસ કરવાને. ચાલો ચાલોરે૦ ૧૧

પદ, ૫. પાંચમું.

રાગ, (યશોદાના જાયા)

ફાતમાના જાયા ડાહ્યા, આકરશાહના વિરારે,
વારે આવો વહેલા મારા. હૈયા કેરા હીરારે.
જગદિશ્વર આશા તારી, આવોરે.
હાંરે હાંરે વાલા આવોરે......૨......(ટેક.)

વિનતી શુણજો માહેરી, શ્રી હરી મોરાર;
જગ તારણ દુઃખ હરણ, નર મહમ્મદશાહ દાતાર.
ફાતમાના૦

ફોલ પાળવા આવીયા, ગોર ઇમામશાહને ઘેર;
દયાળુ દાતારજી, અન્નંતર કરી મેહેર. ફાતમાના૦
ખેતો રાન્યો પલકમાં, ગર્વથી કાઢયો દુર;
ગર્વ હરજ જગતના, તાણી લીધું નુર. ફાતમાના૦
ભાભા રામને રાખીયો, રથ સોંપ્યો તે હાથ;
મુકિત દીધી પલકમાં, હેતે લીધો સાથ. ફાતમાના૦
નાંયો લીધો રાનથી, મહા હત્યારો અપાર;
તેને તાર્યો પલકમાં, ના લાગી વાર. ફાતમાના૦
હાજર બેગ હજુરમા, ઇરાની રાજકુમાર;
આદે અંત્તના ભકતને, પુન્યશાળી અવતાર. ફાત૦
'ખાકી'દાસ છે આપનો, રાખજો તેની લાજ;
છેડો ઝાલ્યો આપનો, કઠણ વેળામાં મહારાજ. ફાત૦

પદ, ૬. ઠું.

રાગ. ગરબી.

આવી અરજ સૂણો મૂરાર,
બુડાયે મારી નાવડલી;

તારો આવી અલી સરદાર;
બુડાયે મારી નાવડલી. (ટેક.)

હું તો આવ્યો છું તારી શરણુમાં,
લાજ તે તારી કહેવાયે. બુડાયે૦ ૧

અવતાર લીધા જેરે કારણીયે,
તે કોલ પાળો કિર્તારરે;
દુઃખ દરિયાનો પારના આવે,
સંસાર સમુદ્ર મોઝાર. બુડાયે૦ ૨

જહાં જોઉં ત્યાં તેવા દીશો,
નર મહમ્મદશાહ અલી આપરે;
ઈમામશાહ ઘેર પંડે પધારી,
કૃતાર્થ કીધા અપાર. બુડાયે૦ ૩

સંસાર ભલ્યો તારા આરાધથી,
વળગ્યો પાખંડે અપારરે;
ચરપટ કરનો કાળિંગો ચાલે,
રાખે સર્વે તેનો આધાર. બુડાયે૦ ૪

જ્યારે શરણુ પ્રેહલાદે લીધો,
પ્રગટ થયા મૂરારરે;
નૃસિંહ રૂપે કૃતા યુગમાં,
પ્રગટયા સ્થંભ મોઝાર. બુડાયે૦ ૫

કરણ કલાફની રમતો તમારી,
બુજી શકેના ગમારરે;
પાર પલકમા પામે તે તો,
રાખે તુજ ઉપર આધાર. બુડાયેં૦ ૬

અમૃત શરીખા વેણ તમારા,
પીધેથી અમ્મર થાયેરે;
જાણ્યું અજાણ્યું કરશે જે નર,
નિશ્ચે તે પરલે જાયે. બુડાયેં૦ ૭

આપનો સેવક 'ખાકી' સદાનો,
છો સતૂચિત આનન્દ સ્વરૂપરે;
ચારે જુગનો ભૂલેલો જીવડો,
કરો હરી એકજ સ્વરૂપ. બુડાયેં૦ ૮

પદ. ૭. મું.

રાગ. કાફી.

વિશ્વ વાશી વિષ્ણુથી નેહ બાંધ્યું,
જાગી જોત સ્વરૂપે ચિત્ત સાંધ્યુંરે. (ટેક
ખટપટ સરવે આત્ત્મારે મૂકી;
કરમેથી જીવ છુટયો;

જ્ઞાનનું ઘરેણું અંગે આ રોપ્યું તારે,
તિમ્મર સરવે ટળ્યોરે. વિશ્વ૦ ૧

ત્રેવેણી સંગમ નીચેરો મૂકી,
આગળ વાટજ લીધી;
ત્રણ કોશ પર ગામ અનુપમ,
ત્યાં સુર્તાએ અચરજ દીઠું રે. વિશ્વ૦ ૨

એથી આઘેરોરે દેશજ કહીયે,
ત્યાં સુર્તા બળ અટકે;
વાધ્યો ત્યાંથી જોત નિહાળી,
અમ્મર કુપે દ્રષ્ટ પટ્કેરે. વિશ્વ૦ ૩

અનેક રૂપે નરજી આવ્યા,
દશમે મેંહેદી પરમાણું;
જે નકલંકી નારાયણ વિષ્ણુ,
તે તેને નિશ્ચે જાણું રે. વિશ્વ૦ ૪

એટલા નિશાન જ્યારે નીચોરા મુકયા,
આઘેરોશાહ મારો ઠટકે;
વિઘ્ન વિનાશક 'ખાકી' તણો,
મહમ્મદ માથે અલી તોરો લટકે. વિશ્વ૦ ૫

પદ, ૮. મું.

રાગ, કાફી, ધીરાના રાગની

મુજને નામ વ્હાલુંરે પીરશાહ મુકું નહિ,
એવું અમૃત પીધુંરે, તેને હવે થુકું નહિ. (ટે!

જેમ મૃગ વિંધ્યો વિણાએ, મોરલીયે વિંધ્યો નાગ
વાશનાએ ભમ્મર વીધાંણો, પતંગ બળી થયો રા
મન મારૂં વીંધ્યું રે, બીજે કંઈ ભાળું નહિ;
એયો અનુપમ હિરલોરે,કાચે કરી આપું નહિ. મુજ

સાએ કરી જગદિશ્વરે, રાખ્યા કરોડા કરોડ;
એવા અનુપમ ઢોલોરે, નથી જગતમા જોડ,
તે મૂરખ પસ્તાણોરે, જેણે વિશાર્યો રાગે કરી;
ભૂલાવ્યો તે ના ભૂલેરે, જેને રગે રગથી અલગો ન
મુજ

જ્યાં ત્યાં રૂપજ તેનું, જોતી સમ્ ભરપૂર;
ચિત્ત વિચીત્ર તેથી ના સૂઝે, સબઘટ તેનુ નુર,
સમૂરણે સાએ કીધીરે, હાજર ઉભો રહી;
તે નુર નારાયણનુરે, ઘટો ઘટ બોલે જઇ. મુજ

એકજ શાંઇ રમત ઘણેરી, જહાં તહાં ભરપુર;
મૂરખ મન ચેતી ના શકયો, તેથી પડીયો દુર,
નામે તે ઓળખાણોરે, અરબી રૂપે સહી;
અલી સાએ કરજોરે, 'ખાકી' બીજે જાએ નહિ. મુ. ૪

પદ. ૯. મું

રાગ. ગરબી.

ગુરૂજી ને વિનવું રે, તન મન ધન વારી,
અર્પું શિશ ગુરૂ ચરણે રે, હિમ્મત દિલધારી. (ટેક.)
જીલ્લે અમદાવાદમાં, તાલુકે દશક્રોઇ;
ગામ પીરાણામહાં, કુંવારી ધરાજોઇ.
જોઈ મન હરખ્યું રે, ગુરૂ આનંદકારી;
ચિત્ત મારૂ ચોટયું રે, દિલે આનંદધારી. ગુરૂજી૦ ૧
પ્રગટ પીર ઈમામશાહ, ગોર બ્રહ્મા અવતાર;
ફેર અવતારે આવીયા, નર મહમ્મદ શાહ દાતાર.
જોઇ મોહ પામીરે, દીલે આનંદ ધારી;
હાજર બેગ હજુર છેરે, જાઉં હું બલીહારી. ગુરૂજી. ૨
ગામ શોભે સરસ, સદાવ્રત આપે નિત્ત;
દાસ છું તમૂ તણો, ચરણ કમળની પ્રીત.

એમની વોંસના રે, સૈયદો છે ભારી;
પીરાણે એ રહેછેરે, તે સરવે હક ધારી. ગુરૂજી

નામ સુરત પીટલાદમાં, રહે છે સૈયદ જન;
નામ સર્વના દેતો નથી, ધરજો સાચે મન.
યાત્રાએ લોક આવે છે રે, ઘણા નર ને નારી;
નમે આપ ચરણે રે, તન મન ધન વારી. ગુરૂજી

પરછા ઘણા પુરીયા, કેહેતાં ના આવે પાર;
કાશી દેખાડી પલકમાં સંઘ પામ્યો દિદાર,
ધર્મ સૌ પાળે છે રે, ઘણા નર ને નારી;
ઉત્તમ અવતારી રે, મનહર સુખકારી. ગુરૂજી

'ખાકી' કરજોડી કહે, રાખો ચરણુની પાસ;
દાસ તમારો જાણીને, ઓધારો જુગરાય;
દાસ આપનો વિનવેરે, બન્ને કર જોડી;
આસ ધારી તમારીરે, જપે તન મન વારી. ગુરૂજી

પદ, ૧૦. દસમું

રાગ. ગરબી

શાહોજીને ભજવું રે, તન મન ધન વારી;
પીરશાહ નિત્ય જપવું રે, લેશે ભવ જળ તારી.

ધ્યાન ધર્મપર રાખીને, ધર્મ પાળું સદાયે;
મન મારૂં ચોંટી રહ્યું, નિત્ત નિત્ત લાગું પાયે.
મોહ, મદ તજીનેરે, કરૂં ભકિત દિલધારી;
અમને તારી લેજોરે, ભવજળ છે ભારી. શાહોજી૦ ૧

મચ્છ આ દિ રૂપ ધરી, ભકતની રાખી લાજ;
પાંચ કરોડી તારીયા, કરતા યુગે મહારાજ.
ત્રેતા યુગમાં આવ્યોરે, હરિચંદને તારી;
સાત કરોડી સીધ્યારે, ભવજળથી ભારી. શાહોજી૦ ૨

[illegible]પુર યુગમાં આવિયા, તાર્યા યુધિષ્ટિર રાયે;
[illegible]વ કરોડી ઓધર્યા, લાગ્યા શાહોને પાયે.
અમને તારી લેજોરે, પ્રેહેલાદ લીધો તારી;
સાએ સેવકની કરજોરે,તમ વિના દુઃખીભારી.શાહોજી૦૩

[illegible]ર સુદરદિન આવી, તાર્યા કરોડી બાર;
[illegible]ગળ નાવે ઉતારીયા, સેવકને ભવપાર.
અન્નંત ઓધારશોરે, દશમાં અવતારી;
નકલંકીરૂપ ધરશોરે,અન્નંતના ઓધારી. શાહોજી૦૪

[illegible]ાકી'દાસ છે આપનો, આદે અંતની રીત;
[illegible]ન નિર્મળથી ભજું, ચરણ કમળની પ્રીત.
[illegible]ાસ આપનો જાણીરે, સૌએ થાઓ મોરારી,
વિધ્ન મમ્ હરજોરે, અચળ દાતારી. શાહોજી૦ ૫

પદ, ૧૧. મું.

રાગ, ગરબો.

સખી પડવે તે પંથે સીધાર્યારે,
અઘોર વનના તે મારગ ઝાલ્યારે;
સાથે હાજર બેગતે આવ્યા,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે.

સખી બીજે તે વનમાં બિરાજ્યારે.
ત્યાંતો એક લૂટારો રહેછેરે;
નામ કહેતાંતો નાંચો કહે છે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે.

શખી ત્રીજે ત્રિભોવનના જાણ્યારે,
લૂટવા કાજે હૈયે હર્ષ આણ્યારે,
જેવા તીર ચડાવીને તાણ્યા,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે.

સખી ચોથે ચતુરાઇ કીધીરે,
હાથ ઉંચારહો એ આજ્ઞા દીધીરે.
પછી અમ્મર દ્રષ્ટિ કીધી,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧

સખી પાંચમે અમૃત સીંચ્યો,
નામ ગુણવંત નાશિરદીન કીધોરે;
શિષ્ય જાણીને સાથે લીધો,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૫

સખી છઠ્ઠે આવી પોંત્યારે,
આવી આશાન સાગર ત્રષ્ટે કીધારે,
નીર ચોદિશ ત્યાંતો દીઠા;
વિશ્વપતી ગોર હૃદયમાં રહેજોરે. ૬

સખી સાતમે લીલા ત્યાં કીધીરે,
પૂર ફાડોને વાટજ લીધીરે;
ત્યાં તો પાર તે ગાડી કીધી,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૭

સખી આઠમે ગિર્મથે આવ્યારે,
ત્યાંતો સરવેને મંન ભાવ્યારે;
લાવી વર્ષાદ ધાન નીપાવ્યા,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૮

સખી નોમે તે કૃપા કીધીરે,
તીર નાખી જગ્યા તે લીધીરે;
સાવજે ચર્ણરજ શિર લીધી;
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૯

સખી દસમે દરગા બંધાવેરે,
ત્યાંતો મજુર સરવે આવેરે;
સર્વે લોકોને મન ભાવે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૦

સખી એકાદશી તે કહીયેરે,
ત્યાંતો નિશદીન આનન્દ લૈયેરે;
અહાર નિંદ્રા તજી બેસી રહિયે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૧

સખી બારશે રોજો ચણાએરે,
મજુરોને આનન્દ ન માએરે;
ગાદી હેઠેથી નાણુ અપાએ,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૨

સખી તેરસે મજુર વિચારેરે,
ગાદી હેઠે તે નાણુ કાવેરે;
રાતે આવું તો સૌ હાથ આવે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૩

સખી ચૌદસે ખોદી થાકયોરે,
પછી બમણે દામે આનન્દ વ્યાપ્યોરે;
સ્વામી દ્રષ્ટે નવનિધે થાપ્યો,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૪

સખી પુનમે સંઘ શોહાવેરે,
યાત્રાળુ તે કાશીયે જાવેરે;
ગુરૂ પ્રતાપે દર્શન પાવે.
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૫

સખી પુનમચંદ અલી કહીયેરે,
તેની કૃપાએ આનન્દ લૈયેરે;
એના દર્શને અમર થૈયે,
વિશ્વપતીગોર હૃદયમાં રહેજોરે. ૧૬

સખી ઈમામ અદ્રષ્ટ આવેરે,
તેતો આલે અખંડ શોભાવેરે,
તેનો પાર તે કોઇ ના પાવે,
વિશ્વપતીગોર હૃદમાં રહેજોરે. ૧૭

સખી પંદર તિથી થઈ પૂરીરે,
એતો 'ખાકી'એ હર્ષ શું જોડીરે;
કૃષ્ણપક્ષ દશમે થઇ પુરી,
વિશ્વપતી ગોર હૃદયમાં રહેજોરે. ૧૮

પદ, ૧૨ મું.

રાગ ગરબો.

સખી પડવે અબોલા ના રહિયેરે;
અવગુણ તે સઘલા સહિયેરે;
નરમહમ્મદશાહ દર્શન દૈયે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે.

સખી બીજે તે બહુ નામીરે,
કરોડી અનંતના આપ સ્વામીરે;
હું અરજ કરૂં શિષ નામી,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે.

સખી ત્રીજે સકળ ગુણ ભરિયારે,
એવા આપ અક્કલના દરિયારે;
આજે કળયુગનો વર વરિયા;
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે.

સખી ચોથે ચરિત્ર બહુ કરીયારે,
કરતા યુગમાં પ્રેહલાદ તરીયારે;
એવા સાતે હરિચંદ વરિયા,
શ્રી નકલંકો નાથ દર્શન દેજોરે.

સખી પાંચમે પાંડવ આવ્યારે,
શ્રી બુદ્ધે હિમાળે સિધાવ્યારે;
નવ ક્રોડી અભ્ય પદ પાયારે,
શ્રી નકલંકી, નાથ દર્શન દેજોરે. ૫

સખી છઠ્ઠે કલિયુગમા આવ્યારે,
બાર ક્રોડી સુદર દિન લાવ્યારે;
એવા અનેક ભક્ત ઓધ્ધાર્યા,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૬

સખી સાતમે સેવી સુખ લેયેરે,
આત્મ એક દુઃખ કેને ના દેયેરે;
માહા વાયક સમજી રહિયે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૭

સખી આઠમે આનંદ લેયેરે,
કામ ક્રોધ લોભ તજી દેયેરે;
વાઢી વિકાર બ્રહ્મમાં ભ ળયે,
શ્રી નકલંકો નાથ દર્શન દેજોરે. ૮

સખી નોમે ' હુ ' પર હરીયેરે,
દયા ક્ષમા યે આનન્દ લૈયેરે;
વિવેક વૈરાગે ભવ સાગર તરીયે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૯

સખી દશમે દયાળ ઓળખાયારે,
તેના રૂપે અજંપો જપવોરે;
શાહા રૂપે ધ્યાનજ ધરવો,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે.

સખી એકાદશી નિષ્ફળ જાશેરે,
બીજ શુકરવારી બહુ ફળશેરે;
તેત્રીસ કરોડીમાં જઇ ભળશે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે.

સખી બારસે બાહેર કેમ ભમીયેરે,
સઘળા દુરીજનથી મન ડરીયેરે;
અંત્ર ટાળી બ્રહ્મ વરને મળીયે,
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે.

સખી તેરસે તિરથ સાચોરે,
પડી રહેશે તે પિંડ કાચોરે;
જઈ સત્ય સંગતમાં રાચો,
શ્રી નકલંકી નાથ દર્શન દેજો.

સખી ચૌદસે ચો દિશ બીતીરે,
બીજા સરવે ફોગટિયા મોતીરે;
મોતી સાચા તે લેજો ગોતી;
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે.

સખી પુનમે પ્રેમરસ મીઠો રે,
શાહા પીર દરબારે દીઠો રે;
લાગે પીરશાહ 'ખાકી'ને મીઠો;
શ્રી નકલંકી નાથ દર્શન દેજોરે. ૧૫

પદ, ૧૩. મું.

રાગ ભજન ચલતીનું

'ગમાં જીવવું થોડું રે હંસા, જવું છે વહેલું મોડું. (ટેક)
વન લહેરે પર સ્વાર છે ને, મરણ આવે દોડયું.
ડાવ્યું નહિ છુટે, જયારે જમે ડોકું તોડયું. રે હંસા;
જવું છે વહેલું મોડું. ૧
ગા કુટુંબી સરવે સંગી, જ્યાં લગી ગાંઠમાં નાણું.
રવિના કોઈના બોલાવે, એવું આ કમઠાણું રે. હંસા;
જવું છે વહેલું મોડું. ૨
ચિંન્ત સુતો જરા ન જાગ્યો, કયાં રહેવું ? કયાં જાવું ?
પેલો કોલ તે કેમ વિશાર્યો ? માયામાં લપટાણું રે. હંસા;
જવું છે વેહેલું મોડું. ૩
ત સમાગમ કદી નાં કીધો, અંતર હેત ના આણ્યું.
ષે સુખમાં લિન થયો પણ, નથી એથી અજાણ્યું રે. હંસા
જવું છે વેહેલું મોડું. ૪.

સગાં સંબંધી વહેરી તારા, તેમાં મન બંધાણું.
અતી પ્રેમે પોકાર કરે પણ, ટાલે હરીભજનનું ટાણું રે. હ
જવું છે વહેલું મોડું.

વારે વારે હરિ આવિયા, તોએ તેં નાં જાણ્યું !
કહે 'ખાકી' આકલજુગમાં, નરમહમ્દશાહનામગવાણુંરે. હ
જવું છે વહેલું મોડું.

પદ, ૧૪. મું.

રાગ. ભજન.

જગસે નહિ ડરૂંગા એ, કે શુમરન ખુબ કરૂંગાજી. [
એક નિરંજન જો અવિનાશી, જગ ઓધારણ આ
શ્રી નિષ્કલંક નારાયણ વિષ્ણું; ભેદ તિસકા પાયા
જગસે નહીં ડરૂંગા એ—

લાજ ના જાણું મરજાદ ના જાણું, ના જાણું અંતર
એક અવિચળ નિશદિન જાનું. જો રૂપ ધર કર અ
જગસે નહિ ડરૂંગા એ—

મેં જાનું કે વોહી જાને, જીસ્ને રૂપ સમાયા;
જુગો જુગમે રમકે શાંઇ, રૂપ અલીકા ધરાયા;
જગસે નહિ ડરૂંગા એ—

યેહ સંતન કે મત્ જગતમે, જો રૂપ વિષ્નુકા પાયા;
જુગમે જો હી રૂપ હરીકા, વોહી અભેપદ કહેવાયા.
જગસે નહિ ડરૂંગા બે— ૪

વોહી રૂપ આજ અવિનાશી, મહમ્મદ નામ ભણાયા;
ઈમામશાહકે ઘરકો પધારી, પીરશાહ ખુદ જપવાયા,
જગસે નહિ ડરૂંગા બે— ૫

મેહેર કરના દાસકે ઉપર, 'ખાકી' ચરનમે આયા;
એસી કૃપા દયાલકી હો, ના લોપે મોહ મદ માયા ?
જગસે નહિ ડરૂંગા બે— ૬

પદ. ૧૫. પંદરમું.

રાગ. ભજન.

વન વન નહિ ફીરૂંગાબે, કે બ્રહ્મસે મીલા રહું આજી. (ટેક)
અડશઠ તિરથ અબ્ નહિ જાઉં, ઉજડ ઘરસે માયા;
અડશઠ તિરથ આન રહે સબ્ બ્રહ્મમેં ધામ બનાયા.
વનવન૦ ૧

એકહી તિરથ બ્રહ્મ નિરંતર, અણુઘટ ઘાટ ઘડાયા;
વિકાર સમજે દુર કીયે તબ, બ્રહ્મા નામ ભણાયા. વન૦ ૨

બંકનાલ મુકામહી બનાહે, એકા દસ ફીર આયા;
મેહલ ઝલકે માહ સુનકા, અનહદ નાદ સુણાયા. વન
દ્વાદશ ચક્કા તો દેખા તમાશા, કમલ એક નજરૂં આ
એકહિ પાંખડી ઉસકી કહિયે, તામે ઠાઠ રચાયા. વન
અજબ તમાસા અજબ નગરકા, સત્ ગોરને સમજાય
પ્રેમપંખી પરસ્વાર કરકે,સુનશિખ્ખર પર ચડવાયા. વ
સાબર કાંઠે કુંવાર કામે, નગર એક આપ બનાયા;
આદ બ્રહ્મ ઇમામશાહ ઘર, આદ નિરંજન આયા. વ
નર મહમ્મદશાહ નામ ઉસીકા, જોથા અલી કેહલાયા
પીરશાહ જાપ ઉસીકા જપીયે, યેહી ઉસીકી માયા. વન
લીયા ધરમ સતપંથ ઉસીકા, દાસકા દાસ કહેલાયા
'ખાકી' સેવા ઉસકી જાને, મહાપદમે જો પાયા. વન

પદ. ૧૬. સોળમું.

રાગ. ભજન

લગત મોકુ સાંઇ સમરનકી ચટકી,
નાખું કાલ કરોધકું પટકી. (ટેક.)
બનકે બેરાગન સબ જુગ ઢુંડું,
ઢુંડું ખોલકે ખિડકી. લગત૦

ખિડકી ખોલકર માંહી જાવુંતો,
રાખે વોહ પાંચ ચોર પકડી. લગત૦ ૨
ચોર હઠાવન મુજ હાથ આઈ,
સત્ય સમશેર પકડી. લગત૦ ૩
શિળ સંતોષકું આગેહી રખકર,
સબ ચોર બાંધુંમેં જકડી. લગત૦ ૪
અનુભવી મુરશદ પાયા જબહી,
તો સાહેબ બતાયા પકડી. લગત૦ ૫
પીરશાહ નામ નિશદિન જપલે,
તો રાહ અવીચળ પકડી. લગત૦ ૬
સેવા કરલે આલ અલીકી,
'ખાકી' રાહમાં નહિ રહે અટકી. લગત૦ ૭

પદ, ૧૭. સતરમું.

રાગ. ભજન.

બની મેંતો સુર્તા દોરીકી નટડી,
બાંધું મેંતો પંચ ભુત જકડી. (ટેક.)
ઈંગલા પીંગલા કે બાંસ બનાયે,
ઉપર નાખી સુર્તાકી રસડી. બનીમેંતો૦ ૧

જ્ઞાન વૈરાગકે ખીલે લગાયે,
બાંધી દોરી હે જકડી. બનીમેં તો
સત્ સંગતકા ઢોલ બનાયા,
ચોબ વિવેકકી લકડી. બનીમેં નો
ઇલલિલ્લાહસેં ફુંક બજાઈ રે,
સાંસ સુરનાઈ પકડી. બનીમેં તો
ચોટ હમારી ગગન મંડલકી,
બ્રહ્મ મુરત વહાં દરશી. બનીમેં તો
રૂપ અનુપમ વોહ નરજીકે,
શિરપાવકે કલગી લટકી. બનીમેં તે
પીરશાહ શબ્દ અનુપમ હિરલા,
ખોજો જા ઝવેરીકી હટડી. બનીમેં તો
'ખાકી' ખેલે આપ અકેલા,
લગીસુન શિખરકી ચટકી. બનીમેં તે

પદ, ૧૮. અઢારમું.

રાગ, ભજન. ચલતી.

ખેલો સંતો અજબ મ્યદાના,
પાયા હમને નરમહમ્મદશા સુલતાનારે. (ટેક.)
ુપમ આપ અલેખ અવિચળ, કરનહાર સબ જહાંનાં,
ત્તર આપ એકહી બિરાજે, પીરશાહ શબ્દ પરમાનારે.
ખેલો સંતો૦ ૧
ેણી તિરથ અજબહે વટમાં, કાયે ફીરો વેરાના ?
ા વાયકા ભેદ પીછાણી લો, શાહબિના શમ્શાનારે.
ખેલો સંતો૦ ૨
ા કસ્તુરી વનવન ભટકે, ભેદ કસ્તુરીના જાના;
સા તુજમાં સાંઈ બીરાજે, મેરમ ગુરસે લા ધ્યાનારે.
ખેલો સંતો૦ ૩
પડીપડી અરથના સીજે, જબલગ અંત્તર નહિ જાના,
ખ ભટકે ભટક મરે, બ્રહ્મ વચન શું નહિ ધ્યાનારે,
ખેલો સંતો૦ ૪
ગુરૂ ચરણે 'ખાકી' રે વિનવે, માનો સંત સુજાના,
બ્રહ્મ આપ ઘટોઘટ બોલે, પ્રેમરસ પી હો મસ્તાનારે.
ખેલો સંતો૦ ૫

પદ, ૧૯. ઓગણીસમું.

રાગ. કાફી, ભજન

સુરતા સમાણી, સતગુરૂ ચરણે;
અખંડ સુખ લીધું, ટાળ્યા જમને મરણે.
બોલે કેમબોલું ? શુંદિર વર મળિયા;
ગુરૂજીના પ્રતાપે, ચોરાસી ફેરા ટળીયા. (
વેદે વખાણ્યા ને જુગમાંહી જાણ્યા, જાંબુદ્વિપે પધ
જુગો જુગમાં રમત તમારી, અરબી રૂપે અવત્તર
સુરતા
રૂપ તમારૂં કેવી રીતે વીનવું? નરજી અઢળક ઢળીર
તમતેજે ચંદ્ર સૂરજ લજવાણા, જુઓ રાહુએ ગળ
સુરતા
સદ્ગોર ઇમામ આપે અવિચળ, સુગુણ શામળિયા
'ખાકી'દાસ તમરો વિનવે, અરજી સુણોને પાતળિ
સુરતા

પદ, ૨૦. વીસમું.

રાગ. ધોળ.

જીલોને ભાવેરે, મનહર મુરારી;
લી અવિનાશીરે, નકલંક અવતારી. ભજીલો૦ ૧
ભ્યપદને લેવું રે, આ ભ્યપદને મૂકી;
ત્મ ઓળખાવોરે, માયાને મુકી. ભજીલો૦ ૨
ત કેમ વિશાર્યેરિ ? પ્રભ વેણુ ગયો ભૂલી;
ષ્ણુ રૂપ નાં જાણ્યું રે, એ છે મોટી સુળી. ભજીલો૦ ૩
તો કે નવ ભુલું રે, જો બાહેર નીશરૂં ?
પું સર્વે સાહેબનેરે, પલ એક નવ વિખરૂં. ભજી૦ ૪
યા સર્વે કાચીરે, જો જે અંત્તર આણી;
કોણે ભોગવીરે ? છે એકે એધાણી ? ભજીલો૦ ૫
જીલોને ભાવેરે, વિષ્ણુ રૂપ પ્રમાણી;
ી સોળ કળાએરે, મહમ્મદશાહ એધાણી. ભજી૦ ૬
કતો રહેજેરે, નથી કંઈ બીજો આરો;
કી' આજ કલિયુગમાંરે, શ્રી અલીનો વારો. ભ૦ ૭

પદ. ૨૧. એકવીસમું

રાગ, ગોડી.

મુજધર શાહ મેહમાનારે, ભાઇ મુજધર પીર મેહમા
તેત્રીસક્રોડી દેવ મુજધર આયે,હુવાઅબહી કિલ્લાના.(
સેવા સંતકી નિશદિન કરના, જો હોય અવિચળ ઇમા
દુર્મતી આપે ડાહ્યા થાવે, ઉલટ જાવે ઇમાના. મુજધ
અતી અદકારી મનુષ્ય ઉપકારી, સૃજનહાર સબ જહા
શોહી આયા યુગ યુગ રમકર, કરને ભક્ત કામાં.
મુજધર૦

વોહી નિરંજન આપ અવિનાશી, રખલે શોહી નીશાં
ક્રિયા કૃતવ્ય સબતનકે કરના, વચન ગોર પ્રમાનારે
મુજધર

મેલા શાહકા તબહી પાવે, સેવે અલેખ એકહી ધ્યા
આલેઆલે ચલકર આયા, જો મહમ્મદશાહ કહેલા
મુજધર૦

વોહી અલી જો યુગયુગ રમિયા, શોહી પીર ઘર આ
તન મન ધન શાહચરને ધરનાં, છાંડ દે કુલ તન અ
માના. મુજધર૦

આલતિસકી અમ્મર જાનો, રહ્યો શાહ તિસ્મે નિદાના;
સેવા આલ અલીકી કીજે, વચન ગોર પ્રમાના.
મુજવર૦ ૬
ભુલ્યા નર શો ફેરા ખાવે, ઓર જાવે ચોરાસી ઠામા;
અનંત યુગમે રમતાં સાંઇ, 'ખાકી' સેવા તિસકી જાના.
મુજવર૦ ૭

પદ, ૨૨. બાવીસમું.

રાગ. ગોડી,

ચેતચેત મનઅબ શાહ દરશનકી વેલારે; ભાઇ ગોર
દરશનકી વેલા,
બાપ અવિનાશી સૃજનહારા, કરલે તિસકા મેલા;
ચેતચેત૦ (ટેક)
ચેત્ત નિર્મળ મન વશ્ કરલે, પામો આપોઆપ સચેલા;
ાર નર જાહેર બેલી બેઠા, આપોઆપ અકેલા.
ચેતચેત૦ ૧
ારગ દોહેલા કઠન મુકામાં, ધઢ ચડના હે દોહેલા;
ાહી મારગ સેજે પાવે, હોય મુર્શદ અલબેલા.
ચેતચેત૦ ૨

લક્ષ ચોરાસી ફિરફિર થાકયો, તબહી પાયો મનુષ્ય
આ અવશારમેં ચેતજ પ્રાની, નહિતો કઠન હોયગી
ચેતચેત

એ રંગ રસિયા સબ જુગ બશિયા, વશિયા અંતર ચ
નિર્ગુન આપે અલખ અવિનાશી, બતાવે મુરશદ શે
ચેતચેત

જો ગુન જાને શોહી પિછાને, મૂરખ ખાયે ઠેલા;
આલ અલીથી મક્કર પડીયા, તીશે હોયે જમકા
ચેતચેત

અનુભવી હોયે વોહી જુગજાને, લક્ષન ત્રીસમાંહેલા
નિર્મળ ચિત્ત આપહી જ્ઞાની, બ્રહ્મ કુલકા જો હો
ચેતચેત

વાણી નિર્મળ નહિ અભિમાની, કામ રહિતં અકે
પુરન લક્ષન ત્રીચહો જીસમા, શોહી કરાવે મેલા.
ચેતચેત

સમરન કરના દિલ નહિ ડરના, ધરના ધ્યાન અલખ
માન મમતા તજકર રહેના, સમરલે સાંઇ'ખાકી' ચ
ચેતચેત

પદ. ૨૩. તેવીસમું.

રાગ. ભજન.

[નાથ કયેરો બજકો બંધ છુડાયો] (એ રાગ)

ાહો તમે અન્નત આધારણ આવ્યા;
ાહ પીર સત્ય જપાવ્યા. શાહો૦ (ટેક)

ુદરદીન શંગજ લેઈને, શાહ દર્ગે સિધાવ્યા;
ાગલ નાવે બાર કોડી, દરિયાને પાર લગાવ્યા. શાહો૦૧

ંધ શધળો સાચો દેખી, મન માંહે મલકાયા;
ંટ વજ્જર વાટે ઉઠી, મોટપે મન પસ્તાયા. શાહો૦૨

ાટપ ટાળી તપ ધર્યું ત્યારે, શાહોજી આપજ આવ્યા;
ાર બંધ તેતો પોતાનાં શિરનું, સદ્‌ગોર શીર ધરાયા.
શાહો૦ ૩

ાર્ખિ નરને નિર્પાગ પોતે, પીર કબીર દીન આવ્યા;
ાંકની પાધ વાટે વણેલી, શાહો સન્મુખ લાવ્યા.
શાહો૦ ૪

દીશ એવી અંતરે રાખી, શાહોજી મન હર્ષાયા;
ન્નતનો વર પીરને આપી, નામ હશનશાહ ધરાયા.
શાહો૦ ૫

પીરજી તેતો પ્રેમથી બોલ્યા, પિંડ લાવી પસ્તા
કલજુગ માંહે અન્નત કરોડી, કેમ આવે હો ડાહ્યા
શાહે

હેતે હરજી હશીને બોલ્યા, તમ પર મહા બ્રહ્મ જ
તે ઘર માંહે રમત હમારી, નામ મહમ્મદ મચા
શાહે

એક નુરને એકહી તન્ન, ઇંદ્ર ઇમામ દીન કાયા;
એ ઘરમાં આપણ રમશું, નિશ્ચિંત મમ્ ભાયા.
શા

અંત પ્રયંત એહીજ ઘરમાં, મહમ્મદ મેંહેદી ભ
એવા વચને અદ્રષ્ટ આપે, હરિવૌંશ તે તો પુજ
શા

વિનવે ખાકી નિર્મળ નુરને, શરણે રાખો હોર
નિશદિન સેવા નાથ તમારી, નાથ અનાથ નાં કા
સાહે

પદ. ૨૪. ચોવીસમું.

રાગ. ગરબો.

સત્પંથ સદા એજ સાચોરે, પુરા પ્રેમે મુનિજી આજ
રાચોરે;
હાથ જોડી શાહોજીપાશે જાચોરે, થાઉં સત્પંથી નવ રહું
કાચોરે, સત્પંથ૦ (ટેક.)

વેદ અનાદી જે કહે, અખંડ ધર્મ સોહાગ;
મૂર્ખ અધુરે વળી રહે, પૂરે નવ જાગરે.
રૂપ વિષ્ણુનાં સોએ સાચારે, આવ્યા દશે તેનવરહ્યા પાછારે;
શિવ યાનીમાં ના હોય ખાંચોરે, સત્પંથ સદા એજ
સાચોરે. ૧

વર્ણન એ વેદો કહે, અખંડ રૂપ અમાપ;
ખંડ ખંડ જે તેને લહે, તે સતિયાને દે શ્રાપરે!
મતી મંદ થઇ મન ડોલેરે, રૂપ દશમની નિંદા બોલેરે!
રૂપ દશમને મુનિજી રાચોરે, સત્પંથ સદા એજ
સાચોરે. ૨

ચારે વેદો એ એકના, અંગ ભાગ વિભાગ;
નાસ્તિક એવી ટેકના, ટાળવા સોધે લાગરે

ચોથો વેદ જે અંગે લાવેરે, પૂરા પ્રેમે એ રૂપને ગાવે
અમ્મર વાણી એ દેવને રાચોરે, સત્પંથ સદા એજ
સાચોરે

નિંદાએ નાસ્તિક રહે, હોય ન વેદનું ભાન;
છંદ કુછંદને આસ્તિક કહે ! ગાન તાનમાં
ગુલતાનરે !

વાલમિકીએ વાણી હઠાવીરે, સત્ય શોધ તે દશાની
બતાવીરે,
સાત સંવતમાં જન્મેલે જાચોરે, સત્પંથ સદા એજ
સાચોરે

સાબર ત્રસ્ટે સ્યામજી, સંકલ્પ વેદનો સાર;
સાબર ગંગા નામથી, લડે જગ એકા તારરે.
ચરણ વિષ્ણુનાં જે સ્થળે હોય રે, તિર્થ યાત્રાનો
ધામતે જાએરે;
ચડો પંથે ન પગ મૂકો પાછોરે, સત્પંથ સદએજ
સાચોરે

કાળિંગાને ટાળવા, દેહ ધરે આવાર,
તેવા સ્થળને માળવા, ચાલો તે સૌ આપારે
કાગ ભૂશુંડે પક્ષ નવ રાખીરે, વાત સાચી જે પોતે
દાખીરે;
ગુરૂડજીએ જે જ્ઞાનજ જાચ્યોરે, સત્પંથ સદા એજ
સાચો

:વચાની પંથ એ, વાણી ચારે ગાએ;
નહિ ભાષાનો અંતરો, દ્વેષ તણો નહિ ઠાએરે.
પંથે ચડી જઇ જાચોરે, ત્યારે મળશે તે ધણી
સાચોરે;
ી' ખોટાથી નવ ખાઓ ખાંચોરે; સત્પંથ સદાએ
સાચોરે. ૭

પદ. ૨૫, પચીસમું.

રાગ, ગરબો.

લગ્ની સાહેબ શું લાગીરે, એને હૃદે તે પ્રેમ
જોત જાગીરે;
ા ભ્રમણાતે સરવે ભાગીરે, એણે માયા જંજાળ
ઝટ ત્યાગીરે.
જેને૦ (ટેક)

રૂપ અનુપમ જે લહ્યા, કહ્યા વેદે નિસ્તાર;
જે રૂપે નર ઓળખો, તેનો કહું વિસ્તારરે.
રંગે વીંધાએ વૃહ આણેરે, લાગે શાહ સૂર્તાની તાણરે;
ા સુર્તા તે સ્વપ્નાથી જાગીરે, જેને લગ્ની સાહેબ
શું લાગીરે. ૬

સૃષ્ટી સમેના માનવી, મૂરખના સરદાર;
જ્ઞાન દેવા દિલમા ધરી, પધારિયા કિરતારરે.
રૂપમ્ રૂપમ્ વેદ જેને બોલેરે,જેના સોને તે દશ ભેદ ખે
તેની સોધ એને ચિત્ત જાગીરે, જેને લગ્ની સાહેબ શ
લાગીરે.

વખતે વખતે આવીયા, સરજ્યાની કરવા સાર;
મૃચ્છ કચ્છ ને વ્યારાહ થયા, શ્રી નૃસિંહ એ દા
તેને જાતને ભાંત નહિ વાલીરે, વેલા વેલાની કળા ન્ય
એવા રૂપની હોય તેને તાલીરે. જેને લગ્ની સાહેબ
લાગીરે

વામન ફર્શુરામજી, રામ કૃષ્ણ દાતાર;
બુદ્ધા રૂપે શ્રી નાથજી, પાણ્ડવના આધારરે.
પાંણ્ડવ તારણનરનાથ આવ્યારે,રૂપ મલેચ્છમાટીનું કા
હરિ કળાની રઢ તેને જાગીરે, જેને લગ્ની સાહેબ શ
લાગીરે

નકલંક રૂપે નર નાથજી, અરબના સરદાર;
કલજુગ તારણ આવિયા, ભારથનાં ભરથારરે.
સરદ સતમ્મદીના સ્યામ બોલેરે,વેદ સામતેસત્ય ભેદ
અલી રૂપની ખોજ તેને જાગીરે, જેને લગ્ની સાહે
લાગીરે

ચાલીશ જામે પરવરી, રમશે દીનાનાથ;
આગમ આ આલમ તણી, શુણજો સરવે સાથરે.
વાણી અગમ ભેદ ખોલેરે, નબીનુર સદ્ગોરજી બોલેરે;
તખેળની તેને જાગીરે, જેને લગની સાહેબ શું
લાગીરે. ૬

બત્રીશે મહમ્મદ માવજી, પરિવાર પીર ઇમામ;
છત્રીશે અશરફ શાહોજી, વૈરાટે વિશ્રામરે.
હારે ગણી વાત બોલેરે, જ્ઞાન ગુંજ હૃદય જેને ખોલેરે;
કી' વાત તેને શુદ્ધ માગીરે, જેને લગની સાહેબ શું
લાગીરે. ૭

પદ. ૨૬. છવીસમું.

રાગ, ગરબો.

ો મળો મુનિજી આજ ભાવેરે, જુઓ જુઓ 'આ'
નરનાથ આવેરે;
ામી શુભ સંદેશો કાવેરે, મારા મુનિજી મેળે આવેરે.
મેળે મળો૦ (ટેક.)
તમ કાજે હમ આવીયા, કલકી યુગ યુગ સાર;
મમ અંત્તરમાં તમ રહ્યા, થાવા એકાકારરે.

સ્નેહ સાચે સાહેબજી બોલેરે,
નિર્ખી નિર્ખી મસ્તાન થઈ ડોલેરે;
શાહા આપે તે પ્રેમે કાવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે.

અમ્ તનથી તમ સૃજિયા, પ્રાણતણો અમ્ ભાગ
તમ તાપે અમ્ લર્જિયા, મળવાનો આ લાગરે.

જૂઓ લીધા તે ધ્રુજી ને ખોલેરે,
પ્રેમે પોષી પિયુજી એમ બોલેરે;
પ્રેમે ભક્તિને જેમ લાગફાવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે.

અગ્નિમાં આમ આવીયા, સંગ પ્રેહલાદ મમ્ બ
જલ થલથી તે વરિયા, નવ આવવા દીધી આલં

પ્રાણસમા એ બાલ મમ્ ભાવેરે,
ભાવેભીના જે મમ્ શ્રણે આવેરે;
એવા સદેશા સદ્ગોર લાવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે.

હરિચંદ્રને હરાવતાં, મિત્ર ઋષી રહ્યા હાર;
ચંડાલ ગ્રહ જળ લાવતાં, અમ શિર લેતા ભાર

પગે પગે તેને સંગે પળિયારે,
રાખી હૃદયમાં તેને મળિયારે;

એવા સંતો તે શબ્દે આવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૪

...તી સભામાં લાવીયા, વસ્તર હરવા કાજ;
...ક્ષા કારણ આવીયા, રાખી તે લીધી લાજરે.
આત્મ સમ એ પુત્રી ભાવેરે,
એને આંચ ઉની કેમ આવેરે ?
એવે ભાવે શાહોજી બોલાવેરે;
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૫

...ીકમને તરછોડિયો, ભિમ્મક રાજકુમાર;
...ટકે જઇ અટકાવીયો, એ લેવા તે હાર કુમારરે.
સાથે સાથે તે શીશ મેલાવ્યારે,
થઈ દુઃખી દુઃખે દુભાયારે;
એથી કરોડી બાર સાથ આવેરે,
મેળે મળો મુનિજી આજ ભાવેરે. ૬

...ચેન નગરનો પાટવી, દુઃખીયો દિન અપાર;
...ાશ પિતાનો સાટવી, આપ્યો અમ શિર ભારરે.
સાંસે સાંસે તે સંગ તેનો લીધોરે,
મુખી અન્નતનો કરી લીધોરે;
'ખાકી' સદ્ગોર ત્યાં તે બોલાવેરે,
મેળે માળો મુનિજી આજ ભાવેરે. ૭

પદ. ૨૭. સત્તાવીસમું.

સ્તુતી (રાગ,) ધનાશ્રી.

ધન્ય ધન્ય સત્ય હમારો ધર્મ,
ધારીલો એજ જીવન કર્મ. ધન્ય ધન્ય. [ટે

પ્રણુવ મંત્રએ, વૈદિક જંત્રએ, દેવતણો એ મર્મ;
હૃદય ઘોસથી ગગન ગજાઓ, જય જય મમ ધર
ધન્ય ધન્ય

પ્રેમે કરૂણાએ, શાહો-શરૂણાએ; રાખવા નિજ મર
ચરણ પ્રેમથી જય જય જાચો. 'ખાકી'એ નિજ ધર
ધન્ય ધન્ય

હઝરત પીર સદ્દગોર શ્રી ઈમામશાહના

જન્મનો ટૂંક વૃતાન્ત.

હઝરત પીર શમ્મશ (તબ્રેઝી) સાહેબ તેમણે પંજાબ
ા. મુલ્તાનનાં ઉચ્ચ શેહેરમાં ત્યાંના બાદશાહનો બાળ
વાડી સૂર્ય ઉતાર્યો હતો, તેમનાં પવિત્ર નુર
પુત્ર) બે હતા. (૧) હઝરત ઈમામ નર શ્રી કાસમશાહ
ાહેબ, (૨) હઝરત પીર શ્રી સદ્દગોર બ્રહ્મા નશીરદીન
ાહેબ. હઝરત પીર શ્રી સદ્દગોર બ્રહ્મા હઝરત પીર સાહે-
ના પવિત્ર પુત્ર (નુર) શ્રી સદ્ગોર બ્રહ્મા હઝરત પીર
ાહેબ દીન (શહાબોદ્દીન) સાહેબ, તેમનાં પવિત્ર પુત્ર (નુર)
ી સદ્ગોર બ્રહ્મા હઝરત પીર શ્રી સુદરદીન સાહેબ, તેમનાં
વિત્ર પુત્ર (નુર) શ્રી સદ્ગોર બ્રહ્મા હઝરત પીર શ્રી કબી-
ીન સાહેબ, એ સાહેબોનાં રોજા પંજાબની હદમાં પીખ-
ા, ઉચ્ચ, મુલ્તાનાદિ વિગેરેમાં તેઓ શ્રીની વેંશ જનોનાં
મજા વહિવટમાં છે. તેમની જમાતો તે વિગેરે દેશોમાં છે.
ા વેંશ બનીફાતમાં (હરિવેંશ) એ વેંશમાં જ ગોર અને નર
ાવે છે, ને છેવટ સુધી આવવોનો વાયદો પણ છે. શ્રીનર
ગટ હોય છે ત્યારે કે જ્યારે પોતે પોતાને સ્થાને એટલે
ગટ ગાદીએ બિરાજતા હોય છે, તે ત્યારે પુરેપુરી શોળ

કળાથી હોય છે. જુઓ નાનુ સત્ય વચન* તે વિનાનો ર
કદી ઢોંગ કરી શાહ કેહવરાવે તો તે દહીંત કાળિંગાનો ?
જાણવો. તેમ જ સેષગોર બ્રહ્મા સદ્દગોરજી પણ જ
ગાદીએ બિરાજે છે ત્યારે તેઓશ્રીને પણ બાર× કલા પ્ર
પ્રગટ કરવી પડે છે. શ્રીગોર અને શ્રીનર એ બન્ને
એક જ છે. કોઇ કોઈ વખત એકઠા પણ થઈ જાએ છે. ઘ
વખત નોખા રહે છે, એ જ્યારે એકઠા થાએ છે ત્યારે
સદ્દગોરજીનાં જામાંમાં હોય છે, પ્રગટ થાએ છે ત્યારે
સદ્દગોરજીનાં ઘરે નરદેહ ધારણ કરી પ્રગટ થઈ રહે છે.
સદ્દગોરજીનાં અનાદી કાળની છે. તેમ હરિવેંશ વિના બીજે
પ્રથા ગયા નથી ને જશે પણ નહિ. તેથી જ હરિવેંશ વિ
પણ અન્યની પૂજા અને સેવા કરવી એ મહાદોષ છે. તેમ હરિવેં
અન્યની પૂજા ઇત્તર મનુષ્ય પોતાને શાહ, નુર ઈમામ, ગે
વિના અન્ય ઇત્તર મનુષ્ય પોતાને શાહ, નુર ઈમામ, ગો
પીર, પુજ્ય, આચાર્ય કે મહંત કહેવરાવતો હોય! તો
કુષ્ટ અને ચંડાળ એટલે કાલિંગાનો ચેલો જાણવો. હરિ
શામાં પણ ૧૬, કે બાર, કળાવાલો જ પુરૂષ નર કે સેષ
બ્રહ્મા કહેવાય છે, અન્ય નહિ.

એવેંશ શ્રી ખુદાવંત ઈમામ કલીનાં નાથ શ્રી વિ
નારાયણ ભગવાન શ્રી અલી. નાં શ્રી ખુદાવંત ઈમામ હુ

---

* નરની સોળ કળા એ પ્રતોમાંથી જેમને તેમ "સત્ય
આજ્ઞા પત્ર" નામની બુકમાં આપવામાં આવેલ છે. તેમાં ખુલાસ
આપેલ છે તે જોઈ લેવી.

× ગોરની બાર કળા તે "સત્ય પદ બોધીની" .
બુકમાં આપેલ લે તે જોઈ લેવી.

ન, ના શ્રી ખુદાવંત ઇમામ ઝયનુલ્આબદિન, ના શ્રી ખુદાવંદ મહુમ્મદ બાકર, ના શ્રી ખુદાવંદ ઇમામ જાફરોસાદિક ના શ્રી ખુદાવંદ ઇમામ ઇસ્માઇલ સાહેબ. ' ઈમામ ઇસ્માઈલ (સ૦) સલમિયા ભણી સંજોગોનુકુલ બોધાર્થે પધારેલ, તે સમયને લાભ લેઈ માયાવી જનો એકઠા થઈ મુશીચે કાઝમને પોતાનાં ઈમામ ઠેરવી લીધા પણ તે મને સત્યપંથનાં પીરોએ તજી દીધેલ હોવાથી સત્પંથીઓને તેઓની વોંશ સુદ્ધાં તાજ્ય છે.

શ્રી ઇમામ ખુદાવંદ શ્રી ઇસ્માઈલની વૌંશમાં શ્રી નુર સદ્ગોર પીર શ્રી સદ્ગોર બ્રહ્મા સલાઓદ્દીન સાહેબ થયા. જેમનો રોજો ગિઝનીમાં છે, તેમનાં દિકરા શ્રી શમ્મશો તબ્રેજી સાહેબ. તે વોંશમાં હઝરત પીર શ્રી સદ્ગોર બ્રહ્મા હશન કબીર દીન સાહેબને ઘેર તેમનાં પવિત્ર પુત્ર નુર સદ્ગોર બ્રહ્મા શ્રી પીર હઝરત સૈયદ ઇમામોદ્દિન સાહેબ હિજરીસેને ૮૪૪. વિ. સં. ૧૫૯૬. ઇસ્વીસન ૧૪૪૦ માં સફર માસની તા. ૨૭ તારીખ, વાર સોમે, ઉચ્ચ શહેરમાં રાતના શમે જન્મ પામ્યા.* તે શમે આકાશમાંથી નુર (તેજ=પ્રકાશ) શ્રી પીર કબીરદીન સાહેબનાં ઘર ઉપર શ્રીજીનાં જન્મ સ્થાન સુધી આવ્યું. તેનો પ્રકાશ અજવાલું (પચાસ–પચાસ ૫૦–૫૦) મૈલ સુધી પ્રશરી ગયું હતું. તે જોઈ તેટલી વસ્તીવાળા સર્વ જન સમુહ સમજ્યા હતા, કે આ બીજીવારે સૂર્ય ઉગ્યો. તેમ જ પવિત્રતાઇ વિષે પણ એમ જ હતું કે જેમ અન્ય બાળકો અવતરે છે તેવો મળ વિગેરે કાંઈ પણ નહોતું. નાલ કાપેલ, અને સુન્નત કરે, અને બીજી તમામ

* અન્ય સ્થળ શ્રીજીનો જન્મ સંવત ૧૫૦૦ માં થએલો લખેલ છે.

શારિરિક ગંદકીથી પવિત્ર હતા, એટલે ખાશ પવિત્ર (માસુમ) બ્રહ્મા રૂપ ઈમામ જ હતા.

શ્રી ઈમામ શાહબાવાએ પાંચ કે નવ વરસની વયમાં જોગિયો સાથે વાદ વિવાદ કર્યો હતો.

ગુજરાત તરફ શ્રી પિતાજીની આજ્ઞાએ પધારેલા ત્યારે સમે શ્રીજીની (૯) નવ વરસની આયુષ્ય હતી. શાહ દરગાહે જઈ નરની કળા લેઈ પીરાણે આવી કાશી બતાવી સવા મણ જનોઇયો ઉતરાવેલી. રોજો એમનો પીરાણામાં છે. રોજાદિની સેવા એ જ પંથનાં સેવકો પૈકીનો જેને વંશજો કાકા બનાવે છે તે કરે છે. અને એ કાકાઓ પણ શ્રી સદ્ગોર પીર ઈમામશાહના વંશના હિતાર્થે જ હોય છે.

સેવા કારભાર જે કાકાને સોંપવામાં આવે છે, કાકા જમાતમાં ફરીને શ્રી સદ્ગોર બ્રહ્મા તથા શ્રી નારાયણ વિષ્ણું એટલે ઈમામગોરની દશાંશની રકમ ઉઘરાવવા, કા ખાના (દરબાર) ની દેખરેખ રાખવા, સૈયદો (વંશજનો) ના વખતો વખતનાં હકો, દસ્તુરો, વિગેરે આપવા અ તેમના રક્ષણના ઉપયોગમાં ખર્ચ કરવા, જમાતો વિગેરે ખાતર અરદાસ કરવા અને સદાવ્રત આપવા સારૂ હોય હાલમાં કાકા* લક્ષમણ છે.

શ્રી સદ્ગોર બ્રહ્મા હઝરત પીર ઇમામશાહ સાહેબ રોજાનો પાયો પોતે સંવત વિ૦ ૧૫૨૪ હિ૦ સ૦ ૮૭૩ નાખ્યો હતો. અમ્મર લોકની લિલા વિ૦ સંવત ૧૫૮ હિ૦ સ૦ ૯૩૫. ઇ૦ સન ૧૫૨૮ માં રમજાન માસ

* આ ચોપડી છપાઈ ત્યારે હતા. હાલ કાકા રામજી છે.

તારીખ '૨૫' મીનાં દિવસે સ્વિકારી હતી. આયુષ્ય પંચોતેર (૭૫) વર્ષની હતી.*

પીરાણા તે અમદાવાદથી દક્ષિણે પાંચ (૫) ગાઉ ગંગા સાબર નદીના ઉગમણે કાંઠે એક ગાઉ (૧), વૈરાટ દક્ષિણે ધોલકાથી ઉત્તરે સાત ગાઉ (૭), નર્મદા નદિથી ઉત્તરે સોળ જોજન (૧૬–૬૪ ચોસઠ ગાઉ) છે. જેને હીમપુર, ઈમામપુર, નિષ્કલંકીનું ધામ, છેલ્લો અખાડો પણ કહે છે.

શ્રી સદ્દગોર બ્રહ્મા હઝરત પીર ઇમામશાહનો ઉરશ સવાલ (ઈદના) મહિનાની તારીખ પાંચ (૫) અને છઠી (૬) એ થાએ છે.

---

* બાજે મરણ સંવત ૧૫૬૫ માં બતાવી, વય શ્રીજીની ૬૫ વરસની બતાવ છે.

ખંભાત રાજ્યના
આઠ આનાનો ઇસ્ટાંપ
૫૦૭૭૮૩ સને ૧૯૩૧

આ નકલની ગ્રબ્દ ફીના રૂા. ૦—૮—૩ ઘ
૩૪૪ મુકાબલ ફીના રૂા. ૦—૨—૦ મળી
રૂા. ૦—૧૦—૩ રજુ કર્યો તે જમા લેઈ ન
આપી. તા. ૩૧—૧૨—૧૯૩

ન્યાયાધીશ મુ. નં. ૧૯૫, ૧૯૭૧ કે તા. ૨૦—૧—૨૦ આ કાગલ અરજ કરનાર સૈયદ બાવાસાહેબ અહમદ અલીએ રજુ કર્યો. આ ૪૧૪ ના તરજુમાની નકલ લેવા રજુ કર્યો. તા. ૧૫—૧૨—૩૧

(સહી) અંગ્રેજીમાં સહી

ન્યાયાધીશ
કોર્ટ, સંસ્થાન
ખંભાત

(સહી) અંગ્રેજીમાં
આ. ૪૧૪
ઈ. ઈ.
ન્યાયાધીશ

(૭૮૬) તરજુમુમા ફીનો રૂા. ૧ ચાર્જ કર્યો છે.

પેહલા હઝરત મરહુમ મગફુર સુજાઅતે દસ્તગાહ સઆદતજ નકાબત પનાહે પીર સહાબ મીર સૈયદ કબીરૂદ્દીન કુફ્ર શીકન અને એ તા. ૧૭ માહે જમાદી ઉસસાનીને દિવસે. બીજા હઝર પીર સાહેબ મીરાં સૈયદ ઈમામોદ્દીન કુફ્રેશિકન અને એ ત ૨૭ માહે રમજાન અને ૯૩૫ ને દિવસે, અને તેમના ધણ આણી નામે બીબી અજાએબ ખાતુન, એ તારીખ ૧ માહે જમાદીઅલ ઉલાને દિવસે, અને શાહો પીર મીરાં સૈય

મહોમ્મદ અને એ તા. ૨૧ માહે રજબ સને ૯૭૪ ને દિવસે, અને તેની ધણીઆણી નામે બીબી બુઝુરગ, અને એ તારીખ ૨૮ જમાદિઉલ અવ્વલ સને ૯૭૪ ને દિવસે, અને મજકુર હઝરત મીર સૈયદ મોહમ્મદથી નીચેની તફસીલ મુજબ સત્તર ૧૭ ફરજન્દો થયા. તે પૈકી પનદર (૧૫) ફરજન્દો, મજકુર નામે બીબી બુઝુર્ગથી જન્મ્યા, એ નીચે મુજબ દીકરાની તફસીલ, ૧ સૈયદખાન મોહમ્મદ તેની ઉંમર દશ દિવસ, ૨ સૈયદ જીવન મજઝુબેહાલ, તેની ઉંમર વીસ વરસ. ૩ સૈયદ શહાબુદ્દીન તેની ઉંમર એક વરસને છ મહિના. ૪ સૈયદ શેર તેની ઉંમર છત્રી (૩૬) સ વરસ અને છ (૬) મહિના. ૫ સૈયદ શહાબોદીન તેમની ઓગણત્રીસ ૨૯ વરસ. ૬ સૈયદ મુસ્તુફા તેની ઉંમર પાંત્રીસ ૩૫ વરસ. ૭ સૈયદ મેઝુ તેની ઉંમર ૩૧ એકત્રીસ વરસ, અને ૮ સૈયદ ગની અને દિકરીયો નામે. ૧ રાજી કેશા તેની ઉંમર એક વરસ, ને પાંચ મહિના. અને નામે ૨ મહાજુ. તેની ઉંમર દશ મહિના, અને ૩ નામે રાજી સકીના. તેની ઉંમર (....) અને નામ. ૪ રાજી આલમ કલાન દશ વરસ. અને નામે. ૫ રાજી ફતેહ, તેની ઉંમર પાંચ વરસ. અને નામે ૬ રાજી રાજેદોલત, તેની ઉંમર ચાર વરસ, અને નામે ૭ રાજી આલમ.

આ બે છોકરા ચાકરડીઓથી જન્મ્યા એના નામો નીચે મુજબ. ૧ સૈયદખાન, અને તેની ઉંમર સાઠ વરસ, તેની માં બાઈ પ્રેમા, અને સૈયદઅલી, તેની ઉંમર અઠ્ઠાવિસ વરસ, અને તેની માં બાઈ જમાલબાઈ કુલ મજકુર સત્તર (૧૭) ફરઝંદો અને મજકુર સૈયદ જીવનતે તારીખ ૧૬ મી મોહો-

રમને દિવસે, અને સૈયદશેર ને તારીખ ૨૧ રમજા
મુબારક સને ૯૬૮ ને દિવસે, અને સૈયદ શહાબુદ્દીન તે
૧૯ માહે રજબ સને ૯૭૭ ના દિવસે અને સૈયદ મુસ
તે માહે સાબાન સને ૯૮૩ ને દિવસે, અને સૈયદ મંઝુ
તા. ૧ લી જમાદીસાની સને ૯૭૮ નાં દિવસે. અને મજ
સૈયદઅલી તે તા. ૨૪ રબીઉસસાની સને ૯૬૫ ને દિવ
અને સૈયદ ગની તે તા. ૨૮ માહે જમાદિઉલ અવ્વલ ર
ને દિવસે.

તરજુમો કરનાર જી. ડી. શેખની અંગ્રેજીમાં સહી. પરસિયન ટ

(સહી) ન. ક. આલા યુસુફ વા. આલાનુરૂલ્લાહ

(સહી) મુ. કે. — રજુ તા. ૧૫–૧૨–૧૯

ખરી નકલ — (સહી)

(સહી) અંગ્રેજીમાં — તૈયાર તા. ૨૭–૧૨–૧૯

ન્યાયાધીશ — (સહી)

કોરટનો સીક્કો
ખંભાત ન્યાયાધીસ
સંસ્થા

હજુરનો આંકડો બરાબર વંચાતો નથી. (ઈ. ઈ.)

સને ૧૯૩૧ ખંભાત રાજ્યનો આઠ આનાનો ઇસ્ટાંપ નંબર ૭૭૧૨

આ નકલની શબ્દફીના રૂા. ૦—૪—૬ શબ્દ ૧૭૧ મુકાબલા ફી ના રૂા. ૦—૧—૦ મળી કુલ રૂા. ૦—૫—૬ રજુ કર્યો તે જમા લઈ નકલ આપી. તા. ૩૧—૧૨—૧૯૩૧

ન્યાયાધીસ મુ. નં. ૧૯૫/૧૯૭૧
. તા. ૨૦—૧—૨૦ આ કાગલ
અરજદાર સૈયદ બાવાસાહેબ અહ·
મદઅલીએ તરજુમાની આ. ૪૧૯
ની ખરી નકલ લેવા રજુ કર્યો.
તા. ૧૫—૧૨—૧૯૩૧

ચીટનીસ
(અંગ્રેજીમાં સહી)

નકલ અસલ મુજબ છે. તરજુમા ફીના રૂા. ૧) ચાર્જ
લેવામાં આવ્યો છે.

ન્યાયાધીસ સંસ્થા ખંભાતની કોરટનો સીક્કો	મહોર	જી. ડી. એસ. (અંગ્રેજીમાં સહી) આંક ૪૧૯ (ઈ. ઈ.) અંગ્રેજીમાં સહી ન્યાયાધીશ

નકલ

નસીબદાર વજીર એતેમાદખાન અને શેખ અને સદર મોહોમ્મદ અકરમ મુદ્દિનની મહોરવાળો તા. ૨૧ માહે સાબાન સને ૩૭ જુલુસેવાલાની કરાર મુજબનો પરવાનો લખવામાં આવ્યો કે શાહ ઈમામોદ્દિનનો નુરાનીરોજો જે અમદાવાદના હવેલી પ્રગંણાના અમલમાં આવેલા કરમતા

ગામમાં છે તેની તોલિઅત (SUPERINTEN DENC
અને સજ્જાદે નસીનીના (વારસ તરીકે ગાદીએ બેસવાનું કા
નુ કામ સૈયદ મોહમ્મદ અશરફ વલદે સૈયદ સુરતુજાને ન
મુકરર હતું. અને મજકુર માણુસના ગુજર્યા પછી મર
શેખ ગુલામમહિઉદ્દીન અને મરહુમ સૈયદ નીજામુદ્દીન હ
અમદાવાદના સુબાના અગાઉના સદરોની મહોરોવાલા
વાના મુજબ સૈયદ મોહમ્મદ અશરફ ગુજરી ગએલ
દીકરા સૈયદ નશરૂલ્લાને નામે મુકરર કરવામાં આવેલું.
વખતે પણ મજકુર રોજાની તોલિયત ને સજ્જાદે નસી
કામ અગાઉના દસ્તુર મુજબ મજકુર સૈયદ નસરૂલ્લા
નામે મુકરર કરવામાં આવ્યું. લખેલા કામો કરવામાં મા
મુજબ વરતવું જોઇએ. તા. સદર સને મજકુર.

તરજુમો કરનાર જી. ડી. શેખની અંગ્રેજીમાં સ
પરશન ટીચર ન. ક. આલાયુસુફવા આલા નુરૂલ્લાહ.

મુ. ક. ખરી નકલ

ન્યાયાધીશ સંસ્થા ખંભાતની કોરટનો શીક્કો

ન્યાયાધીશ

મજકુર મહમદ અશરફ (એટલે શ્રી શાહો અશરફશાહ) બાવાના પવિત્ર પુત્ર ગાદી વારસ સૈયદ અબ્બાસમીઆં સાહેબ, ને શ્રી શાહોજીની મજકુર જગ્યાએ બાદશાહે તેમને સત્પંથનાં ગાદીવારસ તરીકે રાજ્યની સંમતીએ મુકરર કર્યા. તે બાબતનો પ્રમાણપત્ર.

અસલ પ્રમાણે

રસુલિલ્લાહની શરીઅતના
સેવક મુફ્તી ગુલામરસુલ
૧૧૬૧ હીજરી

મર્હુમ જવાંમર્દખાન બાબીની મહોરવાલો પરવાનો, આ જાહેરાતથી જાગીરદારો, હવેલી સરકાર અને અમદાબાદના સુબા સાહેબનાં તમામ માણસોના જાણવામાં આવે કે, જ્યારે ખુદાનો મેળાપ જેમણે પ્રાપ્ત કર્યો હોય, એવાઓમાં શ્રેષ્ઠ પુરૂષ (હ. સૈયદ ઈમામોદીન તેમની કબર પવિત્ર રહો) ના રોઝાની ગાદી ઉપર બેસવાનો હક્ક અને રોજાના વહિવટ કરવાનું કામ સૈયદ અબ્બાસી વલદે સૈયદ મહંમદ અશરફને મુખ્ય અમલદારની મોહોર સાથે જુના રિવાજ મુજબ સોંપવામાં આવ્યું છે, ત્યારે મજકુર ખિદમતના દસ્તુર મુજબ ઉપર કહેલા સૈયદ સાહેબને તે જગ્યા ઉપર કાયમ રાખીને તેમને સજ્જાદા નશિન (ગાદી ઉપર બેસનાર) ગણી તેને બધા લવાજમ અને હક્કો તેમના ભોગવટા માટે સોંપી દેવામાં આવે છે, અને તેમની યોગ્ય સલાહ અને શબ્દો વિરૂદ્ધ જવું ન જોઈયે. હાલમાં જ તાકીદ સમજીને લખ્યા મુજબ અમલ કરવો. તા. ૧૯ માહે જમાદિયુલ અવ્વલ સને ૧૧૬૧ હીજરીં.

સંદલોની યાદી

૧ હજરત પીર કબીરોદ્દિનની સંદલ માહે જમાદીલ આખરની... ખુસ્સાની તારીખ ૧૭ મીયે છે. પીરાણા મુકામે પણ કરે

૨ હજરત પીર ઈમામોદ્દિનની સંદલ માહે ર… નની તારીખ ૨૫ મીયે છે. પીરાણા મુકામે.

૩ હજરત શાહો નરઅલી મહમ્મદશાહની સ… માહે રજ્જબની તારીખ ૨૧ મીયે છે. પીરાણા મુકામે

૪ હજરત પીર સહાબોદ્દિનની સંદલ માહે રજ… બની તરીખ ૧૯ મીયે છે. પીરાણા મુકામે.

૫ હજરત શાહો જલાલશાહની સંદલ માહે રજબ… તારીખ ૧૫ મીયે છે. પીરાણા મુકામે.

૬ સૈયદ પીર મુસ્તુફાની સંદલ માહે સાબાન… તારીખ ૨૬ મીયે છે. પીરાણા મુકામે.

૭ હજરત સૈયદ નુરશાહ બાવાની સંદલ માહે જી… કાદની તારીખ ૧૫ મીયે છે. પીરાણા મુકામે.

૮ હજરત પીર શાહો અસરફશાહ બાવાની સ… માહે જીલહજની તારીખ ૧૩ મીયે છે. ધોલકા મુકામે

૯ હજરત કાસમશાહની સંદલ માહે જીલહજ… તારીખ ૧ લીયે અમદાવાદ મુકામે.

૧૦ હજરત બાવા ફુજ્જુની સંદલ માહે શાબા… તારીખ ૧૭ મીયે છે. કોચરબ અમદાવાદ મુકામે.

૧૧ વલનશાહ બાવાની સંદલ માહે શાબા… તારીખ ૨૭ મીયે છે. પીરાણા મુકામે.

૧૨ પૂ. શ્રી. “ ખાકી ” સાહેબનું સંદલ તા. ૧૧ મોહરમ.

સત્પંથ પ્રેમિયોને.

સત્પંથનો પ્રેમ હોય ? સત્પંથની વૃદ્ધિ ઇચ્છતા હોવ ! ા પ્રથમ તમારે સત્પંથની ક્રિયાઓ પાળવા તત્પર થવું જ ોઈએ. સાવ સ્વાદ તજી સદ્ગોર આધીન રહેવા હિમ્મત-ાન રહેવું પડે. આમ જગ્તમાં સંડોવાઈ મનગમતી મોજો ાણી સત્પંથી નહી રહી શકાય. (દિન દુનિયાકી મિલ્તી ાતા ? તો એદિન હો કર કોઈનાં જાતા.)

જો જગ્તનાં ફંદમાં રચ્યા પચ્યા રહેશો તો તમે કદી ાણ સત્પંથી હતા એવું સદ્ગોર કદી પણ કબુલ નહિ રે. સત્પંથનું પ્રથમ પગથિયું શરિર શુદ્ધિનું કાર્ય, લાઈ ુતક સાચવવાનાં સ્નાનનાં પ્રયોગો વિધી યુક્ત કરવાનાં, ા સાથે જ હૃદય શુદ્ધિ સારૂ માદક પદાર્થો ત્યાગવાના છે, ામાં લશણ, ડુંગળી, હીંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, ાડી, દારૂ, માંજમ, ચડશ, મોંશાદિ સર્વ પદાર્થોથી વેગળા હેવાનું, એથી જ તમો સત્પંથ પાળવા હિમ્મતવાન થાશો.

જ્યાં સુધી મન તમારૂં માદક પદાર્થોના સેવનથી ર્નિર્બળ રહેલું હશે ત્યાં સુધી સત્પંથની ક્રિયાઓ પાળતા ંટાળો આવવાનો જ. જ્યારે માદક પદાર્થોનો ત્યાગ સંપુ-ણ રીતથી કરશો ત્યારે જ પુરેપુરા બે વરસ વિત્યા બાદ ાન તમારૂં બળવાન થાતું જાશે, ને સત્પંથનાં વિવેકો ક્રિયાઓ ાળવા હિમ્મતવાન થાશે, તમોને દશાંશ પુરી આપવા ંટાળો નહિ આવે, વર્ત (શુક્રરવારી બીજનું) કરતાં સુજ-

વણ નહિ પડે. ચારે વખત જે કરવાનાં, જેને સત્પં
બંદગી કે સંધ્યા કહો તેનો સમય નહિ ચુકાએ. ि
ઘટ પાટની વિધીમાં ગયા વિના, અને અમૃત પિધા ि
નહી જ ચાલે. ધ્યાન પણ શુદ્ધ સાત્વિક બુદ્ધિએથી
નિષ્કલંકી નારાયણનું જ તમોને પ્રાપ્ત થાશે. એ સર્વ ક
પુરેપુરા કરાય છે, તેને જ સત્પંથ કહે છે, ને તે કરનારો
સત્પંથી છે. "કહે શુણે કછુ અરથના સીજે, પાળે જી
છુટે" એ ફર્માન સદ્ગોરનું ધ્યાનમાં રાખવાનું છે.

જ્યાં તમો શુદ્ધ સત્પંથી થયા કે જગત તમારૂં અ
કરણ કરી તમારે પગલે ચાલશે. અહીં (કોમીવાદ નાત, જ
આર, વેહેર કાંઈ જોવાનું) નથી ફકત સાત્વિક પવિત્ર અ
હારે જ સત્પંથી થવાએ છે. જ્યારે સર્વત્ર સત્પંથ, સત
પળાતો જોવાશે ત્યારે જ અનંતનો સંગ પુરો થયેલો જાણું

સાથે સાથે એ પણ જાગવા જોગ છે કે, જેઓ સત
વિધિ યુક્ત પાળતા બનેલા જ્ઞાની સત્પંથી ને અંધ શ
નહિ જ રહે, ઢાંગીને ધુતારાઓથી નહી છેતરાએ, :
તેઓનાં ફંદમાં નહિ જ પડે. એટલે જેઓ સત્પંથ
પાળતા, સત્પંથની ક્રિયાઓ નથી સાચવી, પાળી શ
ને મિથ્યા ઢાંગને આડંબર કરી પોતે પુજ્ય થવાના
કરે છે તેઓને "એ" કદી પણ સત્પંથી નહી લેખે
તેને કદી પણ નહિ માને. ઉલ્ટો મિથ્યાવાદી ઢાંગી
તજી દેશે. જેથી કરી તેવા ઢાંગીયો સત્પંથિયોની નિં
લાગશે, પણ સદ્ગોરનાં વચનાનુસાર વર્તનારા સ:
આશ્રિત સત્પંથિયો એ કદી પણ તેવાઓથી બીહ

ાથી, તે અવશ્ય યાદ રાખવું, ને તેવાઓને કોઈપણ પ્રકારથી ાંઈપણ દેવું નહિ.

ક્રિયા ભ્રસ્ટ સત્પંથનો દ્રોહી કહેવાય, કારણ જો સદ્ગ ારની વાણી ઉપર તેઓની શ્રદ્ધા હોત તો તેઓ કેમ તે માણેનાં ચાલે ? શ્રદ્ધાહીન હોવાથી તેઓ સદ્ગોરના દ્રોહી ખાએ, સદ્ગોરનો દ્રોહિ જ ચંડાળ હોય છે. તે ચંડાળોને ાપી પોષવાથી તેઓ સત્પંથનું નાશ કરે છે, તેથી તેઓને ાપનારાઓ પણ સત્પંથનું નાશ કરનારા લેખાએ, જેથી ી સત્પંથીયો તો તેઓનો સંગ પણ નહી કરે.

અવશ્ય ' એ ' જાણુવા જોગને માનવા જોગ હોવાથી શ્રી સદ્ગોર ! સર્વ સત્પંથિયોના લક્ષમાં રહે તેવી સર્વને ારી પ્રેરણા કરજો. તથાસ્તુ (આમીન)

લી. શુભેચ્છક.
" ખાકી "

લેખકના બે બોલ.

જેસા બાઉ બંધ હે, તેસા આ સંસાર;
આવતા આવે જોરમાં, જાતા ના લાગે વાર. (સત્યં

મારા ચતુર વાંચકો, મારા હક્કમાં એવી ચ
કરજો, જે ઇચ્છાએ આ વર્ણન છપાવી બાહેર પાડયું
સાહેબને પ્રતાપે ફળીભૂત થાઓ.

સાચે થેસો સાચશું, ખેલ ગયે મેંદાન;
કુડાશાહના પામીયા, ફોગટ ફિરા નાદાન. (સત્યં

સત્ય મેવ જય તે

બોલો શ્રી ઈમામશાહ બાવાની જય.

સમાપ્ત

realpatidar.com